# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**આર-૬ શાખા**

જાહેરાત ક્રમાંક : ૧૮/૨૦૨૪-૨૫ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકની નાયબ બાગાયત નિયામક, વર્ગ-૧ ની જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે Online (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ તારીખ- ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:00 કલાક થી તારીખ- ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધી મંગાવવામાં આવે છે. આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યાર બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**૧) પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ, રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસની વિગતો તથા કક્ષાવાર જગ્યાઓ નીચે મુજબ છે.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીનો સૂચિત માસ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૮/૨૦૨૪-૨૫ | નાયબ બાગાયત નિયામક, વર્ગ-૧ | ડીસેમ્બર-૨૦૨૪ | માર્ચ-૨૦૨૫ | મે-૨૦૨૫ |

**૨)**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત | આ. ન. વર્ગ | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિનઅનામત | આ. ન. વર્ગ | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | |
| ૧૮/૨૦૨૪-૨૫ | નાયબ બાગાયત નિયામક, વર્ગ-૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**નોંધ** :

(૧) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય ( જો મહિલા માટે જગ્યા અનામત હોય તો), તો તે જગ્યા તે કક્ષાના પુરૂષ ઉમેદવારને ફાળવી શકાશે.

(૨) જાહેરાત ક્રમાંક: ૧૮/૨૦૨૪-૨૫ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકની નાયબ બાગાયત નિયામક, વર્ગ-૧ માં નીચે કોષ્ટકમાં દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયની અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહીં.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતા પ્રકાર | અનામત જગ્યા |
|---|---|---|---|
| A | અંધત્વ અને ઓછી દ્રષ્ટીની ખામીવાળા દિવ્યાંગો | LV (૪૦% થી ૭૦%) | ૦૦ |
| B | બધિર અને ઓછું સાંભળનાર | D(DEAF) AND HARD OF HEARING (૪૦% થી ૭૦%) | ૦૦ |
| C | મગજના લકવા સહિત હલનચલનની દિવ્યાંગતા, રકતપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલને નબળા સ્નાયુઓવાળા | *BA **Or** *BL, OL, OA, OAL, CP, LC, DW, AAV, SD, SI, | ૦૦ |
| D & E | સ્વલીનતા (austism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી | ASD(M), SLD, MD,MI | ૦૦ |

LV=LOW VISION, D=DEAF, HH= HARD OF HEARING, *BA=BOTH ARMS, *BL=BOTH LEGS, OL=ONE LEG, OA= ONE ARM, OAL=ONE LEG AND ONE ARM AFFECTED, CP=CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw=DWARFISM, AAV=ACID ATTACK VICTIM, SD=SPINE DEFORMITY, SI=SPINE INJURY, ASD=AUSTISM SPECTRUM DISORDER M-MILD, SLD=SPECIFIC LEARNING DISABILITY, MD=MULTIPLE DISABILITIES, MI=MENTAL ILLNESS

*BA **Or** *BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯.૦૬.૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Sectionની શરતોને આધીન રહેશે.

(૩) માજી સૈનિક ઉમેદવારો માટે ઉક્ત જગ્યાઓ પૈકી કોઇ જગ્યા અનામત નથી. ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત થનાર હોય તેવા માજી સૈનિક પ્રસ્તુત જાહેરાતમાં ઉમેદવારી કરી શકશે.

(જાહેરાતની અગત્યની સૂચનાઓના મુદ્દા નં:૦૮ (માજી સૈનિક)માં દર્શાવેલ વિગતો ધ્યાને લેવી.)

**3) ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-**

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાત ક્રમાંક : ૧૮/૨૦૨૪-૨૫ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હસ્તકની નાયબ બાગાયત નિયામક, વર્ગ-૧ ની જગ્યા પર (તારીખ: ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક કલાક) સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર “Online Application” વિકલ્પ પર ક્લિક કરતા “Apply” નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે “DETAILS” બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના “Apply” બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર “Apply Now” બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી “Apply” બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે “SKIP” બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )

Application Format માં સૌ પ્રથમ “Personal Details (ઉમેદવારની માહિતી)” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (★) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) “Personal Details” (ઉમેદવારની માહિતી)” માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે “NOT APPLICABLE” અથવા “NA” અથવા “NO SURNAME” એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - ★ વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” ભરાયા બાદ “Other Details” (અન્ય વિગતો)”માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) “Other Details (અન્ય વિગતો)” ભરાયા બાદ “Language Details (ભાષાની માહિતી)” માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) “Language Details (ભાષાની માહિતી)” ભરાયા બાદ “Upload Photograph (ફોટો અપલોડ કરો)” માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને

Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શાવવાનાં બદલે એકજ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

**નોંધ:–**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

**અરજી ફી ભરવાની પધ્ધતિ:**

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તારીખ: ૦૨/૦૯/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડ્યૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર)

ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

## ૪) <u>ભરતી નિયમો (RULE NO.4) અનુસાર શૈક્ષણિક લાયકાત, અનુભવ અને પગાર ધોરણની વિગતો</u>

| **જાહેરાત ક્રમાંક** | **જગ્યાનું નામ :- નાયબ બાગાયત નિયામક, વર્ગ-૧** | |
|---|---|---|
| ૧૮/૨૦૨૪-૨૫ | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | (B) Possess,-<br><br>"(a) A Ph. D degree in any branch of Horticulture obtained from any of the Agriculture/Horticulture Universities incorporated or established by or under the Central Agriculture/Horticulture Universities Act or a State Agriculture/Horticulture Universities Act in India;<br>**And**<br><br>(i) have about three years' experience on the post not below the rank of Horticulture Officer, Class II, in the Gujarat Horticulture service under the Directorate of Horticulture;<br>**Or**<br><br>(ii) have about three years' separate or combined experience in the field of Horticulture Research/ Horticultural Extension Service/ Horticulture Education/ Horticulture Engineering in the Government/ Government Undertaking/Board/ Corporation/ Local bodies/ Government recognized University/ Government Research Institute/ Limited Company established under the Companies Act, 2013/ University/ Krishi Vigyan Kendra falling under the jurisdiction of Agriculture Technology Research Institutions of the Indian Council of Agriculture Research on the post which can be considered equivalent to the post not below the rank of Horticulture Officer, Class II, in the Gujarat Horticulture Service under the Directorate of Horticulture;<br>**Or**<br><br>"(b) At least a second class post graduate degree in any branch of Horticulture obtained from any of the Agriculture/Horticulture |

| | | |
|---|---|---|
| | | Universities incorporated or established by or under the Central Agriculture/Horticulture Universities Act or State Agriculture/Horticulture Universities Act in India;<br>**And**<br>(i) have about five years' experience on the post not below the rank of Horticulture Officer, Class II, in the Gujarat Horticulture service under the Directorate of Horticulture;<br>**or**<br>(ii) have about five years' separate or combined experience in the field of Horticulture Research/ Horticultural Extension Service/ Horticulture Education/ Horticulture Engineering in the Government/ Government Undertaking/ Board/ Corporation/ Local bodies/ Government recognized University/ Government Research Institute/ Limited Company established under the Companies Act, 2013/ University/ Krishi Vigyan Kendra falling under the jurisdiction of Agriculture Technology Research Institutions of the Indian Council of Agriculture Research on the post which can be considered equivalent to the post not below the rank of Horticulture Officer, Class II, in the. Gujarat Horticulture Service under the Directorate of Horticulture," |
| | | (C) Possesses the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 |
| | | (D) Possesses adequate knowledge of Gujarati or Hindi or Both |
| | પગાર ધોરણ | Rs. 67,700/- Rs. 2,08,700/- (Pay Matrix Level-11) |

**૫) વયમર્યાદા :–** ૪૨ વર્ષથી વધુ નહીં.

(૧) ઉંમર તથા અનુભવ મૂળ જાહેરાતની ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) **નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદ મેળવેલ અનુભવને જ ધ્યાને લેવામા આવશે.** આયોગના તા.૨૩/૦૫/૨૦૨૩ના કચેરી હુકમ મુજબ નિયત થયેલ નમૂના (Format of Experience Certificate for an organization other than Government Organizations) મુજબનું અનુભવનું પ્રમાણપત્ર સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના ઉમેદવારોએ ફરજીયાત રજૂ કરવાનું રહેશે જે આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. (https://gpsc.gujarat.gov.in/Downloads)

(૩) નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | બિન અનામત (સામાન્ય) વર્ગના મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૩ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમા ની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**૬)** Non-Creamy Layer Certificate અને EWS પ્રમાણપત્રો અંગેની અગત્યની સુચના:

૬.૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે -Non Creamy Layer Certificate' આ જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ **(તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪**) સુધીમાં ઇસ્યુ કરાયેલું હોવું જોઈએ. આ સમયગાળા સિવાયનું ઇશ્યુ થયેલુ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિ.

૬.૨) આર્થિક રીતે નબળાં વર્ગો માટે EWS પ્રમાણપત્ર આ જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ **(તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪**) સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઈએ. આ સમયગાળા સિવાયનું ઇસ્યુ થયેલુ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિ.

**૭) નોંધ :**

(૧) આ જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. પ્રાથમિક કસોટીના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા ભરતી નિયમો, આયોગના કચેરી હુકમ અને સરકારની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર નક્કી કરાશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૧૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. સામાન્ય અભ્યાસના ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો અને સંબંધિત વિષયના ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો એમ કુલ ૩૦૦ ગુણના ૩૦૦ પ્રશ્નો રહેશે. આ પ્રાથમિક કસોટી માટે ૧૮૦ મીનીટનો સમય રહેશે.

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૩) પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના ૩૦૦ ગુણમાથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે એટલે કે પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

(૪) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in, https://gpsc-ojas.gujarat.gov.in, પર જોવા વિનંતી છે.

(૫) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/ આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૬) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૭) આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

સહી/-

(ગૌરવ પંડ્યા)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

GPSC

| | |
|---|---|
| | **GUJARAT PUBLIC SERVICE COMMISSION** |
| | SECTOR 10-A, NEAR CHH-3 CIRCLE, CHH ROAD, GANDHINAGAR – 382010 |

R-6 Branch

**Advt. No.: 18/2024-25** Online applications are invited for the post of **DEPUTY DIRECTOR OF HORTICULTURE, CLASS -I** under Agriculture, Farmers Welfare and Co-Operation Department, between date:12/08/2024 13:00 to date:31/08/2024 23:59 Candidates are instructed to visit Notice Board or the Website of the Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

**1) Tentative date/month of Preliminary Test, Result of Preliminary Test, Interview and Category wise vacancies are shown below:**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative month of Primary test | Tentative month of Primary test's result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|
| 1 | 18/2024-25 | DEPUTY DIRECTOR OF HORTICULTURE, CLASS -I | December-2024 | March-2025 | May-2025 |

**2)**

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Physically Disabled | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 18/2024-25 | DEPUTY DIRECTOR OF HORTICULTURE, CLASS -I | 02 | 01 | 00 | 01 | 00 | 00 | 01 | 00 | 01 | 00 | 00 | 00 | 00 |

## 3) Note: -

(1) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(2) Advertisement No: 18/2024-25 DEPUTY DIRECTOR OF HORTICULTURE, CLASS-I, Only Candidates with Disability mentioned in the table below are eligible to apply. Candidates with Disabilities other than those mentioned in the table shall not be eligible to apply.

| Sr. No. | Disabilty | Type of Disability | No. of Post Reserved |
|---|---|---|---|
| A | Blindness and Low Vision | LV (૪૦% થી ৩০%) | 00 |
| B | Deaf, Hard of Hearing | D(DEAF) AND HARD OF HEARING (૪૦% થી ৩০%) | 00 |
| C | Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims | *BA **Or** *BL, OL, OA, OAL, CP, LC, DW, AAV, SD, SI, | 00 |
| D & E | Autism,Intellectual Disability,Specific Subject learning Disabilities and mental illness | ASD(M), SLD, MD,MI | 00 |

LV=LOW VISION, D=DEAF, HH= HARD OF HEARING, *BA=BOTH ARMS, *BL=BOTH LEGS, OL=ONE LEG, OA= ONE ARM, OAL=ONE LEG AND ONE ARM AFFECTED, CP=CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw=DWARFISM, AAV=ACID ATTACK VICTIM, SD=SPINE DEFORMITY, SI=SPINE INJURY, ASD=AUSTISM SPECTRUM DISORDER M-MILD, SLD=SPECIFIC LEARNING DISABILITY, MD=MULTIPLE DISABILITIES, MI=MENTAL ILLNESS

*Appointment of candidates with *BA Or *BL type of disability will be subject to the conditions of Social Justice and Empowerment Department Resolution no:-SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Section, dated:09/06/2023.

(3) No post is reserved for Ex-Servicemen Candidate.Persons who are retiring as Ex-Servicemen within one year from the last date of online application can apply in the said advertisement. (Note: Consider the details mentioned in Patagraph No 08 (Ex-Servicemen) of important Notices of this Advertisement.)

(4) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(5) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(6) The online application is "Editable" till the last date & time of advertisement. Hence the candidates are requested to submit only one application for each advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the "Edit" option and update the details till the last date & time of Application. Do not make a new application.

(7) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(8) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission.

(9) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview.

(10) After publishing the list of ineligible candidates, the applications/documents of any candidate will not be accepted by the commission.

(11) Candidates are requested not to send physical copy of the application to the Commission as of now. Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website https://gpsc-iass.gujarat.gov.in/ within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/ Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

## 4) Educational Qualification, Experience and Pay Scale Details as per recruitment rules (RULE – 4)

| **Advt. No.** | **Name of Post :- DEPUTY DIRECTOR OF HORTICULTURE, CLASS -I** | |
|---|---|---|
| 18/2024-25 | Educational Qualification & Experience | (B) Possess,-<br><br>"(a) A Ph. D degree in any branch of Horticulture obtained from any of the Agriculture/Horticulture Universities incorporated or established by or under the Central Agriculture/Horticulture Universities Act or a State Agriculture/Horticulture Universities Act in India;<br>**And**<br>(i) have about three years' experience on the post not below the rank of Horticulture Officer, Class II, in the Gujarat Horticulture service under the Directorate of Horticulture;<br><br>**or**<br>(ii) have about three years' separate or combined experience in the field of Horticulture Research/ Horticultural Extension Service/ Horticulture Education/ Horticulture Engineering in the Government/ Government Undertaking/Board/ Corporation/ Local bodies/ Government recognized University/ Government |

| | | |
|---|---|---|
| | | Research Institute/ Limited Company established under the Companies Act, 2013/ University/ Krishi Vigyan Kendra falling under the jurisdiction of Agriculture Technology Research Institutions of the Indian Council of Agriculture Research on the post which can be considered equivalent to the post not below the rank of Horticulture Officer, Class II, in the Gujarat Horticulture Service under the Directorate of Horticulture;<br><br>**Or**<br><br>"(b) At least a second class post graduate degree in any branch of Horticulture obtained from any of the Agriculture/Horticulture Universities incorporated or established by or under the Central Agriculture/Horticulture Universities Act or State Agriculture/Horticulture Universities Act in India;<br><br>**And**<br><br>(i) have about five years' experience on the post not below the rank of Horticulture Officer, Class II, in the Gujarat Horticulture service under the Directorate of Horticulture;<br><br>**Or**<br><br>(ii) have about five years' separate or combined experience in the field of Horticulture Research/ Horticultural Extension Service/ Horticulture Education/ Horticulture Engineering in the Government/ Government Undertaking/ Board/ Corporation/ Local bodies/ Government recognized University/ Government Research Institute/ Limited Company established under the Companies Act, 2013/ University/ Krishi Vigyan Kendra falling under the jurisdiction of Agriculture Technology Research Institutions of the Indian Council of Agriculture Research on the post which can be considered equivalent to the post not below the rank of Horticulture Officer, Class II, in the. Gujarat Horticulture Service under the Directorate of Horticulture," |
| | | (C) Possesses the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 |
| | | (D) Possesses adequate knowledge of Gujarati or Hindi or Both |
| | Pay Scale | Rs. 67,700/- Rs. 2,08,700/- (Pay Matrix Level-11) |

**5)** **<u>Age :</u>** Not be more than 42 years.

(1) Age and Experience will be calculated as on the last date of online application.

(2) Experience will be counted from the date of obtaining the prescribed educational qualification. As per Commission's office order dated 23/05/2023, it is mandatory for the candidates other than government employees/officers to submit experience certificate in the prescribed format (Format of Experience Certificate for an organization other than Government Organizations) Which is available on commission's website :https://gpsc.gujarat.gov.in/Downloads.

(3) Upper Age limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | Women Candidates belonging to Unreserved(General) category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Candidate belonging EWS, S.E.B.C., S.C., S.T. category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate belonging EWS, S.E.B.C., S.C., S.T. category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman) (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | Length of Military Service plus three years |
| 5 | Physically Disabled | 10 Years (Maximum Up to 45 Years) |
| 6 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 and amendment from time to time, A candidate who is already in Gujarat Govt. service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is not prescribed as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or, Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

**(6)** Non-Creamy Layer Certificate and EWS certificate:

6.1) Non Creamy Layer Certificate must be issued between **Date: 01/04/2022 to Date: 31/08/2024.** Certificate issued other than this period will not be considered valid for advertisement.

6.2) EWS Certificate must be issued between **Date: 01/09/2021 to Date: 31/08/2024.** Certificate issued other than this period will not be considered valid for advertisement.

**(7) Note:**

(1) Exam Pattern: Candidates will be selected for appointment to these posts by conducting a Preliminary test and interview. Candidates will be declared eligible for the interview after scrutinizing the required applications as per the Preliminary test marks. If the candidate gets less than 15% marks in the Preliminary test, he/she will not be considered eligible for interview. The medium of this test will be decided by the Commission. The Preliminary test will usually be held at Gandhinagar/ Ahmedabad and candidates will have to be present at their own expense. The Preliminary test will consist of 100 questions of 100 marks of General Studies and 200 questions of 200 marks of the Respective Subject.Total 300 questions of 300 marks. Time Duration for Preliminary test will be 180 minutes.

(2) As per the Instruction/Provision of the Commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

(3) The Weighted Marks of Preliminary Test & Interview are calculated as follows: - [Marks obtained in P.T. X 50/300 = Weighted Marks of Preliminary Test] + [Marks obtained in Interview X 50/100 = Weighted Marks of Interview] = Total Weighted Marks.

(4) The syllabus of a Preliminary Test for various posts are available on the Commission's website http://gpsc.gujarat.gov.in

(5) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

(6) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

(7) Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

(8) Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online

mode as Application Fees. While Candidates belonging to reserved categories and Economically Weaker Section of Unreserved category of Gujarat State, Ex-Servicemen and physically disabled candidates have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee.

**Note:** Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online and fees payment.

Sd/-
(Gaurav Pandya)
Joint Secretary
Gujarat Public Service Commission

GPSC

## જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

### ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

### ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઓફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩)અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪)જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫)જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ

ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર

પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:–

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :–

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ્તા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,
(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મે**ળવેલ** અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

(૬) અરજી ચકાસણી સમયે સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના ઉમેદવારોએ ફરજિયાતપણે આયોગ દ્વારા તા.૨૪.૦૫.૨૦૨૩ અગત્યની જાહેરાતમાં સામેલ નમૂના (https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf) મુજબનું અનુભવ અપલોડ કરવાનું રહેશે.

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :–

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇશ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮)સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ **માજી સૈનિક :-**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :–

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩)વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન:લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે “વિધવા” ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે “વિધવા”બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને “વિધવા મહિલા ઉમેદવાર” તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:–

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર,અન્ય કોઇપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (Local Self-Government Institution), સહકારી સંસ્થાઓ (Co-operative Institution/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :–

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :–

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઈઓ :–

(અ) **સીધી પસંદગીથી ભરતી**

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:–

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો(Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ **નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫)અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ “આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન”ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાંઆવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ “ના-વાંધા પ્રમાણપત્ર” નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જ્ગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ **નિમણૂક :-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને

પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,
(૨) નામ બદલીને પરીક્ષા આપવી,
(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,
(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,
(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,
(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,
(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેક્ટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,
(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા
(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.
    (ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા
    (ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે
        (૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને
        (૨) રાજ્ય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને
    (ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.
(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને
        (૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,
        (૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને
        (૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

**************************************

# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**આર-૬ શાખા**

જાહેરાત ક્રમાંક : ૧૯/૨૦૨૪-૨૫ ગૃહ વિભાગ હસ્તકની સાયન્ટિફિક ઓફિસર (ફોરેન્સિક સાયકોલોજી જૂથ), વર્ગ-૨ની જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે Online (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ તારીખ- ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:00 કલાક થી તારીખ- ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધી મંગાવવામાં આવે છે. આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યાર બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**૧) પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ, રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસની વિગતો તથા કક્ષાવાર જગ્યાઓ નીચે મુજબ છે.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીની સૂચિત માસ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯/૨૦૨૪-૨૫ | સાયન્ટિફિક ઓફિસર (ફોરેન્સિક સાયકોલોજી જૂથ), વર્ગ-૨ | ડીસેમ્બર-૨૦૨૪ | માર્ચ-૨૦૨૫ | મે-૨૦૨૫ |

**૨)**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત | આ. ન. વર્ગ | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિનઅનામત | આ. ન. વર્ગ | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | |
| ૧૯/૨૦૨૪-૨૫ | સાયન્ટિફિક ઓફિસર (ફોરેન્સિક સાયકોલોજી જૂથ), વર્ગ-૨ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**નોંધ** :

(૧) જાહેરાત ક્રમાંક: ૧૯/૨૦૨૪-૨૫ સાયન્ટિફિક ઓફિસર (ફોરેન્સિક સાયકોલોજી જૂથ), વર્ગ-૨ માં નીચે કોષ્ટકમાં દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયની અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહીં.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતા પ્રકાર | અનામત જગ્યા |
|---|---|---|---|
| B | બધિર અને ઓછું સાંભળનાર | D(DEAF) AND HARD OF HEARING (HH- ૪૦% થી ૭૦%) | ૦૦ |
| C | મગજના લકવા સહિત હલનચલનની દિવ્યાંગતા, રકતપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલને નબળા સ્નાયુઓવાળા | *BA **Or** *BL, OL, OA, CP, LC, DW, AAV, SD, SI, | ૦૦ |
| D & E | સ્વલીનતા (austism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી | SLD, MI, MD | ૦૦ |

D=DEAF, HH= HARD OF HEARING, *BA=BOTH ARMS, *BL=BOTH LEGS, OL=ONE LEG, OA= ONE ARM, CP=CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw=DWARFISM, AAV=ACID ATTACK VICTIM, SD=SPINE DEFORMITY, SI=SPINE INJURY, SLD=SPECIFIC LEARNING DISABILITY, MD=MULTIPLE DISABILITIES, MI=MENTAL ILLNESS

#Mobility and bilateral hand activities of the person should be adequate.

*BA **Or** *BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯.૦૬.૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Sectionની શરતોને આધીન રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારો માટે ઉક્ત જગ્યાઓ પૈકી કોઇ જગ્યા અનામત નથી. ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત થનાર હોય તેવા માજી સૈનિક પ્રસ્તુત જાહેરાતમાં ઉમેદવારી કરી શકશે.

(જાહેરાતની અગત્યની સૂચનાઓના મુદ્દા નં:૦૮ (માજી સૈનિક)માં દર્શાવેલ વિગતો ધ્યાને લેવી.)

**૩) ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-**

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર જાહેરાત ક્રમાંક : ૧૯/૨૦૨૪-૨૫ ગૃહ વિભાગ હસ્તકની સાયન્ટિફિક ઓફિસર (ફોરેન્સિક સાયકોલોજી જૂથ), વર્ગ-૨ ની જગ્યા પર (તારીખ: ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક કલાક) સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર કિલક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં કિલક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર કિલક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર કિલક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર કિલક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર કિલક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર કિલક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર કિલક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )

Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (★) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - ★ વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજ્ય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ

કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગુ પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શવવાનાં બદલે એકજ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

**નોંધ:-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિ. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

**અરજી ફી ભરવાની પધ્ધતિ:**

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા

ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તારીખ: ૦૨/૦૯/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડ્યૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

## ૪) ભરતી નિયમો અનુસાર શૈક્ષણિક લાયકાત, અનુભવ અને પગાર ધોરણની વિગતો

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ :- સાયન્ટિફિક ઓફિસર (ફોરેન્સિક સાયકોલોજી જૂથ), વર્ગ-૨ | |
|---|---|---|
| ૧૯/૨૦૨૪-૨૫ | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | **(b) possess –**<br>(i) a post graduate degree in Phychology or Clinical Phychology or Neuro Phychology or Forensic Phychology or Investigation Phychology obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956;<br>**or**<br>(ii) a bachelor's degree with Phychology as a principal subject obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act India; or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956;<br>**and**<br>(A) have about two years' experience on the post not below the rank of Laboratory Technician, Class III, in the subordinate service of the Directorate of Forensic Science, Gujarat State in the respective group of sections/divisions of the Forensic Science Laboratory;<br>**or**<br>(B) have about two years' experience of reseach or analytical work in the respective subject in the Government or local bodies or Government Undertaking Board or corporation or Private or Public sector laboratory or research institute or limited company established under the Companies Act, 2013 or University or college on the post which can be considered equivalent to the post not below the rank of the Laboratory Technician, Class III, in the subordinate service of the Directorate of Forensic Science, Gujarat State;" |
| | | (C) Possesses the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 |
| | | (D) Possesses adequate knowledge of Gujarati or Hindi or Both |
| | પગાર ધોરણ | Pay scale Rs. 44,900-1,42,400/- [Level-08] |

**૫) વયમર્યાદા :-** ૩૭ વર્ષથી વધુ નહીં.

(૧) ઉંમર તથા અનુભવ મૂળ જાહેરાતની ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) **નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદ મેળવેલ અનુભવને જ ધ્યાને લેવામા આવશે.** આયોગના તા.૨૩/૦૫/૨૦૨૩ના કચેરી હુકમ મુજબ નિયત થયેલ નમૂના (Format of Experience Certificate for an organization other than Government Organizations) મુજબનું અનુભવનું પ્રમાણપત્ર સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના ઉમેદવારોએ ફરજીયાત રજૂ કરવાનું રહેશે જે આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. (https://gpsc.gujarat.gov.in/Downloads)

(૩) નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | બિન અનામત (સામાન્ય) વર્ગના મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૩ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમા ની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**૬)** Non-Creamy Layer Certificate અને EWS પ્રમાણપત્રો અંગેની અગત્યની સુચના:

૬.૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે -Non Creamy Layer Certificate' આ જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ **(તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪)** સુધીમાં ઇસ્યુ કરાયેલું હોવું જોઈએ. આ સમયગાળા સિવાયનું ઇશ્યુ થયેલુ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિ.

૬.૨) આર્થિક રીતે નબળાં વર્ગો માટે EWS પ્રમાણપત્ર આ જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ **(તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪)** સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઈએ. આ સમયગાળા સિવાયનું ઇસ્યુ થયેલુ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિ.

**૭) નોંધ :**

(૧) આ જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. પ્રાથમિક કસોટીના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા ભરતી નિયમો, આયોગના કચેરી હુકમ અને સરકારની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર નક્કી કરાશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૧૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. સામાન્ય અભ્યાસના ૧૦૦ ગુણના ૧00 પ્રશ્નો અને સંબંધિત વિષયના ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો એમ કુલ 300 ગુણના 300 પ્રશ્નો રહેશે. આ પ્રાથમિક કસોટી માટે ૧૮૦ મીનીટનો સમય રહેશે.

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૩) પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના 300 ગુણમાથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે એટલે કે પ્રાથમિક કસોટીમાં 300 ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

(૪) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in, https://gpsc-ojas.gujarat.gov.in, પર જોવા વિનંતી છે.

(૫) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/ આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૬) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૭) આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(ગૌરવ પંડ્યા)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

SECTOR 10-A, NEAR CHH-3 CIRCLE, CHH ROAD,

GANDHINAGAR – 382010

R-6 Branch

**Advt. No.: 19/2024-25** Online applications are invited for the post of **Scientific Officer (in the Directorate of Forensic Science), Class-II** under Home Department, between date:12/08/2024 13:00 to date:31/08/2024 23:59 Candidates are instructed to visit Notice Board or the Website of the Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

**1) Tentative date/month of Preliminary Test, Result of Preliminary Test, Interview and Category wise vacancies are shown below:**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative month of Primary test | Tentative month of Primary test's result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|
| 1 | 19/2024-25 | Scientific Officer (in the Directorate of Forensic Science), Class-II | December-2024 | March-2025 | May-2025 |

**2)**

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Physically Disabled | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 19/2024-25 | Scientific Officer (in the Directorate of Forensic Science), Class-II | 02 | 02 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |

## 3) Note: -

(1) Advertisement No: 19/2024-25 Scientific Officer (in the Directorate of Forensic Science), Class-II, Only Candidates with Disability mentioned in the table below are eligible to apply. Candidates with Disabilities other than those mentioned in the table shall not be eligible to apply.

| Sr. No. | Disabilty | Type of Disability | No. of Post Reserved |
|---|---|---|---|
| B | Deaf, Hard of Hearing | D(DEAF) AND HARD OF HEARING (HH- 40% થી 70%) | 00 |
| C | Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims | *BA **Or** *BL, OL, OA, CP, LC, DW, AAV, SD, SI, | 00 |
| D & E | Autism,Intellectual Disability,Specific learning Disabilities and mental illness | SLD, MI, MD | 00 |

D=DEAF, HH= HARD OF HEARING, *BA=BOTH ARMS, *BL=BOTH LEGS, OL=ONE LEG, OA= ONE ARM, CP=CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw=DWARFISM, AAV=ACID ATTACK VICTIM, SD=SPINE DEFORMITY, SI=SPINE INJURY, SLD=SPECIFIC LEARNING DISABILITY, MD=MULTIPLE DISABILITIES, MI=MENTAL ILLNESS

#Mobility and bilateral hand activities of the person should be adequate.

*Appointment of candidates with *BA Or *BL type of disability will be subject to the conditions of Social Justice and Empowerment Department Resolution no:-SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Section, dated:09/06/2023.

(2) No post is reserved for Ex-Servicemen Candidate.Persons who are retiring as Ex-Servicemen within one year from the last date of online application can apply in the said advertisement. (Note: Consider the details mentioned in Patagraph No 08 (Ex-Servicemen) of important Notices of this Advertisement.)

(3) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(4) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(5) The online application is "Editable" till the last date & time of advertisement. Hence the candidates are requested to submit only one application for each advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the "Edit" option and update the details till the last date & time of Application. Do not make a new application.

(6) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(7) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission.

(8) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview.

(9) After publishing the list of ineligible candidates, the applications/documents of any candidate will not be accepted by the commission.

(10) Candidates are requested not to send physical copy of the application to the Commission as of now. Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website https://gpsc-iass.gujarat.gov.in/ within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/ Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

## 4) Educational Qualification, Experience and Pay Scale Details as per recruitment rules .

| **Advt. No.** | **Name of Post :- Scientific Officer (in the Directorate of Forensic Science), Class-II** | |
|---|---|---|
| 19/2024-25 | Educational Qualification & Experience | **(b) possess –**<br><br>(i) a post graduate degree in Phychology or Clinical Phychology or Neuro Phychology or Forensic Phychology or Investigation Phychology obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956;<br><br>**or**<br><br>(ii) a bachelor's degree with Phychology as a principal subject obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act India; or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956;<br><br>**and**<br><br>(A) have about two years' experience on the post not below the rank of Laboratory Technician, Class III, in the subordinate service of the Directorate of Forensic Science, Gujarat State in the respective group of sections/divisions of the Forensic Science Laboratory;<br><br>**or**<br><br>(B) have about two years' experience of reseach or analytical work in the respective subject in the Government or local bodies or Government Undertaking Board or corporation or Private or Public sector laboratory or research institute or limited company established under the Companies Act, 2013 or University or college on the post which can be considered equivalent to the post not below the rank of the Laboratory Technician, Class III, in the subordinate service of the Directorate of Forensic Science, Gujarat State;" |

| | | |
|---|---|---|
| | | (C) Possesses the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 |
| | | (D) Possesses adequate knowledge of Gujarati or Hindi or Both |
| | Pay Scale | Pay scale Rs. 44,900-1,42,400/- [Level-08] |

**5) Age:** Not be more than 37 years.

(1) Age and Experience will be calculated as on the last date of online application.

(2) Experience will be counted from the date of obtaining the prescribed educational qualification. As per Commission's office order dated 23/05/2023, it is mandatory for the candidates other than government employees/officers to submit experience certificate in the prescribed format (Format of Experience Certificate for an organization other than Government Organizations) Which is available on commission's website :https://gpsc.gujarat.gov.in/Downloads.

(3) Upper Age limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | Women Candidates belonging to Unreserved(General) category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Candidate belonging EWS, S.E.B.C., S.C., S.T. category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate belonging EWS, S.E.B.C., S.C., S.T. category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman) (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | Length of Military Service plus three years |
| 5 | Physically Disabled | 10 Years (Maximum Up to 45 Years) |
| 6 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 and amendment from time to time, A candidate who is already in Gujarat Govt. service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is not prescribed as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or, Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

**(6)** Non-Creamy Layer Certificate and EWS certificate:

6.1) Non Creamy Layer Certificate must be issued between **Date: 01/04/2022 to Date: 31/08/2024.** Certificate issued other than this period will not be considered valid for advertisement.

6.2) EWS Certificate must be issued between **Date:01/09/2021 to Date: 31/08/2024.** Certificate issued other than this period will not be considered valid for advertisement.

**(7) Note:**

(1) Exam Pattern: Candidates will be selected for appointment to these posts by conducting a Preliminary test and interview. Candidates will be declared eligible for the interview after scrutinizing the required applications as per the Preliminary test marks. If the candidate gets less than 15% marks in the Preliminary test, he/she will not be considered eligible for interview. The medium of this test will be decided by the Commission. The Preliminary test will usually be held at Gandhinagar/ Ahmedabad and candidates will have to be present at their own expense. The Preliminary test will consist of 100 questions of 100 marks of General Studies and 200 questions of 200 marks of the Respective Subject.Total 300 questions of 300 marks. Time Duration for Preliminary test will be 180 minutes.

(2) As per the Instruction/Provision of the Commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

(3) The Weighted Marks of Preliminary Test & Interview are calculated as follows: - [Marks obtained in P.T. X 50/300 = Weighted Marks of Preliminary Test] + [Marks obtained in Interview X 50/100 = Weighted Marks of Interview] = Total Weighted Marks.

(4) The syllabus of a Preliminary Test for various posts are available on the Commission's website http://gpsc.gujarat.gov.in

(5) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

(6) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity /

equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

(7) Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

(8) Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees. While Candidates belonging to reserved categories and Economically Weaker Section of Unreserved category of Gujarat State, Ex-Servicemen and physically disabled candidates have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee.

**Note:** Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online and fees payment.

(Gaurav Pandya)
Joint Secretary
Gujarat Public Service Commission

## જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

### ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

### ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઓફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩)અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪)જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫)જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ

ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર
પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:–

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :–

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ્તા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,
(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મે**ળવેલ** અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

(૬) અરજી ચકાસણી સમયે સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના ઉમેદવારોએ ફરજિયાતપણે આયોગ દ્વારા તા.૨૪.૦૫.૨૦૨૩ અગત્યની જાહેરાતમાં સામેલ નમૂના (https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf) મુજબનું અનુભવ અપલોડ કરવાનું રહેશે.

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :–

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮)સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ માજી સૈનિક :-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩)વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન:લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા"બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર,અન્ય કોઇપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (Local Self-Government Institution), સહકારી સંસ્થાઓ (Co-operative Institution/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :–

(અ) **સીધી પસંદગીથી ભરતી**

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:–

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો(Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫)અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ “આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન”ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાંઆવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ “ના-વાંધા પ્રમાણપત્ર” નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને

પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,
(૨) નામ બદલીને પરીક્ષા આપવી,
(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,
(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,
(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,
(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,
(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેક્ટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,
(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા
(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.
    (ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા
    (ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે
        (૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને
        (૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને
    (ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.
(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને
    (૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,
    (૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને
    (૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

*************************************

| | |
|---|---|
| | # ગુજરાત જાહેર સેવા આયોગ |
| | **સેકટર ૧૦–એ, છ–૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦** |

**આર–૬ શાખા**

**જાહેરાત ક્રમાંક :૨૦/૨૦૨૪–૨૫** ક્લાઇમેંટ ચેન્જ વિભાગ હસ્તકની **ટેકનિકલ એડવાઇઝર, વર્ગ–૧**ની જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે Online (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ **તારીખ-૧૨/૦૮/૨૦૨૪, ૧૩:00 કલાક થી તારીખ–૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯** કલાક સુધી મંગાવવામાં આવે છે. આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યાર બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**૧) પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ, રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસની વિગતો તથા કક્ષાવાર જગ્યાઓ નીચે મુજબ છે.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીનો સૂચિત માસ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦/૨૦૨૪-૨૫ | ટેકનિકલ એડવાઇઝર, વર્ગ-૧ | જાન્યુઆરી-૨૦૨૫ | માર્ચ-૨૦૨૫ | જુલાઇ-૨૦૨૫ |

**૨)**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | બિનઅનામત | આ. ન. વર્ગ | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિનઅનામત | આ. ન. વર્ગ | સા.શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | |
| ૨૦/૨૦૨૪-૨૫ | ટેકનિકલ એડવાઇઝર, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**નોંધ** :

(૧) જાહેરાત ક્રમાંક: ૨૦/૨૦૨૪-૨૫ ક્લાઇમેંટ ચેન્જ વિભાગ હસ્તકના **ટેકનિકલ એડવાઇઝર, વર્ગ–૧**માં નીચે કોષ્ટકમાં દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયની અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહીં.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતા પ્રકાર | અનામત જગ્યા |
|---|---|---|---|
| b | બધિર અને ઓછું સાંભળનાર | D(DEAF) AND HH (HARD OF HEARING) ૪૦% થી ૧૦૦%) | 00 |
| c | મગજના લકવા સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલને નબળા સ્નાયુઓવાળા | *BA **Or** BL, OL, CP, LC, DW, AAV, SD, SI, | 00 |
| d | સ્વલીનતા (austism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી | ASD(M),SLD, MI | 00 |
| e | બહેરાશ- અંધત્વ સહિતની ખંડ (a) થી (d) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા. | MD involving (b) to (d) above. | 00 |

D=DEAF, HH= HARD OF HEARING, *BA=BOTH ARMS, BL=BOTH LEGS, OL=ONE LEG, CP=CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw=DWARFISM, AAV=ACID ATTACK VICTIM, SD=SPINE DEFORMITY,ASD(M)-Autism Spectrum disorder, SI=SPINE INJURY, SLD=SPECIFIC LEARNING DISABILITY, MI=MENTAL ILLNESS, MD=MULTIPLE DISABILITIES.

*BA Or BL પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોની નિમણૂક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯.૦૬.૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Sectionની શરતોને આધીન રહેશે.

(૨) માજી સૈનિક ઉમેદવારો માટે ઉક્ત જગ્યાઓ પૈકી કોઇ જગ્યા અનામત નથી. ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત થનાર હોય તેવા માજી સૈનિક પ્રસ્તુત જાહેરાતમાં ઉમેદવારી કરી શકશે.

(જાહેરાતની અગત્યની સૂચનાઓના મુદ્દા નં:૦૮ (માજી સૈનિક)માં દર્શાવેલ વિગતો ધ્યાને લેવી.)

## ૩) ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **જાહેરાત ક્રમાંક : ૨૦/૨૦૨૪-૨૫** ક્લાઇમેંટ ચેન્જ વિભાગ હસ્તકની **ટેકનિકલ એડવાઇઝર, વર્ગ-૧** ની જગ્યા પર (**તારીખ: ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક કલાક**) સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર “Online Application” વિકલ્પ પર ક્લિક કરતા “Apply” નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે “DETAILS” બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના “Apply” બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર “Apply Now” બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી “Apply” બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે “SKIP” બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )

Application Format માં સૌ પ્રથમ “Personal Details (ઉમેદવારની માહિતી)” ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (★) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) “Personal Details” (ઉમેદવારની માહિતી)” માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે “NOT APPLICABLE” અથવા “NA” અથવા “NO SURNAME” એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - ★ વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) “Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)” ભરાયા બાદ “Other Details” (અન્ય વિગતો)”માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજ્ય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) “Other Details (અન્ય વિગતો)” ભરાયા બાદ “Language Details (ભાષાની માહિતી)” માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) “Language Details (ભાષાની માહિતી)” ભરાયા બાદ “Upload Photograph (ફોટો અપલોડ કરો)” માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) “Choose File” Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને “Open” Button ને click કરો. હવે “Choose File” Button ની નીચે “Upload “ Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) “Upload Photograph (ફોટો અપલોડ કરો)” ભરાયા બાદ “Upload Signature (સહી અપલોડ કરો)” માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ

કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શાવવાનાં બદલે એકજ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

**નોંધ:-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા

ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તારીખ: ૦૨/૦૯/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડ્યૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

## ૪) **ભરતી નિયમો (Rule-3) અનુસાર શૈક્ષણિક લાયકાત, અનુભવ અને પગાર ધોરણની વિગતો.**

| **જાહેરાત ક્રમાંક** | **જગ્યાનું નામ :- ટેકનિકલ એડવાઇઝર, વર્ગ–૧** | |
|---|---|---|
| ૨૦/૨૦૨૪-૨૫ | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | (b) (i) possess a Ph. D. in Climate Change / Environment Management/ Environment Science/ Energy Management obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act 1956; and<br><br>(ii) have about eight years experience in the field of Climate Change / Environment Management / Environment Science/ Energy Management in Government/Government undertaking/Board/Corporation/ Limited company established under the Companies Act, 2013 on the post which can be considered equivalent to the post not below the rank of Class II, Gazetted officer in Government of Gujarat.<br><br>or<br><br>(c) (i) possess Masters Degree in Climate Change/Environment Management /Environment Science/ Energy Management obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act 1956; and<br><br>(ii) Have about ten years experience in the field of Climate Change/ Environment Management / Environment Science/Energy Management in Government/Government undertaking/Board/Corporation/ Limited company established under the Companies Act, 2013; on the post which can be considered equivalent to the post not below the rank of Class II, Gazetted officer in Government of Gujarat. |
| | | (d) Possesses the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 |
| | | (e) Possesses adequate knowledge of Gujarati or Hindi or both. |
| | પગાર ધોરણ | Pay scale: Rs. 1,23,100 - 2,15,900/- [Level-13] |

## ૫) **વયમર્યાદા :- ૪૭ વર્ષથી વધુ નહીં.**

(૧) ઉંમર તથા અનુભવ મૂળ જાહેરાતની ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) **નિયત શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કર્યા બાદ મેળવેલ અનુભવને જ ધ્યાને લેવામા આવશે.** આયોગના તા.૨૩/૦૫/૨૦૨૩ના કચેરી હુકમ મુજબ નિયત થયેલ નમૂના (Format of Experience Certificate for an organization other than Government Organizations) મુજબનું અનુભવનું પ્રમાણપત્ર સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના ઉમેદવારોએ ફરજીયાત રજૂ કરવાનું રહેશે જે આયોગની વેબસાઇટ પર ઉપલબ્ધ છે. (https://gpsc.gujarat.gov.in/Downloads)

(૩) નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાએ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમા ની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**૬)** Non-Creamy Layer Certificate અને EWS પ્રમાણપત્રો અંગેની અગત્યની સુચના:

૬.૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે -Non Creamy Layer Certificate' આ જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ **(તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪)** સુધીમાં ઇસ્યુ કરાયેલું હોવું જોઈએ. આ સમયગાળા સિવાયનું ઇશ્યુ થયેલુ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિ.

૬.૨) આર્થિક રીતે નબળાં વર્ગો માટે EWS પ્રમાણપત્ર આ જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ **(તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪)** સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવું જોઈએ. આ સમયગાળા સિવાયનું ઇસ્યુ થયેલુ પ્રમાણપત્ર માન્ય રાખવામાં આવશે નહિ.

**૭) નોંધ :**

(૧) આ જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. પ્રાથમિક કસોટીના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા ભરતી નિયમો, આયોગના કચેરી હુકમ અને સરકારની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર નક્કી કરાશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૧૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. સામાન્ય અભ્યાસના ૧૦૦ ગુણના ૧00 પ્રશ્નો અને સંબંધિત વિષયના ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો એમ કુલ 300 ગુણના 300 પ્રશ્નો રહેશે. આ પ્રાથમિક કસોટી માટે ૧૮૦ મીનીટનો સમય રહેશે.

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦3 | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦3 ગણા |

(૩) પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના 300 ગુણમાથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે એટલે કે પ્રાથમિક કસોટીમાં 300 ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

(૪) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in, https://gpsc-ojas.gujarat.gov.in, પર જોવા વિનંતી છે.

(૫) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/ આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૬) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રહેશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૭) આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(ગૌરવ પંડ્યા)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

GPSC

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

SECTOR 10-A, NEAR CHH-3 CIRCLE, CHH ROAD,

GANDHINAGAR – 382010

R-6 Branch

**Advt. No.: 20/2024-25** Online applications are invited for the post of **Technical Advisor, Class-I** in the General State Service,under the Climate Change Department between **date:12/08/2024 13:00 to date:31/08/2024 23:59** Candidates are instructed to visit Notice Board or the Website of the Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

## 1) Tentative date/month of Preliminary Test, Result of Preliminary Test, Interview and Category wise vacancies are shown below:

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative month of Primary test | Tentative month of Primary test's result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|
| 1 | 20 /2024-25 | Technical Advisor, Class-I | January-2025 | March-2025 | July-2025 |

## 2)

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Physically Disabled | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 20/2024-25 | Technical Advisor, Class-I | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |

## 3) Note: -

(1) **Advertisement No:20/2024-25 Technical Advisor, Class-I**, under the Climate Change Department, Only Candidates with Disability mentioned in the table below is eligible to apply. Candidates with Disabilities other than those mentioned in the table shall not be eligible to apply.

| Sr. No. | Disabilty | Type of Disability | No. of Post Reserved |
|---|---|---|---|
| b | Deaf, Hard of Hearing | D(DEAF) AND HARD OF HEARING (HH- 40% to 100%) | 00 |
| c | Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims | *BA Or BL, OL,CP, LC, DW, AAV,SD, SI, | 00 |

| | | | |
|---|---|---|---|
| d | Autism,Intellectual Disability,Specific learning Disabilities and mental illness | ASD(M), SLD, MI, | 00 |
| e | More than one type of disability from a person under clause (a) to (d) including blindness-deafness. | MD involving (b) to (d) above. | 00 |

D=DEAF, HH= HARD OF HEARING, *BA=BOTH ARMS, BL=BOTH LEGS, OL=ONE LEG, CP=CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw=DWARFISM, AAV=ACID ATTACK VICTIM, SD=SPINE DEFORMITY, SI=SPINE INJURY, ASD(M)-Autism Spectrum disorder, SLD=SPECIFIC LEARNING DISABILITY, MI=MENTAL ILLNESS, MD=MULTIPLE DISABILITIES.

*Appointment of candidates with *BA Or *BL type of disability will be subject to the conditions of Social Justice and Empowerment Department Resolution no:- SJED/DIA/e-file/17/2023/1761/CHH-1 Section, dated:09/06/2023.

(2) No post is reserved for Ex-Servicemen Candidate.Persons who is retiring as Ex-Servicemen within one year from the last date of online application can apply in the said advertisement. (Note: Consider the details mentioned in Patagraph No 08 (Ex-Servicemen) of important Notices of this Advertisement.)

(3) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(4) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(5) The online application is "Editable" till the last date & time of advertisement. Hence the candidates are requested to submit only one application for each advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the"Edit" option and update the details till the last date & time of Application. Do not make a new application.

(6) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(7) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission.

(8) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview.

(9) After publishing the list of ineligible candidates, the applications/documents of any candidate will not be accepted by the commission.

(10) Candidates are requested not to send physical copy of the application to the Commission as of now. Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission’s website https://gpsc-iass.gujarat.gov.in/ within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/ Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

## 4) Educational Qualification, Experience and Pay Scale Details as per recruitment Rules-3

| Advt. No. | Name of Post :- Technical Advisor, Class-I | |
|---|---|---|
| 20 /2024-25 | Educational Qualification & Experience | (b) (i) possess a Ph. D. in Climate Change / Environment Management/ Environment Science/ Energy Management obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act 1956; and<br><br>(ii) have about eight years experience in the field of Climate Change / Environment Management / Environment Science/Energy Management in Government/Government undertaking/Board/Corporation/ Limited company established under the Companies Act, 2013 on the post which can be considered equivalent to the post not below the rank of Class II, Gazetted officer in Government of Gujarat.<br><br>or<br><br>(c) (i) possess Masters Degree in Climate Change/Environment Management /Environment Science/Energy Management obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act 1956; and<br><br>(ii) Have about ten years experience in the field of Climate Change/ Environment Management / Environment Science/Energy Management in Government/Government undertaking/Board/Corporation/ Limited company established under the Companies Act, 2013; on the post which can be considered equivalent to the post not below the rank of Class II, Gazetted officer in Government of Gujarat. |
| | | (d) Possesses the basic knowledge of computer application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967 |
| | | (e) Possesses adequate knowledge of Gujarati or Hindi or Both |
| | Pay Scale | Pay scale: Rs. 1,23,100 - 2,15,900/- [Level-13] |

## 5) Age : Not be more than 47 years.

(1) Age and Experience will be calculated as on the last date of online application.
(2) Experience will be counted from the date of obtaining the prescribed educational qualification. As per Commission's office order dated 23/05/2023, it is mandatory for the candidates other than government employees/officers to submit experience certificate in the prescribed format (Format of Experience Certificate for an organization other than Government Organizations) Which is available on commission’s website :https://gpsc.gujarat.gov.in/Downloads.

**(3) Upper Age limit shall be relaxed as under:**

| | | |
|---|---|---|
| 1 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 and amendment from time to time, A candidate who is already in Gujarat Govt. service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is not prescribed as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or, Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

## 6) Non-Creamy Layer Certificate and EWS certificate:

6.1)**Non Creamy Layer Certificate** must be issued between **Date: 01/04/2022 to Date: 31/08/2024.**Certificate issued other than this period will not be considered valid for advertisement.

6.2) **EWS Certificate** must be issued between **Date: 01/09/2021 to Date: 31/08/2024**. Certificate issued other than this period will not be considered valid for advertisement.

## 7) Note:

(1) Exam Pattern: Candidates will be selected for appointment to these posts by conducting a Preliminary test and interview. Candidates will be declared eligible for the interview after scrutinizing the required applications as per the Preliminary test marks. If the candidate gets less than 15% marks in the Preliminary test, he/she will not be considered eligible for interview. The medium of this test will be decided by the Commission. The Preliminary test will usually be held at Gandhinagar/ Ahmedabad and candidates will have to be present at their own expense. The Preliminary test will consist of 100 questions of 100 marks of General Studies and 200 questions of 200 marks of the Respective Subject.Total 300 questions of 300 marks. Time Duration for Preliminary test will be 180 minutes.

(2) As per the Instruction/Provision of the Commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

(3) The Weighted Marks of Preliminary Test & Interview are calculated as follows: - [Marks obtained in P.T. X 50/300 = Weighted Marks of Preliminary Test] + [Marks obtained in Interview X 50/100 = Weighted Marks of Interview] = Total Weighted Marks.

(4) The syllabus of a Preliminary Test for various posts are available on the Commission's website http://gpsc.gujarat.gov.in

(5) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

(6) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

(7) Candidates shall remain present at each stage of Recruitment process; otherwise his/her candidature shall be cancelled.

(8) Application Fees: - Candidates of General (Unreserved) category require to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees. Whereas Candidates belonging to reserved categories and Economically Weaker Section of Unreserved category of Gujarat State, Ex-Servicemen and physically disabled candidates do not require to pay application fees. While candidates of reserved category of other states require to pay application fee.
Note: Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online and fees payment.

(Gaurav Pandya)
Joint Secretary
Gujarat Public Service Commission

## જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

### ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

### ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઓફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩)અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪)જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫)જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા

ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,
(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો

ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મે**ળવેલ** અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

(૬) અરજી ચકાસણી સમયે સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના ઉમેદવારોએ ફરજિયાતપણે આયોગ દ્વારા તા.૨૪.૦૫.૨૦૨૩ અગત્યની જાહેરાતમાં સામેલ નમૂના (https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf) મુજબનું અનુભવ અપલોડ કરવાનું રહેશે.

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે

પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮)સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ માજી સૈનિક :-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩)વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં

આવશે.

(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન:લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા"બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:–

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર,અન્ય કોઇપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ (Local Self-Government Institution), સહકારી સંસ્થાઓ (Co-operative Institution/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :–

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :–

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જ્ગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

(અ) **સીધી પસંદગીથી ભરતી**

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો(Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

**૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.
(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.
(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઈલ થી મોકલાવેલ હોય.
(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.
(૫)અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.
(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ “આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન”ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાંઆવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ “ના-વાંધા પ્રમાણપત્ર” નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય
(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.
(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.
(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.
(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

**૧૯ નિમણૂક :-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.
(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.
(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

**૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,
(૨) નામ બદલીને પરીક્ષા આપવી,
(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,
(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,
(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,
(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,
(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઇલ/ ઈલેક્ટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,
(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા
(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.
    (ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા
    (ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે
        (૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને
        (૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને
    (ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.
(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને
    (૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,
    (૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને
    (૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

*************************************

# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેકટર-૧૦/એ, "છ-૩" સર્કલની નજીક, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**આર-૨ શાખા**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળની **વીમા તબીબી અધિકારી(આયુર્વેદ), ગુજરાત આયુર્વેદ સેવા, વર્ગ-૨, કામદાર રાજ્ય વિમા યોજના (જાહેરાત ક્રમાંક: ૨૧/૨૦૨૪-૨૫) ની કુલ-૦૯** જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે ONLINE અરજીઓ તા.૧૨-૦૮-૨૦૨૪ ૧૩:૦૦ કલાક થી તા.૩૧-૦૮-૨૦૨૪ ૨૩:૫૯ કલાક સુધીમાં મંગાવવામાં આવે છે. આ જાહેરાતની અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ, https://gpsc-ojas.gujarat.gov.in અથવા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.

**જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઇટ પર વંચાણે લઇને જ ઉમેદવારે Online અરજી કરવાની રહેશે.**
**પ્રાથમિક કસોટીનો સૂચિત માસ: ડિસેમ્બર-૨૦૨૪**
**પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ: માર્ચ-૨૦૨૫**
**રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ: મે-૨૦૨૫**
**રૂબરૂ મુલાકાતના પરિણામનો સંભવિત માસ: રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજીત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**[૧] ભરવાની થતી કુલ જગ્યાઓની વર્ગ પ્રમાણે વિગત નીચે મુજબ છે:**

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | | ૪ | | | | |
| | | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ. વર્ગ | અનુ.જાતિ | અનુ.જન જાતિ | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ. વર્ગ | અનુ.જાતિ | અનુ.જન જાતિ |
| **વીમા તબીબી અધિકારી(આયુર્વેદ) ગુજરાત આયુર્વેદ સેવા, વર્ગ-૨** | ૦૯ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |

- **ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ કુલ જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ છે. આ ૦૧ જગ્યા મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા**

**થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળાં સ્નાયુઓ ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ છે.**

**નોંધ**:

**(૧)** દિવ્યાંગ ઉમેદવારો માટે ૦૧ જગ્યા અનામત રાખવામાં આવેલ છે. નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. આ સિવાયની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

| ક્રમ | જગ્યાનું નામ | દિવ્યાંગતા |
|---|---|---|
| ૧ | વીમા તબીબી અધિકારી(આયુર્વેદ),ગુજરાત આયુર્વેદ સેવા, વર્ગ-૨ | (a) OA, OL,BL, LC, Dw, AAV<br>(b) SLD<br>(c)SI & SD involving (a),MD Involving (a) to (b) above |

OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT), OL= ONE LEG AFFECTED (LEFT OR RIGHT),BL=BOTH LEGS AFFECTED,LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SLD= SPECIFIC LEARNING DISABILITY,SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, MD= MULTIPLE DISABILITY

આ અંગે આયોગની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલ વિભાગનો તા.૧૨/૦૬/૨૦૨૪ નો ઠરાવ ધ્યાને લેવાનો રહેશે.

**(૨)** અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગું પડશે.

**(૩)** મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો) તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**(૪)** બિનઅનામત કેટેગરીની જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ તથા આર્થિક રીતે નબળા વર્ગો, સા.શૈ.પ.વર્ગ., અનુસૂચિત જાતિ અને અનુ. જનજાતિની કુલ અનામત જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ પર પસંદગી જે તે કેટેગરીના ઉમેદવારો તથા તે પૈકી મહિલા ઉમેદવારોએ પસંદગીની પ્રક્રિયા દરમિયાન પ્રાપ્ત કરેલ ગુણ અને આયોગે સંબંધિત સેવાની કાર્યક્ષમતા જાળવી રાખવા નિયત કરેલ લાયકી ધોરણ ધ્યાને લઇ કરવામાં આવશે.

**(૫)** ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

**(૬)** કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજુઆત /વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**(૭)** એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

**(૮)** ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

**(૯)** ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં, આયોગ દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે જ મોકલી આપવા.

**(૧૦)** આર્થિક રીતે નબળા વર્ગોના (EWS) ઉમેદવારોએ **તા.૦૧-૦૯-૨૦૨૧ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું EWS પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**(૧૧)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ **તા.૦૧-૦૪-૨૦૨૨ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' (NCLC) રજૂ કરવાનું રહેશે.

**(૧૨)** સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf મુજબના નિયત નમૂનામાં અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ.

**[ ૨ ] શૈક્ષણિક લાયકાત:**

possess,

a degree in Bachelor of Ayurveda Medicine and Surgery (B.A.M.S.) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India, or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956, or possess an equivalent qualification recognized under Indian Medicine Central Council Act,1970.

[ ૩ ] ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ના ઉપયોગ અંગેની પાયાની જાણકારી

[ ૪ ] ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ;

[ ૫ ] પગાર ધોરણ: આરઓપી-૧૬ મુજબ લેવલ-૯, રૂ.૫૩,૧૦૦-૧,૬૭,૮૦૦/-

[ ૬ ] ઉંમર: ૩૫ વર્ષથી વધુ નહીં. (ઉંમર ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે)

[ ૭ ] ઉપલી વય-મર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળશે:

| | | |
|---|---|---|
| ૧ | ફક્ત મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવાર | પાંચ વર્ષ (આ રીતે છૂટછાટ આપતાં ઉપલી વયમર્યાદા ૪૫ વર્ષથી વધવી ન જોઇએ) |
| ૨ | ફક્ત મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના મહિલા ઉમેદવાર | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલાઓ માટેની છુટછાટ કે જે પાંચ વર્ષની છે તેનો સમાવેશ થાય છે) વધુમાં વધુ ૪૫ વર્ષની વયમર્યાદાને આધીન. |
| ૩ | બિનઅનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | દિવ્યાંગ ઉમેદવારો | સંબંધિત જગ્યા સામે દર્શાવેલ દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને મેડિકલ બોર્ડના તબીબી પ્રમાણપત્રને આધીન ૧૦ વર્ષ સુધીની છૂટછાટ (વધુમાં વધુ ૪૫ વર્ષની વયમર્યાદાને આધીન) |
| ૫ | માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ. સહિત | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ. |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલકી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય; પરંતુ ઇજનેરી, તબીબી, ખેતીવિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાં થી બઢતી મળવા પાત્ર હોય તે માં ફરજ બજાવતા કર્મચારીને તેઓ એ બજાવેલ સેવાના સમય અથવા તો વધુ માં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**નોંધ:**

**(૧)** The candidate appointed by direct selection shall be required to get himself registered with the State Board of Ayurveda and Unani system of Medicine at the time of appointment, if he is not so registered.

**(૨) પ્રાથમિક કસોટીની પરીક્ષા પધ્ધતિ:** સંબંધિત વિષયનું ૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે. જેનો સમયગાળો ૧૮૦ મિનિટ્સનો રહેશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૨૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના ઉમેદવાર ૨૦% થી ઓછા ગુણ મેળવશે તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

**(૩)** રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવાનું રહેશે.

| *કુલ જગ્યાઓ* | *રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા* |
|---|---|
| *૦૧* | *૦૬* |
| *૦૨* | *૦૮* |
| *03* | *૧૦* |
| *૦૪ કે તેથી વધુ* | *કુલ જગ્યાઓના 03 ગણા* |

**(૪)** જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

**(૫)** જો ઉમેદવારે વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા / સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર / પૂરાવા રજૂ કરવાના રહેશે.

**(૬)** આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**(૭)** **અરજી ફી:** સામાન્ય કેટેગરીના (બિનઅનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ અથવા ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, આર્થિક રીતે નબળા વર્ગો, માજી સૈનિકો તથા દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની રહેતી નથી. ગુજરાત રાજય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

**(વિણા પટેલ )**
**સંયુક્ત સચિવ**
**ગુજરાત જાહેર સેવા આયોગ**

**નોંધ : ઓનલાઇન અરજી કરવાની રીત** https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay **પર જોઇ શકાશે.**

| | |
|---|---|
| | **GUJARAT PUBLIC SERVICE COMMISSION**<br>**SECTOR-10 A, NR. CHH-3 CIRCLE, CHH ROAD,**<br>**GANDHINAGAR-382010** |

**R-2 Branch**

Online applications are invited for the post of **Insurance Medical Officer(Ayurved), Gujarat Ayurved Service, Class-II,under the Employees State Insurance Scheme, (Advt. No.21/2024-25)** under the Health and Family Welfare Department.Candidates can apply online during Date: 12-08-2024 , 13:00 p.m. to Date:-31-08-2024, 23:59 p.m. Candidates are instructed to see Notice Board or visit the Website of Commission https://gpsc.gujarat.gov.in or https://gpsc-ojas.gujarat.gov.in for all provisions of advertisement, General Instructions, application form and age relaxation.

**Tentative Month of Preliminary Test: December-2024**

**Tentative Month of Preliminary Test's Result: March-2025**

**Tentative Month of Interview: May-2025**

**Tentative Month of Interview Result:** Result will be published approximately within 10 working days after Completion of Interview.

**[ 1 ]Category wise details of total vacancies to be filled are as follows:**

| Name of post | Total Vacancies | Category wise Vacancies | | | | | Out of Total Posts, reserved for Women | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | | | | 4 | | | | |
| | | General | EWS | S.E.B.C | S.C | S.T | General | EWS | S.E.B.C | S.C | S.T |
| **Insurance Medical Officer(Ayurved),Gujarat Ayurved Service, Class-II** | 09 | 06 | 00 | 00 | 00 | 03 | 02 | 00 | 00 | 00 | 01 |

❖ **Out of the total posts mentioned in the above table, 01 post is reserved for disabled candidates. 01 post is reserved for physically challenged candidates having Locomotor Disability including Cerebral palsy, recovered from Leprosy, Dwarfism, Acid Attack Victims and Weak Muscles.**

**Note:**

**(1)** 01 Post is reserved for persons with disabilities candidates. Only candidates having disability as described below in the table can apply for this post. The candidates possessing other than the below prescribed physical disabilities are not eligible to apply.

| Sr | Name of post | Disability |
|---|---|---|
| 1 | **Insurance Medical Officer(Ayurved), Gujarat Ayurved Service,Class-II** | (a) OA, OL,BL, LC, Dw, AAV<br>(b) SLD<br>(c)SI & SD involving (a),MD Involving (a) to (b) above |

OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT), OL= ONE LEG AFFECTED (LEFT OR RIGHT),BL=BOTH LEGS AFFECTED,LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SLD= SPECIFIC LEARNING DISABILITY, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, , MD= MULTIPLE DISABILITY

In this regard, the resolution of the Department dated:12/06/2024 uploaded on the Commission's website has to be taken into consideration.

**(2)** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

**(3)** In case of non-availability of woman candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

**(4)** Selection to the posts of unreserved category and posts reserved for Economically Weaker Section, SEBC category, SC category, ST category including the post reserved for woman candidates of respective category shall be made on the basis of marks obtained in selection process by the candidates of respective categories and on the basis of qualifying standard prescribed by the commission keeping in view to maintain efficiency of respective cadre/service.

**(5)** Candidates shall carefully read Advertisement Number and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

**(6)** Any request or representation to correct any error or omission in the confirmed online application, or information filled in by the candidate shall not be accepted.

**(7)** In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered by the commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the commission.

**(8)** Candidates should keep the certificates ready to be submitted in case the candidate is eligible for Application Scrutiny.

**(9)** Candidates are requested not to send physical copy of the application along with attachments to the commission as of now. The physical copy of the application may be sent as and when asked by the commission.

**(10)** Candidates belonging to Economically Weaker Sections (EWS) have to produce EWS certificate in prescribed format issued by competent authority obtained **from date:01-09-2021 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(11)** Candidates belonging to Socially and Educationally Backward Class have to submit 'Non-creamy layer Certificate' (NCLC) in prescribed format issued by the Competent Authority obtained **from date:01-04-2022 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(12)** All the candidates except those who are Government Servants/Officers shall compulsorily submit the experience certificate as per prescribed format given in the link.https://gpsc.gujarat.gov.in/Documents/Advertisment Document /IN-EXPFORMAT-240523.pdf.Experience Certificate in any other format will not be considered valid.

## [ 2 ] Educational Qualification

possess,

a degree in Bachelor of Ayurveda Medicine and Surgery (B.A.M.S.) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India, or any other educational

institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956, or possess an equivalent qualification recognized under Indian Medicine Central Council Act,1970.

**[ 3 ]** Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

**[ 4 ]** Have adequate knowledge of Gujarati or Hindi or both.

**[ 5 ]** Pay Scale: - ROP-16,Level-9, Rs.53,100-1,67,800/-

**[ 6 ]** Age: Not be more than 35 years. Age will be considered as on last date of Online application.

**[ 7 ]** Upper Age Limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | E.W.S, S.E.B.C, S.C, and S.T. Candidates of Gujarat Origin only | 5 years (Subject to Maximum 45 Years) |
| 2 | Women Candidate belonging to E.W.S, S.E.B.C, S.C and S.T.category of Gujarat Origin Only | 10 years (including relaxation of 5 years as women Candidate) Subject to maximum 45 years. |
| 3 | Women Candidates of Unreserved Category (General Category) | 5 years (Subject to Maximum 45 Years) |
| 4 | Persons with Disability | 10 years (Subject to Maximum 45 Years on the basis of Medical certificate issued by the Medical Board) |
| 5 | Ex. Serviceman Including E.C.O. / S.S.C.O. | The length of military service (At least five years of military services) + 3 years |
| 6 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967, A candidate who of Gujarat Govt. Employee is already in Gujarat Govt. Service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is not prescribed as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or, Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from |

| | | |
|---|---|---|
| | Advertised post at the time of his first appointment. | which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

**Note:**

**(1)** The candidate appointed by direct selection shall be required to get himself registered with the State Board of Ayurveda and Unani system of Medicine at the time of appointment, if he is not so registered.

**(2)** **Preliminary Exam Pattern:** A paper of Concerned Subject of 200 marks. Duration: 180 minutes. As per the Instruction/Provision of the Commission, the candidates who possess less than 25% marks in Preliminary Test shall not be eligible for Interview. Of which, the candidates of SC & ST categories, who possess less than 20% marks in Preliminary Test shall not be eligible for Interview.

**(3)** As per the Instruction/Provision of the commission, number of candidates of each category is being called for interview as per following norms:

| *No. of Posts* | *No.of Candidates to be called for an interview* |
|---|---|
| *01* | *06* |
| *02* | *08* |
| *03* | *10* |
| *04 more* | *03 times of No. of posts* |

**(4)** The candidates should produce formula / method of calculation of percentage where percentage of marks is not mentioned in the marksheets by the University.

**(5)** The candidates having qualification from foreign University should produce necessary documents / proof regarding the recognition/equivalence of their degree.

**(6)** Candidates shall require to remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

**(7) Application Fees:** Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or in case of Online Payment, Rs. 100/- + Service charges as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Gujarat State, Ex-serviceman and Person with Disability have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fees.

**(VINA PATEL)**
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:** Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online.

## ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તારીખ: ૧૨-૦૮-૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૩૧-૦૮-૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધીમાં** https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )
Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.
જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવની અલગ અલગ વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબંધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

**નોંધ:-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિ. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

**(૧)** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે “Print Challan” ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૦૨/૦૯/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે “Print Challan” પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં “Online Payment of Fee” ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથીયોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે “CHECK YOUR PAYMNET STATUS” પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

**(૨)** મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

**(૩)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, ‘છ’ રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને “CHECK YOUR PAYMNET STATUS” પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર “Application Not Found” નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની

વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

**(૪)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

**(૫)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

**(૬)** મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૭)** આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

# જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

## ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:– જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

## ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા

થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રમાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ **શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ **અનુભવ:-**

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,
(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ– અલગ ઉલ્લેખ કરી સમયગાળો દર્શાવાનો રહેશે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ “ઉન્નત વર્ગમાં” નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના ‘પરિશિષ્ટ–ક’ મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના ‘પરિશિષ્ટ–૪’ મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ ‘ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate’ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા–વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે ‘ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર’ ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬) (ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની

સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ માજી સૈનિક :-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,
(૨) બધિર અને ઓછું સાંભળનાર,
(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,
(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,
(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .
(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.
(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.
(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા"બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self- Government Institutions) , સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

(અ) <u>સીધી પસંદગીથી ભરતી</u>

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ <u>રૂબરૂ મુલાકાત:-</u>

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા–પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ–૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ–૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દૃષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,
(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,
(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,
(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,
(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેક્ટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,
(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુક્ત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા
(૧૧) ઉપરોક્ત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.
    (ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા
    (ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદ્દત માટે
        (૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને
        (૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને
    (ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોક્ત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને
    (૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,
    (૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને
    (૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.

# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦/એ, "છ-૩" સર્કલની નજીક, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**આર-૨ શાખા**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળની **લેક્ચરર (સિલેકશન સ્કેલ),ગુજરાત નર્સીંગ સેવા, વર્ગ-૧ (જાહેરાત ક્રમાંક:૨૨/૨૦૨૪-૨૫) ની કુલ-૦૫** જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે.ઉમેદવારો તા.૧૨-૦૮-૨૦૨૪ ૧૩:00 કલાક થી તા.૩૧-૦૮-૨૦૨૪ ૨૩:૫૯ કલાક સુધીમાં ONLINE અરજી કરી શકશે. આ જાહેરાતની અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ, https://gpsc-ojas.gujarat.gov.in અથવા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.

**જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઇટ પર વંચાણે લઇને જ ઉમેદવારે Online અરજી કરવાની રહેશે.**
**પ્રાથમિક કસોટીનો સૂચિત માસ: ડિસેમ્બર -૨૦૨૪**
**પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ: માર્ચ -૨૦૨૫**
**રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ: મે-૨૦૨૫**
**રૂબરૂ મુલાકાતના પરિણામનો સંભવિત માસ: રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજીત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**[ ૧ ] ભરવાની થતી કુલ જગ્યાઓની વર્ગ પ્રમાણે વિગત નીચે મુજબ છે:**

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | | ૪ | | | | |
| | | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ. વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ. વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ |
| **લેક્ચરર (સિલેકશન સ્કેલ),ગુજરાત નર્સીંગ સેવા, વર્ગ-૧** | ૦૫ | 03 | ૦૧ | ૦૧ | 00 | 00 | ૦૧ | 00 | 00 | 00 | 00 |

- **ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ કુલ જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ છે. આ ૦૧ જગ્યા મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળાં સ્નાયુઓ ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ છે.**

**નોંધ**:

**(૧)** દિવ્યાંગ ઉમેદવારો માટે ૦૧ જગ્યા અનામત રાખવામાં આવેલ છે. નીચે દર્શાવેલ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. આ સિવાયની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

| ક્રમ | જગ્યાનું નામ | દિવ્યાંગતા |
|---|---|---|
| ૧ | લેક્ચરર (સિલેક્શન સ્કેલ),ગુજરાત નર્સીંગ સેવા, વર્ગ-૧ | (a) OA, BA, OL,BL, CP, LC, Dw, AAV, SD, SI<br>(b) ASD(M), SLD, MI<br>(c) MD involving (a) to (b) above |

OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT), BA= BOTH ARMS AFFECTED , OL= ONE LEG AFFECTED (LEFT OR RIGHT),BL=BOTH LEGS AFFECTED, CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, ASD(M)= AUTISM SPECTRUM DISORDER (MILD), SLD= SPECIFIC LEARNING DISABILITY, MI= MENTAL ILLNESS, MD= MULTIPLE DISABILITY

આ અંગે આયોગની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલ વિભાગના તા.૦૮/૦૮/૨૦૨૨ તથા તા.03/0૬/૨૦૨૪ ના ઠરાવો ધ્યાને લેવાના રહેશે.

**(૨)** અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગું પડશે.

**(૩)** મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો) તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**(૪)** બિનઅનામત કેટેગરીની જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ તથા આર્થિક રીતે નબળા વર્ગો, સા.શૈ.પ.વર્ગ., અનુસૂચિત જાતિ અને અનુ. જનજાતિની કુલ અનામત જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ પર પસંદગી જે તે કેટેગરીના ઉમેદવારો તથા તે પૈકી મહિલા ઉમેદવારોએ પસંદગીની પ્રક્રિયા દરમિયાન પ્રાપ્ત કરેલ ગુણ અને આયોગે સંબંધિત સેવાની કાર્યક્ષમતા જાળવી રાખવા નિયત કરેલ લાયકી ધોરણ ધ્યાને લઇ કરવામાં આવશે.

**(૫)** ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

**(૬)** કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજુઆત /વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**(૭)** એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

**(૮)** ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

**(૯)** ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં, આયોગ દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે જ મોકલી આપવા.

**(૧૦)** આર્થિક રીતે નબળા વર્ગોના (EWS) ઉમેદવારોએ **તા.૦૧-૦૯-૨૦૨૧ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું EWS પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**(૧૧)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ **તા.૦૧-૦૪-૨૦૨૨ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' (NCLC) રજૂ કરવાનું રહેશે.

**(૧૨)** સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે **https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf** મુજબના નિયત નમૂનામાં અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ.

## [ ૨ ] શૈક્ષણિક લાયકાત અને અનુભવ:

### (a) શૈક્ષણિક લાયકાત:-

possess,-

a Master degree in Science (Nursing) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 and recognised by the Indian Nursing Council;

**(b) <u>અનુભવ:-</u>**

have atleast ten years' experience after obtaining the Master degree in Science (Nursing) out of which atleast seven years' experience should be teaching experience of Nursing College, Nursing School or Training Institutions of Nursing recognised by the Indian Nursing Council.

**(c)** have registered his name with the Indian Nursing Council or any state Nursing Council in India established under the relevant law.

**[ ૩ ]** ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ના ઉપયોગ અંગેની પાયાની જાણકારી

**[ ૪ ]** ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ;

**[ ૫ ]** પગાર ધોરણ: સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૧૨, પ.ધો. રૂ.૭૮,૮૦૦-૨,૦૯,૨૦૦/-

**[ ૬ ]** ઉંમર: ૪૭ વર્ષથી વધુ નહીં. (ઉંમર ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે)

**[ ૭ ]** ઉપલી વય-મર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળશે:

| | | |
|---|---|---|
| ૧ | માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ. સહિત | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ. |
| ૨ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલકી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય; પરંતુ ઇજનેરી, તબીબી, ખેતીવિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાં થી બઢતી મળવા પાત્ર હોય તે માં ફરજ બજાવતા કર્મચારીને તેઓ એ બજાવેલ સેવાના સમય અથવા તો વધુ માં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**નોંધ:**

**(૧)** The candidate appointed by direct selection shall require to get himself registered with the Gujarat Nursing Council as registered Nurse, registered Midwife or in the equivalent cadre under the Gujarat Nurses, Midwives and Health Visitors Act, 1968, at the time of joining of duty, if he is not so registered.

**(૨)** **પ્રાથમિક કસોટીની પરીક્ષા પધ્ધતિ:** સામાન્ય અભ્યાસનું ૧૦૦ ગુણનું તથા સંબંધિત વિષયનું ૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર, એમ કુલ-૩૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે. જેનો સમયગાળો ૧૮૦ મિનિટ્સનો રહેશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૧૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

**(૩)** રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવાનું રહેશે.

| *કુલ જગ્યાઓ* | *રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા* |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓના ૦૩ ગણા |

**(૪)** જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

**(૫)** જો ઉમેદવારે વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા / સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર / પૂરાવા રજૂ કરવાના રહેશે.

**(૬)** આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**(૭)** **અરજી ફી:** સામાન્ય કેટેગરીના (બિનઅનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ અથવા ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, આર્થિક રીતે નબળા વર્ગો, માજી સૈનિકો તથા દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની રહેતી નથી. ગુજરાત રાજ્ય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

**(વિણા પટેલ )**
**સંયુક્ત સચિવ**
**ગુજરાત જાહેર સેવા આયોગ**

**નોંધ : ઓનલાઇન અરજી કરવાની રીત** https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay **પર જોઇ શકાશે.**

| | **GUJARAT PUBLIC SERVICE COMMISSION**<br>**SECTOR-10 A, NR. CHH-3 CIRCLE, CHH ROAD, GANDHINAGAR-382010** |
|---|---|

**R-2 Branch**

Online applications are invited for the post of **Lecturer (Selection Scale),Gujarat Nursing Service, Class-I (Advt. No. 22 /2024-25)** under the Health and Family Welfare Department. Candidates can apply during Date: 12-08-2024 , 13:00 p.m. to Date:-31-08-2024, 23:59 p.m. Candidates are instructed to see Notice Board or to visit the Website of Commission https://gpsc.gujarat.gov.in or https://gpsc-ojas.gujarat.gov.in for all provisions of advertisement, General Instructions, application form and age relaxation.

**Tentative Month of Preliminary Test: December-2024**

**Tentative Month of Preliminary Test's Result: March-2025**

**Tentative Month of Interview: May-2025**

**Tentative Month of Interview Result:** Result will be published approximately within 10 working days after Completion of Interview.

**[ 1 ]Category wise details of total vacancies to be filled are as follows:**

| Name of post | Total Vacancies | Category wise Vacancies | | | | | Out of Total Posts, reserved for Women | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | | | | 4 | | | | |
| | | General | EWS | S.E.B.C | S.C | S.T | General | EWS | S.E.B.C | S.C | S.T |
| Lecturer (Selection Scale),Gujarat Nursing Service, Class-I | 05 | 03 | 01 | 01 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 |

❖ **<u>Out of the total posts mentioned in the above table, 01 post is reserved for disabled candidates. 01 post is reserved for physically challenged candidates having Locomotor Disability including Cerebral palsy, recovered from Leprosy, Dwarfism, Acid Attack Victims and Weak Muscles.</u>**

**<u>Note:</u>**

**(1)** 01 Post is reserved for persons with disabilities Candidates. Only candidates having disability as described below in the table can apply for this post. The candidates possessing other than the below prescribed physical disabilities are not eligible to apply.

| Sr | Name of post | Disability |
|---|---|---|
| 1 | Lecturer (Selection Scale),Gujarat Nursing Service, Class-I | (a) OA, BA, OL, BL ,CP, LC, Dw, AAV, SD, SI<br>(b) ASD(M), SLD, MI<br>(c) MD involving (a) to (b) above |

<u>OA</u>= ONE ARM AFFECTED (LEFT OR RIGHT), <u>BA</u>= BOTH ARMS AFFECTED, <u>OL</u>= ONE LEG AFFECTED (LEFT OR RIGHT, <u>BL</u>=BOTH LEGS AFFECTED ,<u>CP</u>= CEREBRAL PALSY, <u>LC</u>=LEPROSY CURED, <u>Dw=</u> DWARFISM, <u>AAV=</u> ACID ATTACK VICTIM, <u>SD</u>= SPINAL DEFORMITY, <u>SI</u>= SPINAL INJURY, <u>ASD(M)</u>= AUTISM SPECTRUM DISORDER (MILD), <u>SLD=</u> SPECIFIC LEARNING DISABILITY, <u>MI=</u> MENTAL ILLNESS, <u>MD=</u> MULTIPLE DISABILITY

In this regard, resolutions of the Department dated: 08/08/2022 and 03/06/2024 uploaded on the Commission’s website has to be taken into consideration.

**(2)** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

**(3)** In case of non-availability of woman candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

**(4)** Selection to the posts of unreserved category and posts reserved for Economically Weaker Section, SEBC category, SC category, ST category including the post reserved for woman candidates of respective category shall be made on the basis of marks obtained in selection process by the candidates of respective categories and on the basis of qualifying standard prescribed by the commission keeping in view to maintain efficiency of respective cadre/service.

**(5)** Candidates shall carefully read Advertisement Number and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

**(6)** Any request or representation to correct any error or omission in the confirmed online application, or information filled in by the candidate shall not be accepted.

**(7)** In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered by the commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the commission.

**(8)** Candidates should keep the certificates ready to be submitted in case the candidate is eligible for Application Scrutiny.

**(9)** Candidates are requested not to send physical copy of the application along with attachments to the commission as of now. The physical copy of the application may be sent as and when asked by the commission.

**(10)** Candidates belonging to Economically Weaker Sections (EWS) have to produce EWS certificate in prescribed format issued by competent authority obtained **from 01-09-2021 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(11)** Candidates belonging to Socially and Educationally Backward Class have to submit 'Non-creamy layer Certificate' (NCLC) in prescribed format issued by the Competent Authority obtained **from 01-04-2022 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(12)** All the candidates except those who are Government Servants/Officers shall compulsorily submit the experience certificate as per prescribed format given in the link. https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf. Experience Certificate in any other format will not be considered valid.

## [ 2 ] **Educational Qualification & Experience: -**

**(a) Educational Qualification:-**

possess,-

a Master degree in Science (Nursing) obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 and recognised by the Indian Nursing Council;

**(b) Experience: -**

have atleast ten years' experience after obtaining the Master degree in Science (Nursing) out of which atleast seven years' experience should be teaching experience of Nursing College, Nursing School or Training Institutions of Nursing recognised by the Indian Nursing Council.

**(c)** have registered his name with the Indian Nursing Council or any state Nursing Council in India established under the relevant law.

**[ 3 ]** Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

**[ 4 ]** Have adequate knowledge of Gujarati or Hindi or both.

**[ 5 ]** Pay Scale: - As Per Seventh Pay Commission, Pay Matrix Level-12, Pay Scale Rs.78,800 – 2,09,200/-

**[ 6 ]** Age: Not be more than 47 years. Age will be considered as on last date of Online application.

**[ 7 ]** Upper Age Limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | Ex. Serviceman Including E.C.O. / S.S.C.O. | The length of military service (At least five years of military services) + 3 years |
| 2 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967, A candidate who of Gujarat Govt. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is <u>not</u> prescribed as one of the qualifications and Govt. servant |

| | | |
|---|---|---|
| | Employee is already in Gujarat Govt. Service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | appointed to a post requiring a Medical, Engineering, Veterinary or Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

**Note:**

**(1)** The candidate appointed by direct selection shall requires to get himself registered with the Gujarat Nursing Council as registered Nurse, registered Midwife or in the equivalent cadre under the Gujarat Nurses, Midwives and Health Visitors Act, 1968, at the time of joining of duty, if he is not so registered.

**(2)** **Preliminary Exam Pattern:** A question paper of 100 marks for General Studies and 200 marks for the Concerned Subject, Total: 300 marks. Duration: 180 minutes. As per the Instruction/Provision of the Commission, the candidates who possess less than 15% marks in Preliminary Test shall not be eligible for Interview.

**(3)** As per the Instruction/Provision of the commission, number of candidates of each category is being called for interview as per following norms:

| *No. of Posts* | *No.of Candidates to be called for an interview* |
|---|---|
| *01* | *06* |
| *02* | *08* |
| *03* | *10* |
| *04 & more* | *03 times of No. of posts* |

**(4)** The candidates should produce formula / method of calculation of percentage where percentage of marks is not mentioned in the marksheets by the University.

**(5)** The candidates having qualification from foreign University should produce necessary documents / proof regarding the recognition/equivalence of their degree.

**(6)** Candidates shall require to remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

**(7) Application Fees:** Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or in case of Online Payment, Rs. 100/- + Service charges as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Gujarat State, Ex-serviceman and Person with Disability have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fees.

**(VINA PATEL)**
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:** Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online.

## **ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :–**

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તારીખ:૧૨ -૦૮-૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૩૧-૦૮-૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધીમાં** https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )
Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.
જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે

"Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદના તમામ અનુભવની અલગ અલગ વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવો નહીં.

**નોંધ:-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિ. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

**(૧)** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૦૨/૦૯/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

**(૨)** મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

**(૩)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડ્યૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો

મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

**(૪)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

**(૫)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

**(૬)** મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૭)** આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

# જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

## ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

## ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો

પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર

પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ– અલગ ઉલ્લેખ કરી સમયગાળો દર્શાવાનો રહેશે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં

લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

## ૭ **અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-**

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬) (ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ **માજી સૈનિક :-**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ **દિવ્યાંગ ઉમેદવારો :-**

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ **મહિલા ઉમેદવાર :-**

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ **વિધવા ઉમેદવાર :-**

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉક્ત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા"બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.
જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ **ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી

અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self- Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

(અ) સીધી પસંદગીથી ભરતી

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેકટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા

આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજ્ય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂઘ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.

# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦/એ, "છ-૩" સર્કલની નજીક, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**આર-૨ શાખા**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળની **લેક્ચરર (સિનિયર સ્કેલ),ગુજરાત નર્સીંગ સેવા, વર્ગ-૧ (જાહેરાત ક્રમાંક: ૨૩ /૨૦૨૪-૨૫) ની કુલ-૦૬** જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે.ઉમેદવારો તા.૧૨-૦૮-૨૦૨૪ ૧૩:૦૦ કલાક થી તા.૩૧-૦૮-૨૦૨૪ ૨૩:૫૯ કલાક સુધીમાં ONLINE અરજી કરી શકશે. આ જાહેરાતની અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ, https://gpsc-ojas.gujarat.gov.in અથવા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.

**જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઇટ પર વંચાણે લઇને જ ઉમેદવારે Online અરજી કરવાની રહેશે.**
**પ્રાથમિક કસોટીનો સૂચિત માસ: ડિસેમ્બર -૨૦૨૪**
**પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ: માર્ચ -૨૦૨૫**
**રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ: મે-૨૦૨૫**
**રૂબરૂ મુલાકાતના પરિણામનો સંભવિત માસ: રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજીત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**[ ૧ ] ભરવાની થતી કુલ જગ્યાઓની વર્ગ પ્રમાણે વિગત નીચે મુજબ છે:**

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | | ૪ | | | | |
| | | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ |
| લેક્ચરર (સિનિયર સ્કેલ),ગુજરાત નર્સીંગ સેવા, વર્ગ-૧ | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

❖ **ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ કુલ જગ્યાઓ પૈકી ૦૧ જગ્યા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ છે. આ ૦૧ જગ્યા મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળાં સ્નાયુઓ ધરાવતા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ છે.**

**નોંધ**:

**(૧)** દિવ્યાંગ ઉમેદવારો માટે ૦૧ જગ્યા અનામત રાખવામાં આવેલ છે. નીચે દર્શાવેલ કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. આ સિવાયની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

| ક્રમ | જગ્યાનું નામ | દિવ્યાંગતા |
|---|---|---|
| ૧ | લેક્ચરર (સિનિયર સ્કેલ),ગુજરાત નર્સીંગ સેવા, વર્ગ-૧ | (a) OA, BA, OL,BL,CP, LC, Dw, AAV, SD, SI<br>(b) ASD(M), SLD, MI<br>(c) MD involving (a) to (b) above |

OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT), BA= BOTH ARMS AFFECTED, OL= ONE LEG AFFECTED (LEFT OR RIGHT), BL= BOTH LEGS AFFECTED, CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, ASD(M)= AUTISM SPECTRUM DISORDER (MILD), SLD= SPECIFIC LEARNING DISABILITY, MI= MENTAL ILLNESS, MD= MULTIPLE DISABILITY

આ અંગે આયોગની વેબસાઈટ પર અપલોડ કરવામાં આવેલ વિભાગના તા.૦૮/૦૮/૨૦૨૨ તથા તા.03/0૬/૨૦૨૪ ના ઠરાવો ધ્યાને લેવાના રહેશે.

**(૨)** અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગું પડશે.

**(૩)** મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો) તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**(૪)** બિનઅનામત કેટેગરીની જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ તથા આર્થિક રીતે નબળા વર્ગો, સા.શૈ.પ.વર્ગ., અનુસૂચિત જાતિ અને અનુ. જનજાતિની કુલ અનામત જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ પર પસંદગી જે તે કેટેગરીના ઉમેદવારો તથા તે પૈકી મહિલા ઉમેદવારોએ પસંદગીની પ્રક્રિયા દરમિયાન પ્રાપ્ત કરેલ ગુણ અને આયોગે સંબંધિત સેવાની કાર્યક્ષમતા જાળવી રાખવા નિયત કરેલ લાયકી ધોરણ ધ્યાને લઇ કરવામાં આવશે.

**(૫)** ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

**(૬)** કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજુઆત /વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**(૭)** એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

**(૮)** ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

**(૯)** ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં, આયોગ દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે જ મોકલી આપવા.

**(૧૦)** આર્થિક રીતે નબળા વર્ગોના (EWS) ઉમેદવારોએ **તા.૦૧-૦૯-૨૦૨૧ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું EWS પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

**(૧૧)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ **તા.૦૧-૦૪-૨૦૨૨ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' (NCLC) રજૂ કરવાનું રહેશે.

**(૧૨)** સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે **https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf** મુજબના નિયત નમૂનામાં અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ.

## [ ૨ ] શૈક્ષણિક લાયકાત અને અનુભવ:

### (a) શૈક્ષણિક લાયકાત:-

possess,-

a post graduate degree in Nursing obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; and recognized by the Indian Nursing Council;

(b) **<u>અનુભવ:-</u>**

have atleast eight years' experience after obtaining a post graduate degree in Nursing out of which about five years experience should be the teaching experience of Nursing College or Nursing School or Training Institutions of Nursing recognized by the Indian Nursing Council.

**(c)** have registered his name with the Indian Nursing Council or any State Nursing Council in India established under the relevant law.

**[ ૩ ]** ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ના ઉપયોગ અંગેની પાયાની જાણકારી

**[ ૪ ]** ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન ;

**[ ૫ ]** પગાર ધોરણ: સાતમા પગારપંચ મુજબ પે મેટ્રીક્સ લેવલ-૧૧, પ.ધો. રૂ.૬૭,૭૦૦-૨,૦૮,૭૦૦/-

**[ ૬ ]** ઉંમર: ૪૫ વર્ષથી વધુ નહીં. (ઉંમર ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે)

**[ ૭ ]** ઉપલી વય-મર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળશે:

| | | |
|---|---|---|
| ૧ | માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ. સહિત | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ. |
| ૨ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલકી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય; પરંતુ ઇજનેરી, તબીબી, ખેતીવિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાં થી બઢતી મળવા પાત્ર હોય તે માં ફરજ બજાવતા કર્મચારીને તેઓ એ બજાવેલ સેવાના સમય અથવા તો વધુ માં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**નોંધ:**

**(૧)** The candidate appointed by direct selection shall require to registere his name with the Gujarat Nursing Council as a Nurse, Midwife or in the equivalent cadre under the provision of the Gujarat Nurses, Midwives and Health Visitor's Act, 1968, at the time of joining of duty, if he is not so registered.

**(૨) પ્રાથમિક કસોટીની પરીક્ષા પધ્ધતિ:** સામાન્ય અભ્યાસનું ૧૦૦ ગુણનું તથા સંબંધિત વિષયનું ૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર, એમ કુલ-300 ગુણનું પ્રશ્નપત્ર રહેશે. જેનો સમયગાળો ૧૮૦ મિનિટ્સનો રહેશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૧૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

**(૩)** રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવાનું રહેશે.

| *કુલ જગ્યાઓ* | *રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા* |
|---|---|
| *૦૧* | *૦૬* |
| *૦૨* | *૦૮* |
| *03* | *૧૦* |
| *૦૪ કે તેથી વધુ* | *કુલ જગ્યાઓના 03 ગણા* |

**(૪)** જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

**(૫)** જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા / સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર / પૂરાવા રજૂ કરવાના રહેશે.

**(૬)** આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**(૭) અરજી ફી:** સામાન્ય કેટેગરીના (બિનઅનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ અથવા ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, આર્થિક રીતે નબળા વર્ગો, માજી સૈનિકો તથા દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની રહેતી નથી. ગુજરાત રાજ્ય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

**(વિણા પટેલ )**
**સંયુક્ત સચિવ**
**ગુજરાત જાહેર સેવા આયોગ**

**નોંધ : ઓનલાઇન અરજી કરવાની રીત** https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay **પર જોઇ શકાશે.**

| | |
|---|---|
| | **GUJARAT PUBLIC SERVICE COMMISSION**<br>**SECTOR-10 A, NR. CHH-3 CIRCLE, CHH ROAD,**<br>**GANDHINAGAR-382010** |

**R-2 Branch**

Online applications are invited for the post of Lecturer (Senior Scale),Gujarat Nursing Service, Class-I (Advt. No. 23 /2024-25) under the Health and Family Welfare Department. Candidates can apply during Date: 12-08-2024 , 13:00 p.m. to Date:-31-08-2024, 23:59 p.m. Candidates are instructed to see Notice Board or to visit the Website of Commission https://gpsc-ojas.gujarat.gov.in or https://gpsc.gujarat.gov.in for all provisions of advertisement, General Instructions, application form and age relaxation.

**Tentative Month of Preliminary Test: December-2024**

**Tentative Month of Preliminary Test's Result: March-2025**

**Tentative Month of Interview: May-2025**

**Tentative Month of Interview Result:** Result will be published approximately within 10 working days after Completion of Interview.

**[ 1 ] Category wise details of total vacancies to be filled are as follows:**

| Name of post | Total Vacancies | Category wise Vacancies | | | | | Out of Total Posts, reserved for Women | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | | | | 4 | | | | |
| | | General | EWS | S.E.B.C | S.C | S.T | General | EWS | S.E.B.C | S.C | S.T |
| **Lecturer (Senior Scale),Gujarat Nursing Service, Class-I** | 06 | 02 | 01 | 02 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |

❖ **Out of the total posts mentioned in the above table, 01 post is reserved for disabled candidates. 01 post is reserved for physically challenged candidates having Locomotor Disability including Cerebral palsy, recovered from Leprosy, Dwarfism, Acid Attack Victims and Weak Muscles.**

**Note:**

**(1)** 01 Post is reserved for persons with disabilities Candidates. Only candidates having disability as described below in the table can apply for this post. The candidates possessing other than the below prescribed physical disabilities are not eligible to apply.

| Sr | Name of post | Disability |
|---|---|---|
| 1 | Lecturer (Senior Scale),Gujarat Nursing Service, Class-I | (a) OA, BA, OL,BL, CP, LC, Dw, AAV, SD, SI<br>(b) ASD(M), SLD, MI<br>(c) MD involving (a) to (b) above |

OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT), BA= BOTH ARMS AFFECTED , OL= ONE LEG AFFECTED (LEFT OR RIGHT),BL=BOTH LEGS AFFECTED CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, ASD(M)= AUTISM SPECTRUM DISORDER (MILD), SLD= SPECIFIC LEARNING DISABILITY, MI= MENTAL ILLNESS, MD= MULTIPLE DISABILITY

In this regard, resolutions of the Department dated:08/08/2022 and 03/06/2024 uploaded on the Commission's website has to be taken into consideration.

**(2)** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

**(3)** In case of non-availability of woman candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

**(4)** Selection to the posts of unreserved category and posts reserved for Economically Weaker Section, SEBC category, SC category, ST category including the post reserved for woman candidates of respective category shall be made on the basis of marks obtained in selection process by the candidates of respective categories and on the basis of qualifying standard prescribed by the commission keeping in view to maintain efficiency of respective cadre/service.

**(5)** Candidates shall carefully read Advertisement Number and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

**(6)** Any request or representation to correct any error or omission in the confirmed online application, or information filled in by the candidate shall not be accepted.

**(7)** In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered by the commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the commission.

**(8)** Candidates should keep the certificates ready to be submitted in case the candidate is eligible for Application Scrutiny.

**(9)** Candidates are requested not to send physical copy of the application along with attachments to the commission as of now. The physical copy of the application may be sent as and when asked by the commission.

**(10)** Candidates belonging to Economically Weaker Sections (EWS) have to produce EWS certificate in prescribed format issued by competent authority obtained **from 01-09-2021 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(11)** Candidates belonging to Socially and Educationally Backward Class have to submit 'Non-creamy layer Certificate' (NCLC) in prescribed format issued by the Competent Authority obtained **from 01-04-2022 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(12)** All the candidates except those who are Government Servants/Officers shall compulsorily submit the experience certificate as per prescribed format given in the link. https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf. Experience Certificate in any other format will not be considered valid.

## [ 2 ] **Educational Qualification & Experience**: -

(a) **Educational Qualification:-**

possess,-

a post graduate degree in Nursing obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as University under section 3 of the University Grants Commission Act, 1956; and recognized by the Indian Nursing Council;

(b) **Experience** :-

have atleast eight years' experience after obtaining a post graduate degree in Nursing out of which about five years experience should be the teaching experience of Nursing College or Nursing School or Training Institutions of Nursing recognized by the Indian Nursing Council.

**(c)** have registered his name with the Indian Nursing Council or any state Nursing Council in India established under the relevant law.

**[ 3 ]** Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

**[ 4 ]** Have adequate knowledge of Gujarati or Hindi or both.

**[ 5 ]** Pay Scale: - As Per Seventh Pay Commission, Pay Matrix Level-11, Pay Scale Rs.67,700 – 2,08,700/-

**[ 6 ]** Age: Not be more than 45 years. Age will be considered as on last date of Online application.

**[ 7 ]** Upper Age Limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | Ex. Serviceman Including E.C.O. / S.S.C.O. | The length of military service (At least five years of military services) + 3 years |
| 2 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967, A candidate who of Gujarat Govt. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is not prescribed as one of |

| | | |
|---|---|---|
| | Employee is already in Gujarat Govt. Service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary or Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

**Note:**

**(1)** The candidate appointed by direct selection shall require to registere his name with the Gujarat Nursing Council as a Nurse, Midwife or in the equivalent cadre under the provision of the Gujarat Nurses, Midwives and Health Visitor's Act, 1968, at the time of joining of duty, if he is not so registered.

**(2)** **Preliminary Exam Pattern:** A question paper of 100 marks for General Studies and 200 marks for the Concerned Subject, Total: 300 marks. Duration: 180 minutes. As per the Instruction/Provision of the Commission, the candidates who possess less than 15% marks in Preliminary Test shall not be eligible for Interview.

**(3)** As per the Instruction/Provision of the commission, number of candidates of each category is being called for interview as per following norms:

| *No. of Posts* | *No.of Candidates to be called for an interview* |
|---|---|
| *01* | *06* |
| *02* | *08* |
| *03* | *10* |
| *04 & more* | *03 times of No. of posts* |

**(4)** The candidates should produce formula / method of calculation of percentage where percentage of marks is not mentioned in the marksheets by the University.

**(5)** The candidates having qualification from foreign University should produce necessary documents / proof regarding the recognition/equivalence of their degree.

**(6)** Candidates shall require to remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

**(7) Application Fees:** Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or in case of Online Payment, Rs. 100/- + Service charges as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Gujarat State, Ex-serviceman and Person with Disability have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fees.

**(VINA PATEL)**
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:** Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online.

# **ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :–**

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તારીખ: ૧૨-૦૮-૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૩૧-૦૮-૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધીમાં** https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )
Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.
જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે

"Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદના તમામ અનુભવની અલગ અલગ વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવો નહીં.

**નોંધ:-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિ. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

**(૧)** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૦૨/૦૯/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

**(૨)** મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

**(૩)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડ્યૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો

મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

**(૪)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

**(૫)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

**(૬)** મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૭)** આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

# જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

## ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

## ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો

પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર
પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.
(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.
(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.
(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.
(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,
(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.
(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરી સમયગાળો દર્શાવાનો રહેશે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.
(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.
(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં

લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬) (ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ માજી સૈનિક :-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,
(૨) બધિર અને ઓછું સાંભળનાર,
(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,
(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,
(૫) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .
(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.
(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.
(૪) ઉક્ત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .
(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે “વિધવા” ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે “વિધવા”બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને “વિધવા મહિલા ઉમેદવાર” તરીકેના લાભ આપવામાં આવશે.
જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી

અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self- Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

(અ) સીધી પસંદગીથી ભરતી

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાતઃ-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દૃષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેકટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા

આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજ્ય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.

# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦/એ, "છ-૩" સર્કલની નજીક, "છ" રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

**આર-૨ શાખા**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની **તજજ્ઞ, વર્ગ-૧,** ગુજરાત આરોગ્ય અને તબીબી સેવાની નીચે દર્શાવેલ સંવર્ગોની જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીઓ તારીખ: ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધી મંગાવવામાં આવે છે. (જાહેરાત ક્રમાંક: ૨૪/૨૦૨૪-૨૫ થી જાહેરાત ક્રમાંક: ૨૬/૨૦૨૪-૨૫) આ જાહેરાતની વિગતો આયોગના નોટીસ બોર્ડ, https://gpsc-ojas.gujarat.gov.in અથવા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.

**[૧] પ્રસ્તુત જાહેરાતોની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ અને રૂબરૂ મુલાકાતના સંભવિત માસ ની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | તજજ્ઞ, વર્ગ-૧, ગુજરાત આરોગ્ય અને તબીબી સેવા (વિષયનું નામ) | પ્રાથમિક કસોટીનો સૂચિત માસ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૪/૨૦૨૪-૨૫ | પેથોલોજીસ્ટ | ડિસે.-૨૦૨૪ | માર્ચ-૨૦૨૫ | જૂન-૨૦૨૫ |
| ૨ | ૨૫/૨૦૨૪-૨૫ | મનોરોગ ચિકિત્સક | ડિસે.-૨૦૨૪ | માર્ચ-૨૦૨૫ | જૂન-૨૦૨૫ |
| ૩ | ૨૬/૨૦૨૪-૨૫ | માઇક્રોબાયોલોજીસ્ટ | ડિસે.-૨૦૨૪ | માર્ચ-૨૦૨૫ | જૂન-૨૦૨૫ |

| જાહેરાત ક્રમાંક | તજજ્ઞ, વર્ગ-૧ વિષયનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | |
| ૧ | ૨ | ૩ | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ |
| ૨૪/૨૦૨૪-૨૫ | પેથોલોજીસ્ટ | ૧૪ | ૦૩ | ૦૪ | ૦૨ | ૦૨ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૫/૨૦૨૪-૨૫ | મનોરોગ ચિકિત્સક | ૨૨ | ૦૩ | ૦૫ | ૦૮ | ૦૨ | ૦૪ | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ |
| ૨૬/૨૦૨૪-૨૫ | માઇક્રો બાયોલોજીસ્ટ | ૧૬ | ૦૪ | ૦૩ | ૦૫ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૧ |

**નોંધ : –**

(૧) ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી જે સંવર્ગમાં દિવ્યાંગ ઉમેદવારો માટે જગ્યા અનામત છે, તે નીચેના કોષ્ટકમા દર્શાવેલ છે. આ સિવાય નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. આ સિવાયની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | તજજ્ઞ, વર્ગ-૧, વિષયનું નામ | કુલ જગ્યા પૈકી અંધત્વ અથવા ઓછી દ્રષ્ટીની ખામીવાળા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા | દિવ્યાંગતા |
|---|---|---|---|---|
| ૧ | ૨૪/૨૦૨૪-૨૫ | પેથોલોજીસ્ટ | ૦૧ | (a) B,LV<br>(b)D,HH<br>(c)OA,BA,OL,BL,OAL ,CP,LC,Dw,AAV,SD,SI<br>(d) ASD(M),SLD,MI<br>(e) MD involving (a) to (d) above |
| ૨ | ૨૫/૨૦૨૪-૨૫ | મનોરોગ ચિકિત્સક | ૦૧ | |
| ૩ | ૨૬/૨૦૨૪-૨૫ | માઇક્રોબાયોલોજીસ્ટ | ૦૧ | |

B=BLIND, LV=LOW VISION, D=DEAF, HH=HARD OF HEARING, OA= ONE ARM (LEFT OR RIGHT) AFFECTED, BA=BOTH ARMS AFFECTED, OL= ONE LEG (LEFT OR RIGHT) AFFECTED, BL=BOTH LEGS AFFECTED, OAL= ONE ARM AND ONE LEG AFFECTED, CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, ASD(M)=AUTISM SPECTRUM DISORDER(MILD)), SLD= SPECIFIC LEARNING DISABILITY, MI=MENTAL ILLNESS, MD= MULTIPLE DISABILITIES.

- **આ બાબતે જાહેરાત સાથે આયોગની વેબસાઇટ પર અપલોડ કરવામા આવેલ વિભાગના તા:૧૬/૦૧/૨૦૨૪ ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.**

**(૨)** અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગું પડશે.

**(૩)** મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો) તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**(૪)** બિનઅનામત કેટેગરીની જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ તથા આર્થિક રીતે નબળા વર્ગો, સા.શૈ.પ.વર્ગ., અનુસૂચિત જાતિ અને અનુ. જનજાતિની કુલ અનામત જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ પર પસંદગી જે તે કેટેગરીના ઉમેદવારો તથા તે પૈકી મહિલા ઉમેદવારોએ પસંદગીની પ્રક્રિયા દરમિયાન પ્રાપ્ત કરેલ ગુણ અને આયોગે સંબંધિત સેવાની કાર્યક્ષમતા જાળવી રાખવા નિયત કરેલ લાયકી ધોરણ ધ્યાને લઇ કરવામાં આવશે.

**(૫)** ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

**(૬)** કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજુઆત /વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**(૭)** એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

**(૮)** ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

**(૯)** ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં, આયોગ દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે જ મોકલી આપવા.

**(૧૦)** આર્થિક રીતે નબળા વર્ગોના (EWS) ઉમેદવારોએ **તા.૦૧-૦૯-૨૦૨૧ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું EWS પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**(૧૧)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ **તા.૦૧-૦૪-૨૦૨૨ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' (NCLC) રજૂ કરવાનું રહેશે.

**(૧૨)** સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે **https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf** મુજબના નિયત નમૂનામાં અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ.

## [ ૨ ] શૈક્ષણિક લાયકાત અને અનુભવ:-

(A) Possess a degree of Bachelor of Medicine and Bachelor of Surgery or as the case may be Bachelor of Dental Surgery of any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institutions recognised as such or declared to be a deemed University under section 3 of the University Grants Commission Act,1956 (3 of 1956) or possess any other an equivalent qualification specified in the National Medical Commission Act,2019; or as the case may be possess an equivalent qualification recognized by Dental Council of India; and

(B) (i) Post-Graduate Degree in respective subject as shown in the Annexure against the each post, obtained from any of the Universities

established or incorporated by or under the Central or State Act in India; or possess an equivalent qualifications recognized by the National Medical Commission or as the case may be possess an equivalent qualification recognized by Dental Council of India or a degree of Diplomate of National Board awarded by the National Board of Examinations; or

(ii) a post-graduate diploma in respective subject as shown in the Annexure against the each post obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or possess an equivalent qualifications recognized by the National Medical Commission; or as the case may be possess an equivalent qualification recognized by Dental Council of India and have about two years' experience in respective subject in Government/Local Bodies /Government Undetaking/Board/ Corporation/Limited Company established under Companies Act, 2013/Registered Non-Governmental Organisation/Government Hospital / Trust Hospital /Private Hospital.

## Annexure

| Sr. No. | Name of the Post | Educational Qualification |
|---|---|---|
| 1 | Pathologist | M.D.(Pathology) or<br>Diplomate of National Board or<br>Post- Graduate Diploma in Pathology |
| 2 | Psychiatrist | M.D.(Psychiatry) or<br>Diplomate of National Board or<br>Post Graduate Diploma in Psychiatry |
| 3 | Microbiologist | M.D.(Microbiologist) or<br>Diplomate of National Board or<br>Post Graduate Diploma in Microbiology |

[ ૩ ] ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ના ઉપયોગ અંગેની પાયાની જાણકારી

[ ૪ ] ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન;

[ ૫ ] પગાર ધોરણ: સાતમા પગારપંચ રૂ. ૬૭,૭૦૦-૨,૦૮,૭૦૦. લેવલ-૧૧

[ ૬ ] ઉંમર: ૪૦ વર્ષથી વધુ નહીં. (ઉંમર ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે)

[ ૭ ] ઉપલી વય-મર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળશે:

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ. |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઇઓ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમા ની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**નોંધ:**

**(૧)**The Candidate appointed by direct selection shall be required to get himself registered under the Gujarat Medical Council Act, 1967 or the Dentists Act,1948 or any other corresponding law for the time being in force, at the time of his appointment, if he is not so registered.

**(૨) <u>પ્રાથમિક કસોટીની પરીક્ષા પધ્ધતિ:</u>** સંબંધિત વિષયનું ૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે. જેનો સમયગાળો ૧૮૦ મિનિટ્સનો રહેશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૨૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના ઉમેદવાર ૨૦% થી ઓછા ગુણ મેળવશે તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

**(૩)** રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવાનું રહેશે.

| *કુલ જગ્યાઓ* | *રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા* |
|---|---|
| *૦૧* | *૦૬* |
| *૦૨* | *૦૮* |
| *03* | *૧૦* |
| *૦૪ કે તેથી વધુ* | *કુલ જગ્યાઓના 03 ગણા* |

**(૪)** જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

**(૫)** જો ઉમેદવારે વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા / સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર / પૂરાવા રજૂ કરવાના રહેશે.

**(૬)** આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**(૭) <u>અરજી ફી:</u>** સામાન્ય કેટેગરીના (બિનઅનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ અથવા ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, આર્થિક રીતે નબળા વર્ગો, માજી સૈનિકો તથા દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની રહેતી નથી. ગુજરાત રાજય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

(વિણા પટેલ )
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

**નોંધ : ઓનલાઇન અરજી કરવાની રીત** https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay **પર જોઇ શકાશે.**

# GUJARAT PUBLIC SERVICE COMMISSION
**SECTOR-10 A, NR. CHH-3 CIRCLE, CHH ROAD, GANDHINAGAR-382010**

**R-2 Branch**

Online applications are invited for the various Posts of **Specialist, Class-I**, Gujarat Health and Medical Services under Health & Family Welfare Department (Advt. No.: 24/2023-24 to Advt. No.: 26/2023-24). Candidates can apply during Date: 12/08/2024, 13:00 to Date: 31/08/2024, 23:59. Candidates are instructed to see Notice Board or to visit the Website of Commission https://gpsc.gujarat.gov.in or https://gpsc-ojas.gujarat.gov.in for all provisions of advertisement, General Instructions, application form and age relaxation.

[1] Tentative Month of Preliminary test, Result of Preliminary test and interview are as shown below:

| Sr. No. | Advt. No. | Specialist - Class-I, Gujarat Health and Medical Services, (Subject Name) | Tentative Month of Preliminary Test | Tentative Month of Preliminary Test's result | Tentative Month of Interview |
|---|---|---|---|---|---|
| 1 | 24/2024-25 | Pathologist | Dec.-2024 | March-2025 | June-2025 |
| 2 | 25/2024-25 | Psychiatrist | Dec.-2024 | March-2025 | June-2025 |
| 3 | 26/2024-25 | Microbiologist | Dec.-2024 | March-2025 | June-2025 |

| Advt. No. | Specialist - Class-I, Subject Name | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | | | | | 5 | | | | |
| | | | General | EWS | S.E.B.C. | S.C | S.T | General | EWS | S.E.B.C. | S.C | S.T |
| 24/2024-25 | Pathologist | 14 | 03 | 04 | 02 | 02 | 03 | 01 | 01 | 00 | 00 | 01 |
| 25/2024-25 | Psychiatrist | 22 | 03 | 05 | 08 | 02 | 04 | 01 | 01 | 02 | 00 | 01 |
| 26/2024-25 | Microbiologist | 16 | 04 | 03 | 05 | 01 | 03 | 01 | 01 | 01 | 00 | 01 |

**Note: -**

**(1)** Out of above mentioned posts, reserved post for Person with Disability Candidates are mentioned below. The candidates possessing disability as shown below can apply for the post as shown against it. The candidates possessing other than the prescribed physical disabilities are not eligible to apply.

| Sr. No. | Specialist-Class-1, Advt. No. | Subject Name | Out of the Total posts, No. of Reserved post for B/LV Candidates | Disability |
|---|---|---|---|---|
| 1 | 24/2024-25 | Pathologist | 01 | (a) B,LV<br>(b)D,HH<br>(c)OA,BA,OL,BL,OAL, CP,LC,Dw,AAV,SD,SI<br>(d) ASD(M),SLD,MI<br>(e) MD involving (a) to (d) above |
| 2 | 25/2024-25 | Psychiatrist | 01 | |
| 3 | 26/2024-25 | Microbiologist | 01 | |

B=BLIND, LV=LOW VISION, D=DEAF, HH=HARD OF HEARING, OA= ONE ARM (LEFT OR RIGHT) AFFECTED, BA=BOTH ARMS AFFECTED, OL= ONE LEG (LEFT OR RIGHT) AFFECTED, BL=BOTH LEGS AFFECTED, OAL= ONE ARM AND ONE LEG AFFECTED, CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, ASD(M)=AUTISM SPECTRUM DISORDER(MILD)), SLD= SPECIFIC LEARNING DISABILITY, MI=MENTAL ILLNESS, MD= MULTIPLE DISABILITIES.

In this regard, the resolution of the department dated:16/01/2024 uploaded on the Commission's website has to be taken into consideration.

**(2)** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

**(3)** In case of non-availability of woman candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

**(4)** Selection to the posts of unreserved category and posts reserved for Economically Weaker Section, SEBC category, SC category, ST category including the post reserved for woman candidates of respective category shall be made on the basis of marks obtained in selection process by the candidates of

respective categories and on the basis of qualifying standard prescribed by the commission keeping in view to maintain efficiency of respective cadre/service.

**(5)** Candidates shall carefully read Advertisement Number and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

**(6)** Any request or representation to correct any error or omission in the confirmed online application, or information filled in by the candidate shall not be accepted.

**(7)** In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered by the commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the commission.

**(8)** Candidates should keep the certificates ready to be submitted in case the candidate is eligible for Application Scrutiny.

**(9)** Candidates are requested not to send physical copy of the application along with attachments to the commission as of now. The physical copy of the application may be sent as and when asked by the commission.

**(10)** Candidates belonging to Economically Weaker Sections (EWS) have to produce EWS certificate in prescribed format issued by competent authority obtained **from 01-09-2021 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(11)** Candidates belonging to Socially and Educationally Backward Class have to submit 'Non-creamy layer Certificate' (NCLC) in prescribed format issued by the Competent Authority obtained **from 01-04-2022 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(12)** All the candidates except those who are Government Servants/Officers shall compulsorily submit the experience certificate as per prescribed format given in the link.https://gpsc.gujarat.gov.in/Documents/Advertisment Document /IN-EXPFORMAT-240523.pdf.Experience Certificate in any other format will not be considered valid.

## [ 2 ] Educational Qualification & Experience:-

(A) Possess a degree of Bachelor of Medicine and Bachelor of Surgery or as the case may be Bachelor of Dental Surgery of any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institutions recognised as such or declared to be a deemed University under section 3 of the University Grants Commission Act,1956 (3 of 1956) or possess any other an equivalent qualification specified in the National Medical Commission Act,2019; or as the case may be possess an equivalent qualification recognized by Dental Council of India; and

(B) (i) Post-Graduate Degree in respective subject as shown in the Annexure against the each post, obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or possess an equivalent qualifications recognized by the National Medical Commission or as the case may be possess an equivalent qualification recognized by Dental Council of India or a degree of Diplomate of National Board awarded by the National Board of Examinations; or

(ii) a post-graduate diploma in respective subject as shown in the Annexure against the each post obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or possess an equivalent qualifications recognized by the National Medical Commission; or as the case may be possess an equivalent qualification recognized by Dental Council of India and have about two years' experience in respective subject in Government/Local Bodies /Government Undetaking/Board/ Corporation/Limited Company established under Companies Act, 2013/Registered Non-Governmental Organisation/Government Hospital / Trust Hospital /Private Hospital.

# Annexure

| Sr. No. | Name of the Post | Educational Qualification |
|---|---|---|
| **1** | **Pathologist** | **M.D.(Pathology) or<br>Diplomate of National Board or<br>Post- Graduate Diploma in Pathology** |
| **2** | **Psychiatrist** | **M.D.(Psychiatry) or<br>Diplomate of National Board or<br>Post Graduate Diploma in Psychiatry** |
| **3** | **Microbiologist** | **M.D.(Microbiologist) or<br>Diplomate of National Board or<br>Post Graduate Diploma in Microbiology** |

**[ 3 ]** Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

**[ 4 ]** Have adequate knowledge of Gujarati or Hindi or both.

**[ 5 ]** Pay Scale: - As Per 7th Pay Commission, Rs. 67,700-2,08,700 [Level-11].

**[ 6 ]** Age: Not be more than 40 years. Age will be considered as on last date of Online application.

**[7]** Upper Age Limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SC/ST/SEBC/EWS category of Gujarat Origin (if there is a post(s) shown in the concerned reserved category) | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SC/ST/SEBC/EWS category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman)<br>(Maximum Upto 45 Years) |
| 3 | Women Candidate of Unreserved Category (General Category) | 5 years (Maximum Upto 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.S.C.O. | The length of military service (At least five years of military services) + 3 years |
| 5 | Person with Disability | 10 Years (Maximum Up to 45 Years) |
| 6 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 and amendment from time to time, A candidate who is already in Gujarat | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is <u>not</u> prescribed as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary, |

| | | |
|---|---|---|
| | Govt. service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br><br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, whichever is less. |

**Note:**

(1) The Candidate appointed by direct selection shall be required to get himself registered under the Gujarat Medical Council Act, 1967 or the Dentists Act,1948 or any other corresponding law for the time being in force, at the time of his appointment, if he is not so registered.

(2) **Preliminary Exam Pattern:** A paper of Concerned Subject of 200 marks. Duration: 180 minutes. As per the Instruction/Provision of the Commission, the candidates who possess less than 25% marks in Preliminary Test shall not be eligible for Interview. Of which, the candidates of SC & ST categories, who possess less than 20% marks in Preliminary Test shall not be eligible for Interview.

(3) As per the Instruction/Provision of the commission, number of candidates of each category is being called for interview as per following norms:

| *No. of Posts* | *No.of Candidates to be called for an interview* |
|---|---|
| *01* | *06* |
| *02* | *08* |
| *03* | *10* |
| *04 & more* | *03 times of No. of posts* |

**(4)** The candidates should produce formula / method of calculation of percentage where percentage of marks is not mentioned in the marksheets by the University.

**(5)** The candidates having qualification from foreign University should produce necessary documents / proof regarding the recognition/equivalence of their degree.

**(6)** Candidates shall require to remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

**(7)** **Application Fees:** Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or in case of Online Payment, Rs. 100/- + Service charges as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Gujarat State, Ex-serviceman and Person with Disability have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fees.

(VINA PATEL)
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:** Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online.

# ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :–

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તારીખ: ૧૨-૦૮-૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૩૧-૦૮-૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધીમાં** https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )
Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.
જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજ્ય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે

"Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદના તમામ અનુભવની અલગ અલગ વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવો નહીં.

**નોંધ:-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિ. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

**(૧)** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૦૨/૦૯/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

**(૨)** મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

**(૩)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આ જ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો

મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

**(૪)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

**(૫)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

**(૬)** મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૭)** આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

## જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

### ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:– જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

### ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ– અલગ ઉલ્લેખ કરી સમયગાળો દર્શાવાનો રહેશે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા–વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક

રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬) (ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા–પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા–પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા–પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ–ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ **માજી સૈનિક :-**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ “આર્મ્સ

ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા"બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

(અ) સીધી પસંદગીથી ભરતી

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા–પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ–૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ–૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને

સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,
(૨) નામ બદલીને પરીક્ષા આપવી,
(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,
(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,
(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,
(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,
(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,
(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,
(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેક્ટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,
(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા
(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવ આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.
    (ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા
    (ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે
    (૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને
    (૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને
    (ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.
(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને
    (૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,
    (૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને
    (૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.

# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર–૧૦/એ, “છ–૩” સર્કલની નજીક, “છ” રોડ, ગાંધીનગર–૩૮૨૦૧૦**

**આર–૨ શાખા**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળની કામદાર રાજ્ય વીમા યોજના હસ્તકની **પેથોલોજીસ્ટ, વર્ગ–૧, (જાહેરાત ક્રમાંક: ૨૭/૨૦૨૪–૨૫) ની કુલ–૦૨** જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. ઉમેદવારો તા.૧૨-૦૮-૨૦૨૪ ૧૩:૦૦ કલાક થી તા.૩૧-૦૮-૨૦૨૪ ૨૩:૫૯ કલાક સુધીમાં ONLINE અરજી કરી શકશે. આ જાહેરાતની અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ, https://gpsc-ojas.gujarat.gov.in અથવા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે.

**જાહેરાતની સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઇટ પર વંચાણે લઇને જ ઉમેદવારે Online અરજી કરવાની રહેશે.**

**પ્રાથમિક કસોટીનો સૂચિત માસ: ડિસેમ્બર–૨૦૨૪**

**પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ: માર્ચ–૨૦૨૫**

**રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ: મે–૨૦૨૫**

**રૂબરૂ મુલાકાતના પરિણામનો સંભવિત માસ: રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજીત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિદ્ધ કરવામાં આવશે.**

**[૧] ભરવાની થતી કુલ જગ્યાઓની વર્ગ પ્રમાણે વિગત નીચે મુજબ છે:**

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | | ૪ | | | | |
| | | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ. જન જાતિ | સામાન્ય | આર્થિક રીતે નબળા વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ. જન જાતિ |
| **પેથોલોજીસ્ટ, વર્ગ–૧, (કામદાર રાજ્ય વીમા યોજના)** | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

- **ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ કુલ જગ્યાઓ પૈકી એક પણ જગ્યા દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલ નથી.**

**નોંધ**:

**(૧)** દિવ્યાંગ ઉમેદવારો માટે કોઇ જગ્યા અનામત રાખવામાં આવેલ નથી. નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. આ સિવાયની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર નથી.

| ક્રમ | જગ્યાનું નામ | દિવ્યાંગતા |
|---|---|---|
| ૧ | પેથોલોજીસ્ટ, વર્ગ-૧, (કામદાર રાજ્ય વીમા યોજના) | (a) B,LV<br>(b)D,HH<br>(c)OA,BA,OL,BL,OAL,CP,LC,Dw,AAV,SD,SI<br>(d) ASD(M),SLD,MI<br>(e) MD involving (a) to (d) above |

B=BLIND, LV=LOW VISION, D=DEAF, HH=HARD OF HEARING, OA= ONE ARM (LEFT OR RIGHT) AFFECTED, BA=BOTH ARMS AFFECTED, OL= ONE LEG (LEFT OR RIGHT) AFFECTED, BL=BOTH LEGS AFFECTED, OAL= ONE ARM AND ONE LEG AFFECTED, CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, ASD(M)=AUTISM SPECTRUM DISORDER(MILD)), SLD= SPECIFIC LEARNING DISABILITY, MI=MENTAL ILLNESS, MD= MULTIPLE DISABILITIES.

આ બાબતે જાહેરાત સાથે આયોગની વેબસાઇટ પર અપલોડ કરવામા આવેલ વિભાગના તા:૨૮/૦૫/૨૦૨૪ ના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લેવાની રહેશે.

**(૨)** અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગું પડશે.

**(૩)** મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો) તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**(૪)** બિનઅનામત કેટેગરીની જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ તથા આર્થિક રીતે નબળા વર્ગો, સા.શૈ.પ.વર્ગ., અનુસૂચિત જાતિ અને અનુ. જનજાતિની કુલ અનામત જગ્યાઓ અને તે પૈકી મહિલા ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ પર પસંદગી જે તે કેટેગરીના ઉમેદવારો તથા તે પૈકી મહિલા ઉમેદવારોએ પસંદગીની પ્રક્રિયા દરમિયાન પ્રાપ્ત કરેલ ગુણ અને આયોગે સંબંધિત સેવાની કાર્યક્ષમતા જાળવી રાખવા નિયત કરેલ લાયકી ધોરણ ધ્યાને લઇ કરવામાં આવશે.

**(૫)** ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

**(૬)** કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજુઆત /વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

**(૭)** એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

**(૮)** ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

**(૯)** ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં, આયોગ દ્વારા જ્યારે મંગાવવામાં આવે ત્યારે જ મોકલી આપવા.

**(૧૦)** આર્થિક રીતે નબળા વર્ગોના (EWS) ઉમેદવારોએ **તા.૦૧-૦૯-૨૦૨૧ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું EWS પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**(૧૧)** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ **તા.૦૧-૦૪-૨૦૨૨ થી જાહેરાતમાં અરજી કરવાની અંતિમ તારીખ ૩૧-૦૮-૨૦૨૪** સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારી દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ નિયત નમૂનાનું 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' (NCLC) રજૂ કરવાનું રહેશે.

**(૧૨)** સરકારી કર્મચારી/અધિકારી હોય તે સિવાયના તમામ ઉમેદવારોએ ફરજિયાતપણે **https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf** મુજબના નિયત નમૂનામાં અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ.

## [ ૨ ] શૈક્ષણિક લાયકાત અને અનુભવ:-

(A) possess a degree of Bachelor of Medicine and Bachelor of Surgery obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act,1956; or possess any other equivalent qualification specified in the First or Second Schedule to the Indian Medical Council Act,1956; and

(B). (i) possess a post-graduate diploma in respective subject as shown in the Annexure against the each post obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or possess an equivalent qualifications recognized by the Medical Council of India; and have about two years' experience in Government Hospital/ Non-Government Organisation Hospital/ Hospital run by Registered Trust/Local Bodies; or

(ii) possess post-graduate degree in respective subject as shown in the Annexure against the each post, obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or possess an equivalent qualifications recognized by the Medical Council of India.

## Annexure

| Sr. No. | Post | Educational qualification |
|---|---|---|
| 1 | Pathologist,Class-I | M.D.(Pathology) or Post Graduate Diploma in Pathology or DNB (Clinical Pathology) |

[ ૩ ] ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટર ના ઉપયોગ અંગેની પાયાની જાણકારી

[ ૪ ] ગુજરાતી અને/અથવા હિન્દીનું પૂરતું જ્ઞાન;

[ ૫ ] પગાર ધોરણ: આર.ઓ.પી-૨૦૧૬ મુજબ પે-મેટ્રીક્સ લેવલ-૧૧,રૂ. ૬૭,૭૦૦-૨,૦૮,૭૦૦.

[ ૬ ] ઉંમર: ૪૫ વર્ષથી વધુ નહીં. (ઉંમર ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે)

[ ૭ ] ઉપલી વય-મર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળશે:

| | | |
|---|---|---|
| ૧ | માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.એસ.સી.ઓ. સહિત | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા (ઓછામાં ઓછી પાંચ વર્ષની સંરક્ષણ સેવા) ઉપરાંત બીજા ત્રણ વર્ષ. |
| ૨ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલકી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વયમર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય; પરંતુ ઇજનેરી, તબીબી, ખેતીવિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાં થી બઢતી મળવા પાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુ માં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે. |

**નોંધ:**

**(૧)**The Candidate appointed by direct selection shall get himself registered under the Gujarat Medical Council Act, 1967 before joining the duty.

**(૨) પ્રાથમિક કસોટીની પરીક્ષા પધ્ધતિ:** સંબંધિત વિષયનું ૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે. જેનો સમયગાળો ૧૮૦ મિનિટ્સનો રહેશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૨૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. જેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના ઉમેદવાર ૨૦% થી ઓછા ગુણ મેળવશે તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

**(૩)** રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવાનું રહેશે.

| *કુલ જગ્યાઓ* | *રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા* |
|---|---|
| *૦૧* | *૦૬* |
| *૦૨* | *૦૮* |
| *03* | *૧૦* |
| *૦૪ કે તેથી વધુ* | *કુલ જગ્યાઓના 03 ગણા* |

**(૪)** જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

**(૫)** જો ઉમેદવારે વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા / સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર / પૂરાવા રજૂ કરવાના રહેશે.

**(૬)** આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**(૭)** **અરજી ફી:** સામાન્ય કેટેગરીના (બિનઅનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ અથવા ઓનલાઇન ફી ભરવાના કિસ્સામાં રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, આર્થિક રીતે નબળા વર્ગો, માજી સૈનિકો તથા દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની રહેતી નથી. ગુજરાત રાજ્ય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

(વિણા પટેલ )
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

**નોંધ : ઓનલાઇન અરજી કરવાની રીત** https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay **પર જોઇ શકાશે.**

| | |
|---|---|
| | **GUJARAT PUBLIC SERVICE COMMISSION**<br>**SECTOR-10 A, NR. CHH-3 CIRCLE, CHH ROAD,**<br>**GANDHINAGAR-382010** |

**R-2 Branch**

Online applications are invited for under the post of **Pathologist, Class-I, (Employees State Insurance Scheme) (Advt. No. 27/2024-25)** under the Health and Family Welfare Department. Candidates can apply during Date: 12-08-2024, 13:00 p.m. to Date:-31-08-2024, 23:59 p.m. Candidates are instructed to see Notice Board or to visit the Website of Commission https://gpsc.gujarat.gov.in or https://gpsc-ojas.gujarat.gov.in for all provisions of advertisement, General Instructions, application form and age relaxation.

**Tentative Month of Preliminary Test: December-2024**

**Tentative Month of Preliminary Test's Result: March-2025**

**Tentative Month of Interview: May-2025**

**Tentative Month of Interview Result:** Result will be published approximately within 10 working days after Completion of Interview.

**[ 1 ]Category wise details of total vacancies to be filled are as follows:**

| Name of post | Total Vacancies | Category wise Vacancies | | | | | Out of Total Posts, reserved for Women | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | | | | | 4 | | | | |
| | | General | EWS | S.E.B.C | S.C | S.T | General | EWS | S.E.B.C | S.C | S.T |
| Pathologist, Class-I, (Employees State Insurance Scheme) | 02 | 00 | 00 | 01 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |

❖ **Out of the total posts mentioned in the above table, no post is reserved for persons with disability candidates.**

**Note:**

**(1)** No Post is reserved for persons with disabilities Candidates. Only candidates having disability as described below in the table can apply for this post. The candidates possessing other than the below prescribed physical disabilities are not eligible to apply.

| Sr | Name of post | Disability |
|---|---|---|
| 1 | **Pathologist, Class-I, (Employees State Insurance Scheme)** | (a) B,LV<br>(b)D,HH<br>(c)OA,BA,OL,BL,OAL,CP,LC,Dw,AAV,SD,SI<br>(d) ASD(M),SLD,MI<br>(e) MD involving (a) to (d) above |

B=BLIND, LV=LOW VISION, D=DEAF, HH=HARD OF HEARING, OA= ONE ARM (LEFT OR RIGHT) AFFECTED, BA=BOTH ARMS AFFECTED, OL= ONE LEG (LEFT OR RIGHT) AFFECTED, BL=BOTH LEGS AFFECTED, OAL= ONE ARM AND ONE LEG AFFECTED, CP= CEREBRAL PALSY, LC=LEPROSY CURED, Dw= DWARFISM, AAV= ACID ATTACK VICTIM, SD= SPINAL DEFORMITY, SI= SPINAL INJURY, ASD(M)=AUTISM SPECTRUM DISORDER(MILD)), SLD= SPECIFIC LEARNING DISABILITY, MI=MENTAL ILLNESS, MD= MULTIPLE DISABILITIES.

In this regard, the resolution of the department dated:28/05/2024 uploaded on the Commission's website has to be taken into consideration.

**(2)** The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

**(3)** In case of non-availability of woman candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

**(4)** Selection to the posts of unreserved category and posts reserved for Economically Weaker Section, SEBC category, SC category, ST category including the post reserved for woman candidates of respective category shall be made on the basis of marks obtained in selection process by the candidates of respective categories and on the basis of qualifying standard prescribed by the commission keeping in view to maintain efficiency of respective cadre/service.

**(5)** Candidates shall carefully read Advertisement Number and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

**(6)** Any request or representation to correct any error or omission in the confirmed online application, or information filled in by the candidate shall not be accepted.

**(7)** In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered by the commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the commission.

**(8)** Candidates should keep the certificates ready to be submitted in case the candidate is eligible for Application Scrutiny.

**(9)** Candidates are requested not to send physical copy of the application along with attachments to the commission as of now. The physical copy of the application may be sent as and when asked by the commission.

**(10)** Candidates belonging to Economically Weaker Sections (EWS) have to produce EWS certificate in prescribed format issued by competent authority obtained **from 01-09-2021 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(11)** Candidates belonging to Socially and Educationally Backward Class have to submit 'Non-creamy layer Certificate' (NCLC) in prescribed format issued by the Competent Authority obtained **from 01-04-2022 to the last date of application in advertisement date: 31-08-2024.**

**(12)** All the candidates except those who are Government Servants/Officers shall compulsorily submit the experience certificate as per prescribed format given in the link.https://gpsc.gujarat.gov.in/Documents/Advertisment Document /IN-EXPFORMAT-240523.pdf.Experience Certificate in any other format will not be considered valid.

## [ 2 ] Educational Qualification

**(A)** possess a degree of Bachelor of Medicine and Bachelor of Surgery obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognised as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act,1956; or possess any other equivalent qualification specified in the First or Second Schedule to the Indian Medical Council Act,1956; and

**(B). (i)** possess a post-graduate diploma in respective subject as shown in the Annexure against the each post obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or possess an equivalent qualifications recognized by the Medical Council of India; and have about two years' experience in Government Hospital/ Non-Government Organisation Hospital/ Hospital run by Registered Trust/Local Bodies; or

**(ii)** possess post-graduate degree in respective subject as shown in the Annexure against the each post, obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or possess an equivalent qualifications recognized by the Medical Council of India;

Annexure

| Sr. No. | Post | Educational qualification |
|---|---|---|
| **1** | **Pathologist,Class-I** | **M.D.(Pathology) or Post Graduate Diploma in Pathology or DNB (Clinical Pathology)** |

**[ 3 ]** Possess the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;

**[ 4 ]** Have adequate knowledge of Gujarati or Hindi or both.

**[ 5 ]** Pay Scale: - As Per R.O.P-2016 Pay Matrix Level-11,Rs. 67,700-2,08,700.

**[ 6 ]** Age: Not be more than 45 years. Age will be considered as on last date of Online application.

**[7]** Upper Age Limit shall be relaxed as under:

| | | |
|---|---|---|
| 1 | Ex. Serviceman Including E.C.O. / S.S.C.O. | The length of military service (At least five years of military services) + 3 years |

| | | |
|---|---|---|
| 2 | As per Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967, A candidate who of Gujarat Govt. Employee is already in Gujarat Govt. Service, either as a permanent or a temporary officiating continuously for six months and had not crossed age limit prescribed for the Advertised post at the time of his first appointment. | (1) If experience is prescribed as one of the qualifications, the upper age limit shall not apply.<br>(2) If experience is not prescribed as one of the qualifications and Govt. servant appointed to a post requiring a Medical, Engineering, Veterinary, Agriculture degree or diploma and who applied for any such post, the upper age limit shall not apply.<br>(3) If experience is not prescribed as one of the qualifications in the advertisement, Govt. servants who are working on the post from which an employee can be promoted to the post so advertised, be entitled to relaxation of 5 years, or to the extent of equal number of years for which service has been put in by him, which is less. |

**Note:**

**(1)** The Candidate appointed by direct selection shall get himself registered under the Gujarat Medical Council Act, 1967 before joining the duty.

**(2)** **Preliminary Exam Pattern:** A paper of Concerned Subject of 200 marks. Duration: 180 minutes. As per the Instruction/Provision of the Commission, the candidates who possess less than 25% marks in Preliminary Test shall not be eligible for Interview. Of which, the candidates of SC & ST categories, who possess less than 20% marks in Preliminary Test shall not be eligible for Interview.

**(3)** As per the Instruction/Provision of the commission, number of candidates of each category is being called for interview as per following norms:

| *No. of Posts* | *No.of Candidates to be called for an interview* |
|---|---|
| *01* | *06* |
| *02* | *08* |
| *03* | *10* |
| *04 & more* | *03 times of No. of posts* |

**(4)** The candidates should produce formula / method of calculation of percentage where percentage of marks is not mentioned in the marksheets by the University.

**(5)** The candidates having qualification from foreign University should produce necessary documents / proof regarding the recognition/equivalence of their degree.

**(6)** Candidates shall require to remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

**(7) Application Fees:** Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or in case of Online Payment, Rs. 100/- + Service charges as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Gujarat State, Ex-serviceman and Person with Disability have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fees.

(VINA PATEL)
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:** Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online.

# ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :–

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર **તારીખ: ૧૨-૦૮-૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ: ૩૧-૦૮-૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધીમાં** https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )
Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.
જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજ્ય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે

"Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદના તમામ અનુભવની અલગ અલગ વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવો નહીં.

**નોંધ:-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિ. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

**(૧)** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

**૧. પોસ્ટ ઓફીસમાં :** સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૦૨/૦૯/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

**(૨)** મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

**(૩)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આ જ મોડ્યૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો

મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

**(૪)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

**(૫)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

**(૬)** મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૭)** આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

## જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

### ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

### ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર
પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,
(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ– અલગ ઉલ્લેખ કરી સમયગાળો દર્શાવાનો રહેશે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow **તથા** Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

## ૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક

રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬) (ક) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા. ૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ **માજી સૈનિક :-**

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ ''આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન''ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ ''ના-વાંધા પ્રમાણપત્ર'' નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉક્ત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

**૧૫** **રજીસ્ટ્રેશન :-**

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૧૬** **અગત્યની જોગવાઇઓ :-**

(અ) સીધી પસંદગીથી ભરતી

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

**૧૭** **રૂબરૂ મુલાકાત:-**

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દૃષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને

સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેક્ટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવ આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદ્દત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું– હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ.

# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેક્ટર-૧૦-એ, છ-૩"પરિણામ" સર્કલ પાસે,"છ"રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**
**ફોન નં- (૦૭૯)-૨૩૨-૫૮૯૮૦ WebSite : https://gpsc.gujarat.gov.in**

**ઈએક્સ-૨ શાખા**

**જાહેરાત ક્રમાંક : ૨૮/૨૦૨૪-૨૫, રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩** સંવર્ગની નીચે દર્શાવેલ **કુલ-૩૦૦** જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે Online અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે http://gpsc-ojas.gujarat.gov.in પર તા.૧૨/૦૮/૨૦૨૪ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૩૧/૦૮/૨૦૨૪ (રાત્રિના ૧૧:૫૯ કલાક) સુધીમાં અરજી કરવાની રહેશે. પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે.

**નોંધ :** (૧) આ જગ્યાઓ માટે પ્રાથમિક કસોટી (Preliminary Test) સંભવત : ડિસેમ્બર-૨૦૨૪ માં યોજવામાં આવશે.
(૨) પ્રાથમિક કસોટી (Preliminary Test)નું પરિણામ સંભવત : મે-૨૦૨૫ માં પ્રસિદ્ધ કરવામાં આવશે.

| જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી અનામત | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | બિન અનામત (સામાન્ય) | આર્થિક રીતે નબળા વર્ગો | સા. શૈ. પ. વ. | અનુ. જાતિ | અનુ. જન જાતિ | દિવ્યાંગ | માજી સૈનિક |
| રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ | ૩૦૦ | ૧૩૩ | ૩૩ | ૬૮ | ૧૬ | ૫૦ | ૪૪ | ૧૧ | ૨૨ | ૦૬ | ૧૭ | ૧૨ | ૩૦ |

**૧. દિવ્યાંગ ઉમેદવારો માટે :-**

(૧) ઉપરોક્ત જગ્યાઓ માટે નીચે દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયની અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહીં.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર | અનામત રાખવામાં આવેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|---|
| A | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ | LV-Low Vision (40-70%) | ૦૩ |
| B | બધિર અને ઓછું સાંભળનાર | D-Deaf, HH-Hard of Hearing (40-70%) | ૦૩ |
| C | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ | OA-One Arm, BA-Both Arms, OL-One Leg, BL-Both Legs, OAL-One Arm One Leg, CP-Cerebral Palsy, LC-Leprosy Cured, Dw-Dwarfism, AAV-Acid Attack Victim, SD-Spinal Deformity, SI-Spinal Injury | ૦૩ |
| D | સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | ASD (M-Mild, MoD-Moderate)-Autism Spectrum Disorder, MI- Mental Illness (40-70%) | ૦૨ |
| E | બહેરાશ-અંધત્વ સહિતની કોલમ (A) થી (D) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ | MD-Multiple Disabilities (40-70%) | ૦૧ |

(i) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.
(ii) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઈચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (A) થી (E) પૈકી કઈ દિવ્યાંગતા છે તે દર્શાવવાનું રહેશે:

(A) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,
(B) બધિર અને ઓછું સાંભળનાર,
(C) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,
(D) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી,
(E) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(iii) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(iv) દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ–૧૦૨૦૦૮–૪૬૯૫૪૦–ગ–૨ થી નિયત થયેલ નમૂનામાં અથવા રાજ્ય સરકાર કે ભારત સરકારે આ હેતુ માટે માન્ય કર્યા મુજબ સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડિકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્રની નકલ આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે અચૂક મોકલવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ સામેલ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(૨) દિવ્યાંગ તથા માજી સૈનિક માટે અનામત જગ્યાઓ ઉપર જે ઉમેદવાર પસંદગી પામશે તેઓ પોતે જે કેટેગરીના (બિન અનામત/અનુ.જાતિ/અનુ.જનજાતિ/સા.શૈ.પ.વર્ગ/આ.પ.વર્ગ) ઉમેદવાર હશે, તે કેટેગરીના ગણવામાં આવશે.

(૩) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ ના ઠરાવ ક્ર. સીઆરઆર–૧૦૨૦૦૧૭–૧૨૨૬૩૯–ગ.૨ ની જોગવાઇ મુજબ બેંચમાર્ક દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેમને જ દિવ્યાંગતાના લાભો મળવાપાત્ર રહેશે.

(૪) આયોગના તા.૦૯/૦૮/૨૦૧૬ ના કચેરી હુકમ ક્ર. નવન–૧૦૯૫–૨૦૬–ભાગ–૬–આર&ડી ની જોગવાઇને ધ્યાને લઇ અરજી કર્યા તારીખ બાદ જો કોઇ ઉમેદવાર દિવ્યાંગ બને અને તે અંગે જરૂરી દસ્તાવેજો/પૂરાવાઓ રજૂ કરે તો જાહેરાતના તે તબક્કાથી ઉમેદવારને દિવ્યાંગ તરીકેના લાભ/છૂટછાટ મળવાપાત્ર રહેશે.

## ૨. ઓનલાઇન અરજી કરવાની પદ્ધતિ :–

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા.૧૨/૦૮/૨૦૨૪ (બપોરના ૧૩:૦૦ કલાક) થી તા.૩૧/૦૮/૨૦૨૪ (રાત્રિના ૧૧:૫૯ કલાક) સુધીમાં http://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ :–**

GPSC-OJAS પરનું ઓનલાઇન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર Application ને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર Click કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં Click કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર Click કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગીવાળી જાહેરાતની સામેના "Apply" બટન પર Click કરતાં જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાંચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર Click કરતાં, તેઓને રજિસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર Click કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજિસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર Click કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર Click કરવું https://gpsc.gujarat.gov.in/Documents/Advertisment_Document/2019-7-15_694.pdf) Application Format માં સૌપ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)"માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મતારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે. જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > '( ) & + – ; ! > , . – * વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડી.ની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)"ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટ્સની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળમાંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)"માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Format માં (10 KB) સાઈઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઈલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)"માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)"માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શૂન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)"માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શૂન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગુ પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)"માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શાવવાનાં બદલે એક જ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગુ પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ Additional Information(વધારાની માહિતી)માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગુ પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહીં પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઇપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

**નોધ :–**

**One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહીં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજિયાતપણે કરવાની રહે છે જેમાં ચૂક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.**

**૩. અરજી ફી ભરવાની પદ્ધતિ :–**

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેના બે વિકલ્પો પૈકી કોઈ પણ રીતે ભરી શકે છે :

**૧. પોસ્ટ ઑફિસમાં** : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર Click કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઑફિસમાં જવાનું રહેશે. પોસ્ટ ઑફિસમાં રૂ.૧૦૦/– આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ તા.૦૨/૦૯/૨૦૨૪ સુધીમાં ભરવાના રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા Confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

**૨. ઓનલાઈન ફી :** ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર Click કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર Click કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું Screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની Print કાઢી લેવી. જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર Click કરીને Transactionની સ્થિતિ જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીના ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્રમાંક–૨ મુજબ) પદ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા/મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઑફિસ/ઓનલાઈન પદ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટ ઑફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું : એરફોર્સ કચેરીની સામે, છ–૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર–૧૦–એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/– રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, Confirmation Number અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પદ્ધતિથી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડ્યૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર Click કરીને સ્થિતિ જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found"નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમિયાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, Confirmation Number અને અરજી ક્રમની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું : એરફોર્સ કચેરીની સામે, છ–૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર–૧૦–એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમિયાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/– રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પૂરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પુરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહીં અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં.

**૪. વયમર્યાદા :–**

(૧) અરજી કરવાની છેલ્લી તારીખ અર્થાત તારીખ ૩૧/૦૮/૨૦૨૪ ના રોજ ઉમેદવારે ૨૦ (વીસ) વર્ષ પૂર્ણ કરેલ હોવા જોઈએ અને ૩૫ (પાંત્રીસ) વર્ષ પૂરા કરેલ ન હોવા જોઈએ. ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

(૨) ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | "For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit" |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ગુજરાત સરકારના કર્મચારીઓને ઉપલી વય મર્યાદામાં કોઇપણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

* અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

**૫. શૈક્ષણિક લાયકાત :–**

(i) Possess a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized by the Government;

A candidate who has appeared or intends to appear or awaiting the result of the final semester/year of the required qualification, can apply, but the candidate has to qualify and submit the required qualification as advertised before the last date of submitting the application for mains examination. A Candidate who fails to produce the proof of passing the Bachelor's degree Examination shall not be eligible for admission to Mains Examination.

(ii) Possess the basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967;

(iii) Possess adequate knowledge of Gujarati or Hindi or both.

**૬. પગાર ધોરણ :–**

નાણા વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ–૪/ઝ.૧ મુજબ **રૂ. ૪૯,૬૦૦/–ના માસિક ફિક્સ પગારથી પાંચ વર્ષ માટે** તેમજ નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ અને તા.૧૬/૧૦/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : ખરચ–૨૦૦૨–૫૭–(પાર્ટ–૩)–ઝ.૧ ની શરતો અને બોલીઓને આધિન નિમણૂક આપવામાં આવશે. ઉમેદવારે **પાંચ વર્ષ સંતોષકારક સેવા પૂર્ણ કર્યા પછી રૂ.૩૯,૯૦૦/– થી રૂ.૧,૨૬,૬૦૦/– પે મેટ્રીક્સના લેવલ–૭** ના પગારધોરણમાં નિયમિત નિમણૂક મળવાપાત્ર થશે.

**૭. પરીક્ષાની રૂપરેખા તથા અભ્યાસક્રમ :–**

આ પરીક્ષા ક્રમાનુસાર બે તબક્કામાં યોજવામાં આવશે.

(૧) પ્રાથમિક કસોટી (Preliminary Test)નું હેતુલક્ષી પ્રકારનું સામાન્ય અભ્યાસનું પ્રશ્નપત્ર ૨૦૦ ગુણ અને ૨ કલાકના સમય માટે રહેશે.

(૨) અંધ ઉમેદવારોને પ્રાથમિક અને મુખ્ય લેખિત પરીક્ષામાં પેપર દીઠ પ્રતિ કલાકે ૨૦ મિનિટનો વળતર સમય (Compensetory Time) આપવામાં આવશે. જેની મંજૂરી પરીક્ષા અગાઉ આયોગ પાસેથી લેવાની રહેશે.

(૩) મુખ્ય લેખિત પરીક્ષાના અભ્યાસક્રમમાં કુલ–૪ પેપર રહેશે.

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર–૧ | ગુજરાતી ભાષા | ૧૦૦ ગુણ | ૩:૦૦ કલાક |
| પ્રશ્નપત્ર–૨ | અંગ્રેજી ભાષા | ૧૦૦ ગુણ | ૩:૦૦ કલાક |
| પ્રશ્નપત્ર–૩ | સામાન્ય અભ્યાસ–૧ | ૧૦૦ ગુણ | ૩:૦૦ કલાક |
| પ્રશ્નપત્ર–૪ | સામાન્ય અભ્યાસ–૨ | ૧૦૦ ગુણ | ૩:૦૦ કલાક |

પેપર–૧ અને પેપર–૨ ના પ્રશ્નપત્રનું સ્તર ધોરણ–૧૨(ઉચ્ચતર કક્ષા)નું રહેશે તથા પેપર–૩ તથા પેપર–૪ ના પ્રશ્નપત્રોનું સ્તર સ્નાતક કક્ષાનું રહેશે. પ્રત્યેક પેપર દીઠ સમય ૩ કલાકનો રહેશે. Preliminary Test (પ્રાથમિક કસોટી)માં આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે કેટેગરીવાઇઝ લાયકી ધોરણ જેટલા ગુણ ધરાવતા જાહેરાતમાં દર્શાવેલ જગ્યાનાં આશરે છ ગણા ઉમેદવારોને જ મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે. પ્રાથમિક કસોટી તથા મુખ્ય લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રનો વિગતવાર અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ પર અલગથી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૪) મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવેલ ઉમેદવારોએ તમામ ૪ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત રહેવું ફરજિયાત છે. જો કોઈ ઉમેદવાર એક કે તેથી વધુ પ્રશ્નપત્રમાં ગેરહાજર રહેશે તો તેને પસંદગી માટે પાત્ર ગણવામાં આવશે નહીં.

(૫) Preliminary Test (પ્રાથમિક કસોટી)માં ઉમેદવારને કોમ્પ્યુટરાઇઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી [O.M.R Answer Sheet] આપવામાં આવશે. પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી હશે. દરેક પ્રશ્નના જવાબમાં A,B,C,D અને E એમ પાંચ વિકલ્પ આપવામાં આવશે. પાંચમો વિકલ્પ E 'Not attempted' તરીકેનો રહેશે. જો ઉમેદવાર પ્રશ્નનો જવાબ આપવા ન ઈચ્છતા હોય તો આ વિકલ્પ E પસંદ કરી શકશે.

(૧) ઉમેદવારે જે પ્રશ્નના જવાબ માટે જો પાંચમો વિકલ્પ E 'Not attempted' એનકોડ કરેલ હશે તો તે પ્રશ્નના "શૂન્ય " ગુણ ગણાશે અને તે પ્રશ્ન માટે કોઈ નેગેટીવ ગુણ કાપવામાં આવશે નહીં. તેથી ઉમેદવારે સાચો વિકલ્પ શોધી જવાબવહી [O.M.R Answer Sheet]માં સંબંધિત પ્રશ્નના ક્રમ સામે આપેલ A,B,C,D કે E ના વર્તુળને પૂરેપૂરું બ્લુ/કાળી શાહીની બોલ પેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈપણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહીં અને આપોઆપ શૂન્ય ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહીં.

(૨) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહીં.

(૩) આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબ, એક થી વધુ જવાબના કિસ્સામાં તથા એક પણ વિકલ્પ એનકોડ નહીં કરવાના કિસ્સામાં જે તે જવાબના નિશ્ચિત ગુણના ૦.૩ ગુણ કુલ મેળવેલ ગુણમાંથી બાદ કરવામાં આવશે. એટલે કે ખોટા જવાબો માટે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.

(૪) ઉમેદવાર દ્વારા જવાબવહી [O.M.R Answer Sheet]માં જો બેઠક નંબર/પ્રશ્ન પુસ્તિકા નંબર કે પ્રશ્ન પુસ્તિકા સિરિઝ ખોટા લખવામાં આવશે કે આ બાબતે કોઈ પણ ક્ષતિ આચરવામાં આવશે તો તેવી જવાબવહીઓ તપાસવામાં આવશે નહીં. અને આવા પ્રકારની ક્ષતિઓ પરત્વે જો જવાબવહી તપાસ્યા બાદ પણ ક્ષતિઓ/અપૂર્ણતાઓ ધ્યાને આવશે તો તેવા ઉમેદવારને માત્ર આવા કારણોસર પણ અસફળ જાહેર કરવામાં આવશે. જે અંગે પાછળથી કોઈ રજૂઆત/વિનંતી ધ્યાને લેવામાં આવશે નહીં. આથી તમામ ઉમેદવારોને O.M.R Answer Sheet માં ભરવાની થતી વિગતો સંપૂર્ણપણે યોગ્ય રીતે ભરવા અને એનકોડ [Encode] કરવા પૂરતી ચીવટ અને કાળજી રાખવા ખાસ સૂચના આપવામાં આવે છે.

(૫) કોઈ ઉમેદવાર દ્વારા અરજીપત્રકમાં માન્ય રમત–ગમતમાં પ્રતિનિધિત્વ કરેલ છે તેવી વિગત દર્શાવેલ હશે અને પાછળથી આ વિગત શરતચૂકથી દર્શાવેલ હતી કે તે અંગેનું પ્રમાણપત્ર રજૂ કરી શકે તેમ નથી તેવી રજૂઆત મળશે તો કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં અને જો ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં સફળ થયેલ હશે તો તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે નહીં. જેથી ઉમેદવારને આ અંગે અંગત કાળજી રાખવા સૂચના આપવામાં આવે છે.

(૬) પ્રાથમિક કસોટી (Preliminary Test)માં મેળવેલ ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. આખરી પરિણામ માત્ર મુખ્ય લેખિત પરિક્ષાના આધારે નિયત કરવામાં આવશે.

(૭) પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. સિવાય કે, મુખ્ય લેખિત પરીક્ષાના પેપર નં.૨ (અંગ્રેજી) નું માધ્યમ બધા ઉમેદવારો માટે અંગ્રેજી રહેશે.

**૮. પરીક્ષામાં પ્રવેશ :-**

(૧) જરૂરી ફી સાથે અરજી કરનાર દરેક ઉમેદવારને અરજીની ચકાસણી કર્યા સિવાય પ્રાથમિક કસોટી (Preliminary Test)માં બેસવા દેવામાં આવશે.

(૨) જે ઉમેદવારોને પ્રાથમિક કસોટી (Preliminary Test)ના પરિણામમાં મુખ્ય લેખિત પરીક્ષા માટે કામચલાઉ સફળ જાહેર કરેલ હશે તેઓએ મુખ્ય લેખિત પરીક્ષા માટે અલગથી બીજું અરજીપત્રક ઓનલાઈન ભરવાનું રહેશે. જેની સાથે જરૂરી ફી અને પ્રમાણપત્રો Scan કરીને ઉમેદવારે આયોગની વેબસાઈટ https://gpsc-iass.gujarat.gov.in પર Upload કરવાના રહેશે.

(૩) ઉમેદવારો તરફથી મળેલ અરજીપત્રકોની ભરતી નિયમો, પરીક્ષા નિયમો અને જાહેરાતની જોગવાઈઓ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ ચકાસણી કરવામાં આવશે અને આ જોગવાઈ સંતોષતા ઉમેદવારોને મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

(૪) મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ અંગે આયોગનો નિર્ણય આખરી ગણાશે અને આયોગના નિર્ણય સામે કોઈ પણ પત્ર વ્યવહાર ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

**૯. પરીક્ષા કેન્દ્રોની વિગત :-**

(૧) પ્રાથમિક પરીક્ષા માટે ઉમેદવારોની સંખ્યાને ધ્યાને લઈને આયોગ દ્વારા પરીક્ષા કેન્દ્રો નક્કી કરવામાં આવે તે પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષા આપવાની રહેશે. મુખ્ય લેખિત પરીક્ષા સંભવત: અમદાવાદ/ગાંધીનગર ખાતે લેવામાં આવશે.

(૨) પ્રાથમિક પરીક્ષા માટે પરીક્ષાનું સ્થળ, પરીક્ષાની તારીખ, પરીક્ષાના સમયની માહિતી આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in ઉપર મૂકવામાં આવશે અને પ્રાથમિક પરીક્ષા માટેના પ્રવેશપત્ર http://gpsc-ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ઉમેદવારોએ ડાઉનલોડ કરવાના રહેશે.

(૩) ઉમેદવારોએ પ્રાથમિક પરીક્ષા તથા મુખ્ય લેખિત પરીક્ષામાં સ્વ ખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે.

**૧૦. પરિણામ :-**

(૧) આખરી પરિણામ આયોગના નોટિસ બોર્ડ અને વેબસાઈટ પર મૂકવામાં આવશે.
(૨) આ પરિણામમાં ઉમેદવારના નામ, બેઠક ક્રમાંક, મેળવેલ કુલ ગુણની વિગતો આપવામાં આવશે.
(૩) આ પરિણામમાં અસફળ થયેલ ઉમેદવારોના બેઠક ક્રમાંક અને તેઓએ મેળવેલ ગુણની વિગતો આપવામાં આવશે.

**૧૧. પ્રતિક્ષાયાદી :-**

(૧) પ્રસ્તુત જાહેરાતમાં દર્શાવેલ જગ્યાની સંખ્યાના ૨૦% લેખે પ્રતિક્ષાયાદી બનાવવામાં આવશે. પ્રતિક્ષાયાદીની મુદ્દત, આ સંબંધમાં સરકારશ્રી દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ લાગુ પડતા હુકમ અનુસાર રહેશે.

**૧૨. ગુણપત્રક (Marksheet) :-**

મુખ્ય પરીક્ષાનું ગુણપત્રક મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના આખરી પરિણામ બાદ આયોગની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

**૧૩. ગુણની પુન:ચકાસણી :-**

(૧) જે ઉમેદવાર મુખ્ય લેખિત પરીક્ષાના પોતાના ગુણની ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તે ઉમેદવાર આયોગને મુખ્ય લેખિત પરીક્ષાના અંતે આખરી પરિણામ જાહેર કર્યા તારીખથી ત્રીસ દિવસની અંદર દરેક પેપર દીઠ અલગ અલગ અરજી કરી શકશે.

(૨) ઉમેદવારે પરીક્ષાનું નામ, બેઠક નંબર અને નામ/સરનામું દર્શાવવાનું રહેશે.

(૩) ફી અરજી સાથે રોકડેથી કે ભા.પો.ઓ.(Indian Postal Order) દ્વારા કચેરીના કાઉન્ટર પર અથવા આયોગ નિયત કરે તે મુજબ સ્વીકારવામાં આવશે.

(૪) ઉમેદવાર ટપાલથી આ અરજી મોકલી શકશે. આવી અરજી સાથે માત્ર સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગરના નામનો ક્રોસ્ડ ભા.પો.ઓ.(Indian Postal Order) મોકલવાનો રહેશે.

(૫) ઉત્તરવહીઓનું પુન:મૂલ્યાંકન (Revaluation) ફેર તપાસણી કોઈપણ સંજોગોમાં કરવામાં આવશે નહીં.

(૬) ગુણની પુન:ચકાસણી સિવાય ઉમેદવારે મેળવેલ ગુણ બાબતના કોઈપણ વિવાદને આયોગ લક્ષમાં લેશે નહીં.

**૧૪. અગત્યની સૂચના :-**

(૧) ઉમેદવારને પોતાની સાથે સેલ્યુલર ફોન, ટેબ્લેટ, પેજર અથવા બીજી કોઈ મોબાઈલ સંદેશાવ્યવહારના ઈલેક્ટ્રોનિક્સ – બ્લ્યુટુથ વગેરે સાધનો પરીક્ષા ખંડમાં સાથે લઈ જવાની છૂટ નથી, જેના ભંગ બદલ ઉમેદવારો માટે નિર્દિષ્ટ કરાયેલ શિક્ષાને પાત્ર બનશે.

(૨) ઉમેદવાર પ્રાથમિક કસોટી (Preliminary Test)માં તથા મુખ્ય લેખિત પરીક્ષામાં કેલ્ક્યુલેટરનો ઉપયોગ કરી શકશે નહીં.

(૩) અંધ ઉમેદવારને જે લહિયો મળવાપાત્ર છે તે વ્યક્તિની શૈક્ષણિક લાયકાત સ્નાતકની પરીક્ષા પાસ કરેલ ન હોવી જોઈએ.

(૪) અંધ ઉમેદવારે જે લહિયો રાખવાનો હોય તેની સંપૂર્ણ વિગત–(૧) નામ (૨) સરનામું (૩) શૈક્ષણિક લાયકાતની ઝેરોક્ષ નકલ આયોગને પરીક્ષા અગાઉ મોકલી આપવાની રહેશે અને તેની આયોગના ધારાધોરણ પ્રમાણે મંજૂરી મળ્યાની તેઓને જાણ કરવામાં આવશે.

(૫) લહિયાની સુવિધા મેળવનાર ઉમેદવારોને પરીક્ષામાં દર કલાક દીઠ ૨૦ મિનિટનો વળતર સમય (Compensatory Time) મળવાપાત્ર રહેશે.

(૬) ઉમેદવારોને ખાસ જણાવવાનું કે, અરજીપત્રક તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમિયાન કોઈ ઉમેદવાર, આ જગ્યાના ભરતી નિયમો, ભરતી પરીક્ષા નિયમોને જાહેરાતની જોગવાઈ તથા લાગુ પડતા અન્ય હુકમો મુજબ લાયકાત ધરાવતા નથી તેમ માલૂમ પડશે તો તેમની ઉમેદવારી કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે.

**૧૫. સામાન્ય શરતો :-**

(૧) અનામત વર્ગનો લાભ મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, અનુસૂચિત જાતિ, અનુ.જનજાતિ અને સા.અને શૈ.પ. વર્ગના ઉમેદવારોને જ મળશે.

(૨) અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહીં.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં કોઈ પણ વિગત ખોટી બતાવેલ હશે તો તેનું અરજીપત્રક કોઈ પણ તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી રદ ગણાશે.

(૪) ગુજરાત સરકારના કર્મચારી આયોગની જાહેરાત સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે. પરંતુ તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના વિભાગ/ખાતા/કચેરી તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની આયોગને જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૫) એથ્લેટિક્સ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમિંગ, ટેબલ ટેનિસ, વોલીબૉલ, ટેનિસ, વેઈટલિફટિંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો–ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમૂનામાં જરૂરી પ્રમાણપત્ર આયોગ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે. જો આ પ્રમાણપત્ર સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૦૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર–૧૦૭૭–૨૬૬૦–ગ–૨ થી નિયત કરવામાં આવેલ નમૂનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ નમૂનામાં હશે નહીં તો, વધારાના ગુણનો લાભ મળવાપાત્ર થશે નહીં.

(૬) ઉમેદવારે Online form ભરતી વખતે તેઓ અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે કે બિન અનામત કક્ષામાં અરજી કરવા માંગે છે તે સ્પષ્ટ જણાવવું. એક વખત Online અરજી કર્યા બાદ Online form માં દર્શાવેલ caste/category માં કોઈપણ જાતનો ફેરફાર કરવા દેવામાં આવશે નહીં. જો કોઈ ઉમેદવાર પાછળથી આ બાબતે રજૂઆત કરશે તો તેની રજૂઆત સ્વીકારવામાં આવશે નહીં કે તેનો કોઈ પ્રત્યુત્તર આયોગ દ્વારા આપવામાં આવશે નહીં. ઉમેદવારોને આ સૂચના ધ્યાને લઈ તેનું અચૂકપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

| |
|---|
| જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતાં વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે. |

**નોંધ ૧ :** જાહેરાતની જોગવાઈઓના અર્થઘટન અને ભરતી પ્રક્રિયા બાબતે જગ્યાનાં ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈઓ આખરી રહેશે.

**નોંધ ૨ :** ઉપરોક્ત રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ–૩ સંવર્ગની જગ્યાનાં ભરતી નિયમો, પરીક્ષા નિયમો તથા પ્રાથમિક અને મુખ્ય પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ–'અ' અને પરિશિષ્ટ–ક/પરિશિષ્ટ–૪, Annexure KH/પરિશિષ્ટ–ગ નો નમૂનો, દિવ્યાંગ ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાના ના–વાંધા પ્રમાણપત્રનો નમૂનો, રમત ગમતમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની વેબસાઇટ https:// gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯–૨૩૨૫૮૯૮૦ પરથી મળી શકશે.

**સહી/–**
(વિણા પટેલ)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

# GUJARAT PUBLIC SERVICE COMMISSION

<u>Advt. No. 28/2024-25</u> <u>Ex-2 Branch</u>

Online Applications are invited from <u>12/08/2024</u> (13:00 hours) to 31/08/2024 (23:59 hours) for the following **<u>300 Posts of State Tax Inspector, Class-3</u>**. The reservation for E.W.S., S.E.B.C., S.C., S.T. & Women candidates is as under. In case of non–availability of Women candidates, in the respective category, the post so reserved will be allotted to male candidates belonging to the same category.

**Note:-** (1) Tentative Month of Preliminary Test: December–2024.
(2) Tentative Month of Preliminary Test Result: May–2025.

| Name of Post | Total Posts | Category wise Posts | | | | | Out of Category wise posts reserved for women | | | | | Post reserved out of the total Posts | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Gen. | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | Gen. | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | PwD | Ex. Ser |
| State Tax Inspector, Class-3 | 300 | 133 | 33 | 68 | 16 | 50 | 44 | 11 | 22 | 06 | 17 | 12 | 30 |

## <u>For Persons with Disabilities</u> :-

| Sr. No. | Disability | Type of Disability | Number Of Reserved Posts |
|---|---|---|---|
| 1 | Blind/Low Vision | LV-Low Vision (40-70%) | 03 |
| 2 | Hard of Hearing | D-Deaf, HH-Hard of Hearing (40-70%) | 03 |
| 3 | Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims | OA-One Arm, BA-Both Arms, OL-One Leg, BL- Both Legs, OAL-One Arm One Leg, CP-Cerebral Palsy, LC-Leprosy Cured, Dw-Dwarfism, AAV-Acid Attack Victim, SD-Spinal Deformity, SI-Spinal Injury | 03 |
| 4 | Autism, Specific Learning Disability and Mental illness | ASD (M-Mild, MoD-Moderate)-Autism Spectrum Disorder, MI- Mental Illness (40-70%) | 02 |
| 5 | Multiple Disabilities from amongst persons under group (1) to (4) including Low Vision- Hard of Hearing | MD-Multiple Disabilities (40-70%) | 01 |

The candidates possessing other than the prescribed physical disability are not eligible to apply.

**<u>Note</u>** : The candidates belonging to reserved category can apply against vacancies for Unreserved category and the criteria will be applicable as per Unreserved Category.

**Education Qualification** :-

(1) Possess a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956 or possess an equivalent qualification recognized by the Government;

A candidate who has appeared or intends to appear or awaiting the result of the final semester/year of the required qualification, can apply, but the candidate has to qualify and submit the required qualification as advertised before the last date of submitting the application for mains examination. A Candidate who fails to produce the proof of passing the Bachelor's degree Examination shall not be eligible for admission to Mains Examination.

(2) Possess the basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967;

(3) Possess adequate knowledge of Gujarati or Hindi or both.

**Pay Scale** :-

**Rs.49,600/- (Fix Pay) for 5 years. Rs.39,900-1,26,600/- Pay matrix level No.7 (According to 7th Pay Commission)** after completion of the satisfactory service of 5 years.

**Age** :-

A candidate must have attained the age of 20 years and not be more than 35 years of age as on 31/08/2024 Age will be calculated as on the last date of receipt of application.

Upper age limit shall be relaxed as under :-

| | | |
|---|---|---|
| 1. | Candidates of E.W.S., S.E.B.C., S.C. & S.T. Category of Gujarat Origin | 05 years (subject to maximum 45 years ) |
| 2. | Women Candidates of E.W.S., S.E.B.C., S.C. & S.T. Category of Gujarat Origin | 10 years (including 5 years relaxation of reservation for female candidates)(subject to maximum 45 years) |
| 3. | General Category Women Candidates | 05 years (subject to maximum 45 years ) |
| 4. | Ex Serviceman, including E.C.O. / S.S.C.O. | "For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit" |
| 5. | Persons with Disabilities | 10 years (subject to maximum 45 years ) |
| 6. | Government employee of the state Government | No relaxation in upper age will be available to Government Servant |

**Note :-** For interpretation of any clause of this advertisement and for recruitment process the Recruitment Rules and Examination Rules of the post shall be final.

**Sd/–**

**(Vina Patel)**
**Joint Secretary**
**Gujarat Public Service Commission**

# જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

## ૧. નાગરિકત્વ :–

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા
(ખ) નેપાળનો પ્રજાજન અથવા
(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા
(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઈએ, અથવા
(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઈરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઈથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઈએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઈએ.

**નોંધ :–** જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

## ૨. અરજીપત્રક :–

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.
(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જિસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જિસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.
(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.
(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.
(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઈ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)
(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)
(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩. જન્મ તારીખ :–

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઈએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇ પણ કારણસર ફેરફાર થઈ શકશે નહીં.

## ૪. વયમર્યાદા :–

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહીં .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫. શૈક્ષણિક લાયકાત :–

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬. અનુભવ :–

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી, (ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમૂના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહીં. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહીં, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર/વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research Fellow તથા Junior Research Fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહીં.

## ૭. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :–

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહીં હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહીં થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તા.૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–ક' મુજબનું અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ–૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્ર. સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેના પ્રમાણપત્ર–Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા–વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ. **(એટલે કે તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીનું)** જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬) (ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમિયાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા–પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા–પિતા/વાલી આવી જાહેરાત નહીં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહીં થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈ પણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા–પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્ર. ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળા વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્ર. ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ–ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ.**(એટલે કે તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીનું)** જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWS ના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificate ને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિન અનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહીં.

## ૮. માજી સૈનિક :–

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા.૨૪/૦૧/૨૦૨૪ ના ઠરાવ ક્ર. GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઈ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમિયાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઑડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડિંગ ઑફિસર દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૭/૨૦૧૮ ના ઠરાવ ક્ર. આરઇએસ–૧૦૮૫૩૪૩૩–ગ.૨ જોગવાઈ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯. દિવ્યાંગ ઉમેદવારો :–

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા(Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ–અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્ધારા તેઓના તા.૨૯/૦૨/૨૦૨૪ ના પરિપત્ર ક્ર. GAD/PHA/e-file/1/2023/8017/ G2-Section ની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૦૧/૧૨/૨૦૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્ધારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦. મહિલા ઉમેદવાર :–

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧. વિધવા ઉમેદવાર :–

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજૂ કરવાની રહેશે.

(૩) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉક્ત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણૂક સમયે પુન: લગ્ન કરેલ ન હોય.

(૫) કોઈ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, દિવ્યાંગતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨. ના વાંધા પ્રમાણપત્ર :–

(૧) ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજૂર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઇ પણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/Bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee)ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાનું રહેશે.

## ૧૩. ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪. ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫. રજિસ્ટ્રેશન : -

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજિસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજિસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજિસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬. અગત્યની જોગવાઈઓ :-

### (અ) સીધી પસંદગીથી ભરતી :

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહીં તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

### (બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી :

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭. રૂબરૂ મુલાકાત :-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજિયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને/અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજિયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા–પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી.નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનું રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજૂ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે તથા આ પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

**(૪) વર્ગ–૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ–૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.**

## ૧૮. નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી) :–

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઈલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજૂ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃતિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના–વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય.

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઈ. પ્રમાણપત્રની નકલ રજૂ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમૂના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

(૧૦) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવું યુનિવર્સિટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯. નિમણૂક :–

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇ પણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/અનુભવ/ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇ પણ તબક્કે અયોગ્ય માલૂમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખૂબ જ ચોકસાઈથી પૂર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજૂ કરવા.

## ૨૦. ગેરવર્તણૂક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :–

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇ પણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહીં, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહીં, ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇ પણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહીં,જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં

અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇ પણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજૂ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છૂપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇ પણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજૂ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇ પણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇ પણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/મોબાઈલ/ઈલેકટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરીતિઓ પૈકી કોઇ પણ ગેરરીતિ આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇ પણ પ્રકારની શારીરિક ઇજા પહોંચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇ પણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને/અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇ પણ પરીક્ષા કે કોઇ પણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇ પણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇ પણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/સરકાર દ્વારા ઉમેદવારને/કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું–હકીકત રજૂ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

**સહી/-**

(વિણા પટેલ)

સંયુક્ત સચિવ

ગુજરાત જાહેર સેવા આયોગ

# ગુજરાત જાહેર સેવા આયોગ

## સેકટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

આર-૮ શાખા

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ **(GSCSCL)** હસ્તકની નીચે દર્શાવેલ જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે **Online (https://gpsc-ojas.gujarat.gov.in)** અરજીઓ **તારીખ- ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ – ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધી** મંગાવવામાં આવે છે. **(જાહેરાત ક્રમાંક: ૨૯/૨૦૨૪-૨૫)** આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ વિગતવાર અભ્યાસ કર્યા બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**૧) પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ, મુખ્ય કસોટી અને મુખ્ય કસોટીના પરિણામના સંભવિત તારીખ/માસ ની વિગતો નીચે મુજબ છે. આ જગ્યા માટે રૂબરૂ મુલાકાત યોજવાની થતી નથી.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીની સૂચિત માસ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | મુખ્ય કસોટીનો સૂચિત માસ | મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૯/૨૦૨૪-૨૫ | આસીસ્ટન્ટ મેનેજર, વર્ગ-૩ | જાન્યુઆરી-૨૦૨૫ | એપ્રિલ-૨૦૨૫ | જુલાઈ-૨૦૨૫ | ઓક્ટોબર-૨૦૨૫ |

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ |
| ૧ | ૨ | ૩ | સામાન્ય | આ.ન.વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સામાન્ય | આ.ન.વર્ગ | સા.શૈ.પ.વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | | |
| ૨૯/૨૦૨૪-૨૫ | આસીસ્ટન્ટ મેનેજર, વર્ગ-૩ | ૧૮ | ૦૯ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૫ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૧ |

## ૨) દિવ્યાંગ ઉમેદવારો માટે

(૧) જાહેરાત ક્રમાંક: ૨૯/૨૦૨૪-૨૫, આસીસ્ટન્ટ મેનેજર, વર્ગ-૩ માં નીચે કોષ્ટકમાં દર્શાવેલ નિયત દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવા પાત્ર છે. કોષ્ટકમાં દર્શાવ્યા સિવાયની અન્ય દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો અરજી કરવાને પાત્ર બનશે નહી.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર | અનામત રાખવામાં આવેલ જગ્યા |
|---|---|---|---|
| a | અંધત્વ અને ઓછી દ્રષ્ટી | B, LV | ૦૧ |
| b | બધિર અને ઓછું સાંભળનાર | D, HH | ૦૦ |
| c | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા,રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ. | OA, BA OL, BL, OAL,CP, Dw, AAV, MDy, SD, SI | ૦૦ |
| d | સ્વલીનતા(autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | MI | ૦૦ |
| e | બહેરાશ-અંધત્વ સહિતની ક્રમ (a) થી (d) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા | MD involving above (a) to (d) | ૦૦ |

| | |
|---|---|
| B= BLIND | CP= Cerebral Palsy |
| LV= LOW VISION | Dw= DWARFISM |
| D= DEAF | AAV=ACID ATTACK VICTIM |
| HH=HARD OF HEARING | MDy= MUSCULAR DYSTROPHY |
| OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) | SD=Spinal Deformity |
| BA= BOTH ARMS AFFECTED | SI=Spinal Injury without any associated neurological/Limb dysfunction |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | MI= Mental Illness |
| BL= BOTH LEGS AFFECTED BUT NOT ARMS | MD: Multiple Disability |
| OAL= ONE ARM AND LEG AFFECTED | |

(૨) ઉપરોક્ત જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ (GSCSCL) ના કર્મચારી ગણાશે. તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગુ પડશે.

(૪) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો), તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૫) **One Time Registration (OTR)** ઉમેદવારને ઓનલાઈન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે **Online** અરજી કરેલ ગણાશે નહી.

(૬) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓનલાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૭) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઈન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી **"Editable"** છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઈન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઈ ભૂલ થાય તો **"Edit"** વિકલ્પમાં જઈ વિગત/માહિતી સુધારી લેવી. નવી અરજી ન કરવી.

(૮) ઓનલાઈન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૯) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૧૦) ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર અને રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

(૧૧) ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણસહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં. પ્રાથમિક કસોટીના કામચલાઉ પરિણામ બાદ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોએ જ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઈટ **https://gpsc-iass.gujarat.gov.in/** પર નિયત સમયમર્યાદામાં ઓનલાઈન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઈન પદ્ધતિ સિવાય રૂબરૂ પોસ્ટ કે ઈ-મેઈલ મારફત આયોગ ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

## ૩) જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, વયમર્યાદા અને પગાર ધોરણની વિગતો:

| જાહેરાત ક્રમાંક | | |
|---|---|---|
| ૨૯/૨૦૨૪-૨૫ | જગ્યાનું નામ | આસીસ્ટન્ટ મેનેજર, વર્ગ-૩ |
| | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | Possess<br>(a) have Bacheleor's degree in any discipline of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956;<br>(b) possess the basic knowledge of computer application on the lines of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;<br>(c) possess the adequate knowledge of Gujarati or Hindi or both. |
| | વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઈશે નહીં. (ઉંમર ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે). |
| | પગાર ધોરણ | Pay scale of Rs. 39,900-1,26,600/- Pay Matrix Level-7 (Fix Pay:05 Years-Rs.49,600/-) in the GSCSCL service |

## ૪) વયમર્યાદામાં છૂટછાટ :

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઈ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઈ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit. |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | GSCSCL નાં કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈઓ મુજબ GSCSCL ની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | ૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય પરંતુ ઈજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમા ની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાત વાળી જગ્યા **(Any Such Post)** માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

* અનામત વર્ગોના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

**૫) નોંધ:**

૧ પ્રાથમિક કસોટી અને મુખ્ય લેખિત કસોટી સામાન્યતઃ ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

૨. **પરીક્ષાની રૂપરેખા:** પ્રસ્તુત પરીક્ષા માટે પ્રાથમિક કસોટી (Screening test) અને મુખ્ય લેખિત પરીક્ષાનુ માળખુ નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે.

| **પ્રાથમિક કસોટી**(screening test) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિષય | પરીક્ષાનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
| ૧. | સામાન્ય અભ્યાસ | હેતુલક્ષી | ૧૦૦ | ૧૦૦ | ૧૮૦ મીનીટ |
| | સંબંધિત વિષય | | ૨૦૦ | ૨૦૦ | |
| | કુલ | | ૩૦૦ | ૩૦૦ | |

| **મુખ્ય લેખિત પરીક્ષા** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | પેપર | વિષય | પરીક્ષાનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
| ૧. | પેપર-૧ | ગુજરાતી અને અંગ્રેજી | વર્ણનાત્મક | - | ૧૦૦ (૫૦ + ૫૦) | ૧૮૦ મીનીટ |
| | પેપર-૨ | સંબંધિત વિષય | | - | ૧૦૦ | ૧૮૦ મીનીટ |
| | | | | કુલ | ૨૦૦ | |

<u>**નોંધ :**</u>

(a) બોર્ડ, નિગમ, કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અથવા અર્ધસરકારી સંસ્થાની વર્ગ-૩ ની સીધી ભરતી માં આયોગ દ્વારા જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઇઝ જગ્યાના આશરે ૦૬ ગણા ઉમેદવારોને પ્રાથમિક કસોટીના કેટેગરીવાઇઝ લાયકી ધોરણના આધારે મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

(b) ઉમેદવારોએ પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવાના રહેશે નહી. ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે આખરી પરીણામ પ્રસિદ્ધ કરવામાં આવશે.

(c) ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના બન્ને પ્રશ્નપત્રોમાં ફરજીયાત હાજર રહેવુ પડશે. અન્યથા તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૩) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ **http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter: @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official)** પર મુકવામાં આવશે.

(૪) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૫) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઈ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

**(૬)** આ જાહેરાતો અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

**(૭)** અરજી ફીઃ સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તથા ઓનલાઈન ફી ભરે તો રૂ. ૧૦૦/- + સર્વિસ ચાર્જ અરજી ફી ભરવાની રહેશે. મૂળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો (આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) માજી સૈનિકો તથા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે. ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં રિફંડ મળવાપાત્ર નથી.

**(૮)** ઉક્ત જાહેરાતોમાં અર્થઘટન બાબતે જગ્યાનાં ભરતી વિનિયમો, સરકારશ્રીના ઠરાવ અને આયોગનાં કચેરી હુકમની જોગવાઈ આખરી રહેશે.

સહી/-
(ગૌરવ પંડ્યા)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

GPSC

**R-8 Branch**

Online applications are invited for the following post of **Gujarat State Civil Supplies Corporation Limited (GSCSCL), Advt. No.: 29/2024-25 between date: 12/08/2024, 13:00 to date: 31/08/2024, 23:59.** Candidates are instructed to visit Notice Board or the Website of Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, Important Instructions before applying.

**1) Tentative date/month of Preliminary Test, Result of Preliminary Test, Main Exam and Main Exam Result are shown below. There will be No Interviews for this post.**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative Month of Preliminary Test | Tentative month of Preliminary Test's Result | Tentative Month of Main Exam | Tentative Month of Main Exam Result |
|---|---|---|---|---|---|---|
| 1 | 29/2024-25 | Assistant Manager , Class-3 | January-2025 | April-2025 | July-2025 | October-2025 |

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Person with disability | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | | | | | 5 | | | | | 6 | 7 |
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 29/2024-25 | Assistant Manager, Class-3 | 18 | 09 | 01 | 03 | 00 | 05 | 03 | 00 | 01 | 00 | 01 | 01 | 01 |

**2) Note: -**

Advertisement No: 29/2024-25, Assistant Manager, Class-3 only candidates with disability mentioned in the table below are eligible to apply. Candidates with disabilities other than those mentioned in the table shall not be eligible to apply.

| Sr. No. | Disability | Type of Disability | Number Of Reserved Posts |
|---|---|---|---|
| a | Blindness and Low vision | B, LV | 01 |
| b | Deaf, Hard of Hearing | D, HH | 00 |
| c | Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims | OA, BA OL, BL, OAL,CP, Dw, AAV, MDy, SD, SI | 00 |
| d | Autism, Specific Learning Disability and Mental illness | MI | 00 |
| e | Multiple Disabilities from amongst persons under group (a) to (d) including Low Vision- Hard of Hearing | MD involving above (a) to (d) | 00 |

| | |
|---|---|
| B= BLIND | CP= Cerebral Palsy |
| LV= LOW VISION | Dw= DWARFISM |
| D= DEAF | AAV=ACID ATTACK VICTIM |
| HH=HARD OF HEARING | MDy= MUSCULAR DYSTROPHY |
| OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) | SD=Spinal Deformity |
| BA= BOTH ARMS AFFECTED | SI=Spinal Injury without any associated neurological/Limb dysfunction |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | MI= Mental Illness |
| BL= BOTH LEGS AFFECTED BUT NOT ARMS | MD: Multiple Disability |
| OAL= ONE ARM AND LEG AFFECTED | |

(2) The candidates selected in the above post shall be considered employees of **Gujarat State Civil Supplies Corporation Limited (GSCSCL)**. They shall not be considered employees of the Government of Gujarat.

(3) The candidates belonging to reserved category can apply against the vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(4) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(5) The One Time Registration (OTR) module only helps candidates to fill up Online Application form speadily, OTR is not counted as an Online Application.

(6) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(7) The online application is **"Editable"** till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there is any mistake in filling up the details / information in the online application, candidate may go to the **"Edit"** option and update the details till the last date & time of Application. Do not make a new application.

(8) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(9) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(10) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview.

(11) **Candidates are requested not to send physical copy of the application to the Commission as of now**. Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website **https://gpsc-iass.gujarat.gov.in/** within the stipuled time duration as mentioned in the provisional result. Certificates/Documents sent Physically or By Post or by e-mail or by any other way to the Commission will not be considered for the further recruitment process.

## 3) Name of Posts, Education Qualification, Experience, Age and Pay Scale Details:

| **Advt. No.** | | |
|---|---|---|
| 29/2024-25 | **Name of Post** | **Assistant Manager, Class-3** |
| | Education Qualification and Experience | (I) Possess<br>(a) have Bacheleor's degree in any discipline of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956;<br>(b) possess the basic knowledge of computer application on the lines of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967;<br>(c) possess the adequate knowledge of Gujarati or Hindi or both. |
| | Age | Not be more than 35 years of age. Age will be Considered as on last date of online application. |
| | Pay Scale | Pay scale of Rs. 39,900-1,26,600/- Pay Matrix Level-7 (Fix Pay:05 Years-Rs.49,600/-) in the GSCSCL service |

## 4) Age Relaxation:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SC/ ST/SEBC/EWS category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SC/ST/SEBC/EWS category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman) (Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate | 5 years (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit. |
| 5 | Person with Disability | 10 Years (Maximum Up to 45 Years) |

| | | |
|---|---|---|
| 6 | GSCSCL Employees: Employees who have been in the employment of the GSCSCL on a permanent or temporary basis for six consecutive months as per the provisions of the Gujarat Civil Service and Classification and Recruitment (General) Rules, 1967 and whose first appointment is within the age limit specified in the advertised post. | 1) Upper age limit shall not apply if experience is sought as qualification in advertisement.<br>(2) The upper age limit shall not apply to the post of any such qualified post (Any Such Post) to an employee who has not sought experience as a qualification in the advertisement but has been appointed to the post of engineering, medical, agricultural, veterinary degree or diploma.<br>(3) An employee serving in a cadre from which promotion is eligible, when experience is not sought as a qualification for the post mentioned in the advertisement, shall get a relaxation of the length of service rendered by him or a maximum of five years whichever is less.<br>(4) No relaxation in the upper age limit shall be admissible to the employees/officers of the Government of Gujarat in the competitive examination where experience has not been prescribed as a qualification in the advertisement. |

**5) Note:**

(1) The Preliminary test and main written will be held at Gandhinagar / Ahmedabad and candidates will have to be present at their own expense.

(2)
**Exam Pattern:- Procedure of the preliminary test(screening test) and the main written test for the present examination is prescribed as follow,**

| **Preliminary Test(screening test)** | | | | | |
|---|---|---|---|---|---|
| **Sr.** | **Subject** | **Exam Pattern** | **No. of questions** | **Marks** | **Time** |
| 1. | General studies | Objective | 100 | 100 | 180 minutes |
| | Concerned Subject | | 200 | 200 | |
| | **Total** | | **300** | **300** | |

| **Main Written Examination** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **Sr.** | **Paper** | **Subject** | **Exam Pattern** | **No. of questions** | **Marks** | **Time** |
| 1. | Paper-1 | Gujarati & English | Descriptive | - | 100 (50+50) | 180 minutes |
| | Paper-2 | Concerned Subject | | - | 100 | 180 minutes |
| | | | | **Total** | **200** | |

**Note:** (a) In the direct recruitment of class-III of Board, Corporation, Local self –government organization, Semi-government organization, candidates approximately 06 times the category-wise vacancy indicated in the advertisement by the commission will be admitted to the main written examination on the basis of the category –wise eligibility criteria of the preliminary examination.

(b) The marks obtained by the candidates in the preliminary examination shall not be considered for the final selection list. The final result will be published based on the total marks obtained by the candidates in the main written examination.

(c) Candidates must compulsorily appear in both the question papers of the main examination otherwise his/her candidature will be cancelled.

**(6)** The syllabus of a Preliminary Test for these posts will be available on the Commission's website http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/,Twitter:@ GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official).

**(7)** The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

**(8)** If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

**(9)** Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

**(10)** Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Unreserved category, Ex-Servicemen and person with disability do not have to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee. Refund policy is not admissible under any circumstances after payment of fee.

**(11)**For the provisions of the post, recruitment regulations, resolution of the Government and the office order of the Commission shall be final in respect of interpretation in the said advertisements.

Sd/-
( Gaurav Pandya)
Joint Secretary
Gujarat Public Service Commission

# જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

**૧ નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ,અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાન્ઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ. પરંતુ પેટા ક્રમાંક (ખ),(ગ), (ઘ), અને (ચ)માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:– જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

**૨ અરજીપત્રક:-**

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળાં વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક રીતે અશક્ત ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩)અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગુ પડશે.

(૪)જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫)જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે, કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત. કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

| ૩ | **જન્મ તારીખ:-** |
|---|---|

(૧) આયોગ જન્મ તારીખના પુરાવા માટે એસ.એસ.સી.ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મતારીખ ............... છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પુરતું કારણ છે. ઉમેદવારે રજુ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા(credibility)ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

| ૪ | **વયમર્યાદા :-** |
|---|---|

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ .<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

| ૫ | **શૈક્ષણિક લાયકાત:-** |
|---|---|

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.
(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.
(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર)અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.
(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.
(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે, તેવી જોગવાઈ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે, તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

| ૬ | **અનુભવ:-** |
|---|---|

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના ( જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) **આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.** એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

| ૭ | **અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-** |
|---|---|

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬) (અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ: ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા. ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬) (બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઇશ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે. પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલું હોવું જોઈએ **(એટલે કે તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪).** જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬) (ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/ ૪૫૯૦૩/અ, તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે **(એટલે કે તા.૦૧/૦૯/૨૦૨૧ થી અરજી કરવાની છેલ્લી તારીખ ૩૧/૦૮/૨૦૨૪ સુધીનું).** આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત્ વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર)માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ માજી સૈનિક :-

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2 ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો :-

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક: GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર :-

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર :-

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે “હા” અવશ્ય લખવું અન્યથા “લાગુ પડતું નથી” એમ દર્શાવવું .

(૨) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજુ કરવાની રહેશે.

(૩)વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૪) ઉકત મુજબનો લાભ એવી વિધવા મહિલા ઉમેદવારોને જ આપવાનો રહેશે જેમણે ભરતી તથા નિમણુંક સમયે પુન: લગ્ન કરેલ ન હોય .

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે “વિધવા” ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે “વિધવા”બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને “વિધવા મહિલા ઉમેદવાર” તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

## ૧૨ ના વાંધા પ્રમાણપત્ર:-

(૧) ગુજરાત સરકારના સરકારી /અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ / કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન–૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઈપણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee) ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૩ ગેરલાયક ઉમેદવાર :-

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી /અર્ધ સરકારી /સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગતો અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

## ૧૪ ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગતો આપવાની રહેશે.

## ૧૫ રજીસ્ટ્રેશન :-

તબીબી/દંત વિજ્ઞાન/પશુ ચિકિત્સા/કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઈ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

## ૧૬ અગત્યની જોગવાઇઓ :-

(અ) સીધી પસંદગીથી ભરતી

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને / અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનું સાધન નથી તેવા ઉમેદવારો કે, જેઓના માતા–પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય, તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ. ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસભાડું મળવા પાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજુ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ/અરજી પત્રકમાં દર્શાવ્યા મુજબના અસલ પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે. તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો(Self-Attested Copies) અને બારકોડવાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્રો રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ–૩ ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ–૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

**૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દ્દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)**

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ–મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ “આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન”ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ “ના-વાંધા પ્રમાણપત્ર” નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦)તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

**૧૯ નિમણૂક :-**

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની સરકારશ્રીના સંબંધિત વિભાગને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂંકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી સરકારશ્રી દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ / ઉંમર વગેરેના સમર્થનમાં રજુ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહી ને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજુ કરવા.

**૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-**

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે, તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી,તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી,જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઈ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા,

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પૂર્ણ કરાવ્યું હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજુ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુક્ત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજુ કરેલ હોય,

(૯) પરીક્ષાખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી,જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેકટ્રોનિક ઉપકરણો/અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોચાડવી અથવા

(૧૧) ઉપરોક્ત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ, ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને /અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદ્દત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને /કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું- હકીકત રજુ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજુઆત કરવાની તક આપવામાં આવશે.

## ૨૧ રમતગમત :-

એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબૉલ, ટેનિસ, વેઈટલિફ્ટિંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમૂનામાં જરૂરી પ્રમાણપત્ર આયોગ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

જો ઉમેદવારનો સમાવેશ અનામત વર્ગ, માજી સૈનિક, દિવ્યાંગ, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતાં વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

**નોંધ ૧ :** જાહેરાતની જોગવાઇઓના અર્થઘટન અને ભરતી પ્રક્રિયા બાબતે જગ્યાનાં ભરતી વિનિયમોની જોગવાઇઓ આખરી રહેશે.

**નોંધ ૨ :** ઉપરોક્ત આસીસ્ટન્ટ મેનેજર, વર્ગ-૩ ની જગ્યાનાં ભરતી વિનિયમો તથા પરીક્ષાનો અભ્યાસક્રમ, ફી, વય મર્યાદામાં છૂટછાટ, અરજી કયા સંજોગોમાં રદ થવાને પાત્ર છે તેની વિગતો, પરિશિષ્ટ-'અ' અને પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪, Annexure KH/પરિશિષ્ટ-ગ નો નમૂનો, દિવ્યાંગ ઉમેદવારોએ રજૂ કરવાના તબીબી પ્રમાણપત્રનો નમૂનો, સરકારી કર્મચારીઓએ રજૂ કરવાના ના-વાંધા પ્રમાણપત્રનો નમૂનો, અનુભવના પ્રમાણપત્રનો નમૂનો અને જાહેરાતની અન્ય વધુ વિગતો આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ જાહેરાત સંબંધમાં વધુ માહિતીની જરૂર જણાય તો આયોગની કચેરીમાં કચેરી સમય દરમિયાન ૦૭૯-૨૩૨૫૮૯૮૦ પરથી મળી શકશે.

*******************************************

## **ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-**

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર (**તારીખ: ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક**) સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf)Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (★) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.
જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - ★ વગેરે.

(૩) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનુ જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં .jpg

Format માં તમારો photo store થયેલ છે તે ફાઈલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શાવવાનાં બદલે એકજ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઈ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઈને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર અને/અથવા ઈ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઈન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઈલ નંબર તથા ઈ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનુ રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

**નોધઃ-**

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

**(૧)** બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

૧. પોસ્ટ ઓફીસમાં : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ **તા.૦૨/૦૯/૨૦૨૪** સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

૨. ઓનલાઈન ફી : ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

**(૨)** મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

**(૩)** ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફ્રમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઈટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

**(૪)** ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

**(૫)** અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

**(૬)** મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

**(૭)** આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

# ગુજરાત જાહેર સેવા આયોગ

## સેકટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

**આર-૭ શાખા**

**જાહેરાત ક્રમાંક:- ૩૦/૨૦૨૪-૨૫ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC)** હસ્તકની મદદનીશ ઇજનેર (સીવીલ), વર્ગ-૨ની જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે **Online (https://gpsc-ojas.gujarat.gov.in)** અરજીઓ **તારીખ – ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ- ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધી** મંગાવવામાં આવે છે. આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ **https://gpsc.gujarat.gov.in** અને **https://gpsc-ojas.gujarat.gov.in** પર જોવા વિનંતી છે. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**1) પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ અને રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસ ની વિગતો નીચે મુજબ છે.**

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીનો સૂચિત માસ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૦/૨૦૨૪-૨૫ | મદદનીશ ઈજનેર (સીવીલ), વર્ગ-૨ | જાન્યુઆરી-૨૦૨૫ | એપ્રિલ-૨૦૨૫ | ઓગસ્ટ-૨૦૨૫ |

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | આ. ન. વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સામાન્ય | આ. ન. વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | |
| ૩૦/૨૦૨૪-૨૫ | મદદનીશ ઇજનેર (સીવીલ), વર્ગ-૨ | ૧૬ | ૦૭ | ૦૧ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |

**2) નોંધ :**

(૧) ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓની સામે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવાપાત્ર છે.

<table>
<tr><th>જાહેરાત ક્રમાંક</th><th>જગ્યાનું નામ</th><th>દિવ્યાંગતા</th><th>ટકાવારી</th></tr>
<tr><td rowspan="3">૩૦/૨૦૨૪-૨૫</td><td rowspan="3">મદદનીશ ઈજનેર (સીવીલ), વર્ગ-૨</td><td>HH</td><td>Less than 70%<br>More than 40%</td></tr>
<tr><td>BA, BL, OA, OL, D, LC, AAV,SD, SI.</td><td>--</td></tr>
<tr><td>SLD</td><td></td></tr>
</table>

| | |
|---|---|
| BA=BOTH ARMS AFFECTED | BL=BOTH LEGS AFFECTED |
| HH=HARD OF HEARING | OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | D= DWARFISM |
| LC=LEPROSY CURED | AAV=ACID ATTACK VICTIM |
| SLD= SPECIFIC LEARNING DISABILITY | SD= SPINAL DEFORMITY |
| SI= SPINAL INJURY | -- |

(૨) **ઉપરોક્ત જગ્યાએ પસંદગી પામેલ ઉમેદવારો ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) ના કર્મચારી ગણાશે. તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.**

(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેના ધોરણો લાગુ પડશે.

(૪) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો), તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૫) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે Online અરજી કરેલ ગણાશે નહી.

(૬) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૭) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી **"Editable"** છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો "**Edit**" વિકલ્પમાં જઇ વિગત/માહિતી સુધારી લેવી. નવી અરજી ન કરવી.

(૮) ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૯) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૧૦) ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર અને રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે, તથા આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

(૧૧) **<u>ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણસહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં.</u>** પ્રાથમિક કસોટીના કામચલાઉ પરિણામ બાદ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોએ જ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ **https://gpsc-iass.gujarat.gov.in/** પર નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન પદ્ધતિ સિવાય રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આયોગ ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

## 3)જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને પગાર ધોરણની વિગતો

| જાહેરાત ક્રમાંક | | |
|---|---|---|
| ૩૦/૨૦૨૪-૨૫ | **જગ્યાનું નામ** | **મદદનીશ ઈજનેર (સીવીલ), વર્ગ-૨** |
| | શૈક્ષણિક લાયકાત | Possess<br>a Bachelor degree (B.E/B.TECH) in Civil Engineering of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956; |
| | વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી અને ૩૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહીં. (ઉંમર ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.) |
| | પગાર ધોરણ | Pay scale of Rs. 44,900-1,42,400/- (Pay Matrix Level-8) in the GMC service |

1) 'ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭' માં દર્શાવેલ કોમ્પ્યુટર એપ્લીકેશનનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.
2) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

## <u>4) વયમર્યાદા</u> :-

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિવર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| 3 | મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |

| | | |
|---|---|---|
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) ના કર્મચારીઓ : | અગાઉથી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવામાં કાયમી અથવા કામચલાઉ કર્મચારી તરીકે હોય અને નિયમિત પગાર ધોરણ ઉપર નિમણૂક થયા હોય અને સળંગ છ મહિના કે તેથી વધુ સમયગાળાથી કામ કરતા હોય તેવા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ:<br>સીધી પસંદગી માટે તેની અરજીના સમયે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, છ મહિનાથી ઓછી નહિ તેટલી ઓછામાં ઓછી મુદત માટે, કરારના ધોરણે કામ કરતો હોય અને તેણે જેના માટે સેવા આપી હોય તેવા મહિનાની સમકક્ષ સંખ્યાના પ્રમાણમાં જગા પર તેની પસંદગીના કિસ્સામાં, તે જગા પર નિમણૂક મળ્યાની તારીખે તે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવામાં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદા પણ હળવી કરી શકાશે.<br>**<u>સ્પષ્ટીકરણ</u>:**<br>નાણાં વિભાગના તારીખ-૧૬/૦૨/૨૦૦૬ના સરકારી ઠરાવ ક્રમાંક. ખરચ/૨૦૦૨/૫૭/ઝ૧, સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૪/૦૬/૨૦૦૯ના સરકારી ઠરાવ ક્રમાંક. સીઆરઆર/૧૧-૨૦૦૮/૪૩૩૭૧૭/ગ-૫. હેઠળ આપેલી સૂચના મુજબ અને સબંધિત જગાના સુસંગત ભરતી નિયમોની જોગવાઇઓ અનુસાર અને નિયમિત ભરતી કાર્યરીતિ મુજબ, કરારના ધોરણે નિમણૂક પામેલ હોય તેવા ઉમેદવારને, વય હળવી કરવાની ઉપરની જોગવાઇ લાગુ પડશે. ૧૧ માસના કરારના ધોરણે અથવા અન્યથા અથવા આઉટસોર્સ એજન્સી દ્વારા નિમણૂક પામેલા હોય તેવા ઉમેદવારને તે લાગુ પડશે નહિ. |

## <u>5) નોંધ</u>:

(૧) **<u>પ્રાથમિક કસોટીની પરીક્ષા પધ્ધતિ</u>**: આ જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. પ્રાથમિક કસોટીના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા ભરતી નિયમો, આયોગના કચેરી હુકમ અને સરકારની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર નક્કી કરાશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૧૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. સામાન્ય અભ્યાસના ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો અને સંબંધિત વિષયના ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો એમ કુલ ૩૦૦ ગુણના ૩૦૦ પ્રશ્નો રહેશે. આ પ્રાથમિક કસોટી માટે ૧૮૦ મીનીટનો સમય રહેશે.

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૩) પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના ૩૦૦ ગુણમાથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે એટલે કે પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

(૪) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter : @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official) પર જોવા વિનંતી છે.

(૫) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૬) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૭) આ જાહેરાતો અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૮) **<u>અરજી ફી:</u>** સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦/- + સર્વિસ ચાર્જ અરજી ફી ભરવાની રહેશે. મૂળ ગુજરાતના અનામત કક્ષાના ઉમેદવારો, માજી સૈનિકો તથા દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજ્ય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

(૯) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબના પ્રમાણપત્રનો સમયગાળો **<u>તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪</u>** સુધીનો માન્ય રહેશે.

(૧૦) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) મુજબના પ્રમાણપત્રનો સમયગાળો **<u>તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪</u>** સુધીનો માન્ય રહેશે.

સહી/-
( ગૌરવ પંડ્યા )
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

<u>નોંધ:</u> ઓનલાઇન અરજી કરવાની રીત અને અરજી ફી ભરવાની રીત જાહેરાતના અંતે સામેલ છે.

| | GUJARAT PUBLIC SERVICE COMMISSION |
|---|---|
| | SECTOR 10-A, NEAR CHH-3 CIRCLE, CHH ROAD, GANDHINAGAR – 382010 |

R-7 Branch

**Advt.No.:-30/2024-25** Online applications are invited for the posts of **Assistant Engineer (Civil), Class-II under Gandhinagar Municipal Corporation (GMC), between date: 12/08/2024, 13:00 to date: 31/08/2024, 23:59.** Candidates are instructed to visit Notice Board or the Website of Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

**1) Tentative date/month of Preliminary Test, Result of Preliminary Test and Interview are shown below :-**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative month of Preliminary test | Tentative month of Preliminay test's result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|
| 1 | 30/2024-25 | Assistant Engineer (Civil), Class-II | Jan-2025 | April-2025 | August-2025 |

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Person with Disability | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | 4 | | | | | 5 | | | | | 6 | 7 |
| 1 | 2 | 3 | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 30/2024-25 | Assistant Engineer (Civil), Class-II | **16** | 07 | 01 | 04 | 01 | 03 | 03 | 00 | 01 | 00 | 01 | 00 | 00 |

**2) Note: -**

(1) The candidates possessing disability as shown below only can apply for the above mentioned post.

| Advt. No | Name of the Post | Person With Disability | Percentage |
|---|---|---|---|
| 30/2024-25 | Assistant Engineer (Civil), Class-II | HH | Less than 70% More than 40% |
| | | BA, BL, OA, OL, D, LC, AAV, SLD, SD, SI | -- |

| | |
|---|---|
| BA=BOTH ARMS AFFECTED | BL=BOTH LEGS AFFECTED |
| HH=HARD OF HEARING | OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | D= DWARFISM |
| LC=LEPROSY CURED | AAV=ACID ATTACK VICTIM |
| SLD= SPECIFIC LEARNING DISABILITY | SD= SPINAL DEFORMITY |
| SI= SPINAL INJURY | -- |

(2) **The candidates selected in the above posts will be considered employees of Gandhinagar Municipal Corporation (GMC). They will not be considered employees of the Government of Gujarat.**

(3) The candidates belonging to reserved category can apply against the vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(4) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(5) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(6) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(7) The online application is **"Editable"** till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the **"Edit"** option and update the details till the last date & time of Application. Do not make a new application.

(8) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(9) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(10) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview and They have to upload the document online when asked by the Commission.

(11) **Candidates are requested not to send physical copy of the application to the Commission as of now.** Candidates qualified for application scrutiny only have to

upload their required Certificates/Documents online on Commission's website https://gpsc-iass.gujarat.gov.in/ within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

## 3) Name of Posts, Education Qualification, Experience, Age and Pay Scale Details

| Advt. No. | | |
|---|---|---|
| 30/2024-25 | **Name of Post** | **Assistant Engineer (Civil), Class-II** |
| | Education Qualification | Possess<br>a Bachelor degree (B.E/B.TECH) in Civil Engineering of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956; |
| | Age | Not be less than 18 years and not be more than 35 years of age. (Age will be Considered as on last date of online application.) |
| | Pay Scale | Pay scale of Rs. 44,900-1,42,400/- (Pay Matrix Level-8) in the GMC service |

1) The basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.
2) Adequate knowledge of Gujarati or Hindi or Both languages are essential.

## 4) Age Relaxation:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman)<br>(Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate | 5 years (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | Length of Military Service plus three years |
| 5 | Person with Disability | 10 Years (Maximum Up to 45 Years) |

| | | |
|---|---|---|
| 6 | For Employee of Gandhinagar Municipal Corporation (GMC) | Provided that the upper age limit shall not apply to the candidate who is already in the service of the Gandhinagar Municipal Corporation either as a permanent or temporary servant and appointed on the regular pay scale and he is officiating continuously for six months or more.<br>Provided further that the upper age limit may also be relaxed in favour of a candidate who is working in the Gandhinagar Municipal Corporation on contract basis at least for a period of not less than six months at the time of his application for direct selection and he is in the service of Gandhinagar Municipal Corporation on the date of offer of appointment to the post, in the event of his selection on the post, to the extent of equal number of months for which service has been put in by him.<br>**Explanation:**<br>The above provision of age relaxation shall apply to the candidate who is appointed on contract basis as per instruction given under government in finance department Gr no.ખરચ /2002/57/$Z_1$ dated 16/02/2006 General Administration department gr No.CRR/11-2008/433717/G5 dated 04/06/2009 and in accordance with the provision of the relevant recruitment rules of the post concern and as per regular recruitment procedure. it shall not apply to the candidate who is appointed on contract basis for the period of 11 months or otherwise or appointed by the outsource agency. |

## 5) <u>Note:</u>

(1) Exam Pattern**:** Candidates will be selected for appointment to these posts by conducting a Preliminary test and Interview. Candidates will be declared eligible for the **interview** after scrutinizing the required applications as per the Preliminary test marks. If the candidate gets less than 15% marks in the Preliminary test, he / she will not be considered eligible for interview. The medium of this test will be decided by the Commission. The Preliminary test will usually be held at Gandhinagar / Ahmedabad and candidates will have to be present at their own expense. The Preliminary test will consist of 100 questions of 100 marks of General Studies and 200 questions of 200 marks of the Concerned Subject. Total 300 questions of 300 marks. Time Duration for Preliminary test will be 180 minutes.

(2) As per the Instruction/Provision of the Commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

(3) The Weighted Marks of Preliminary Test & Interview are calculated as follows: - [Marks obtained in P.T. X 50/300 = Weighted Marks of Primary Test] + [Marks obtained in Interview X 50/100 = Weighted Marks of Interview] = Total Weighted Marks.

(4) The syllabus of a Preliminary Test for this post will be available on the Commission's website http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter: @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official).

(5) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

(6) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

(7) Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

(8) Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Unreserved category, Ex-Servicemen of Gujarat State and physically disabled candidates have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee.

(9) For Socially and Economically Backward Class candidates the Non Creamy Layer Certificate (NCLC) (પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪) should be issued between dt.**01/04/2022 to 31/08/2024**.

(10) For Economically Weaker Section candidates the EWS Certificate (Annexure KH/પરિશિષ્ટ-ગ઼) should be issued between dt. **01/09/2021 to 31/08/2024**.

Sd/-
( Gaurav Pandya )
Joint Secretary
Gujarat Public Service Commission

**Note: -**Procedure to apply online and fees payment is described at the end of advertisement.

# ગુજરાત જાહેર સેવા આયોગ

## સેકટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

આર-૭ શાખા

જાહેરાત ક્રમાંકઃ- ૩૧/૨૦૨૪-૨૫ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) હસ્તકની મદદનીશ ઇજનેર (વિદ્યુત), વર્ગ-૨ની જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે **Online** (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ તારીખ – ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ- ૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધી મંગાવવામાં આવે છે. આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**1)** પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ અને રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીનો સૂચિત માસ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૧/૨૦૨૪-૨૫ | મદદનીશ ઈજનેર (વિદ્યુત), વર્ગ-૨ | ડિસેમ્બર - ૨૦૨૪ | માર્ચ – ૨૦૨૫ | જૂન – ૨૦૨૫ |

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | આ. ન. વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સામાન્ય | આ. ન. વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | |
| ૩૧/૨૦૨૪-૨૫ | મદદનીશ ઇજનેર (વિદ્યુત), વર્ગ-૨ | ૦૬ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

## 2) નોંધ :

(૧) ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓની સામે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવાપાત્ર છે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | દિવ્યાંગતા | ટકાવારી |
|---|---|---|---|
| ૩૧/૨૦૨૪-૨૫ | મદદનીશ ઈજનેર (વિદ્યુત), વર્ગ-૨ | HH | Less than 70%<br>More than 40% |
| | | BA, BL, OA, OL, D, LC, AAV, SD, SI. | -- |
| | | SLD | -- |

| | |
|---|---|
| BA=BOTH ARMS AFFECTED | BL=BOTH LEGS AFFECTED |
| HH=HARD OF HEARING | OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | D= DWARFISM |
| LC=LEPROSY CURED | AAV=ACID ATTACK VICTIM |
| SD= SPINAL DEFORMITY | SI= SPINAL INJURY |
| SLD= SPECIFIC LEARNING DISABILITY | -- |

(૨) ઉપરોક્ત જગ્યાએ પસંદગી પામેલ ઉમેદવારો ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન **(GMC)** ના કર્મચારી ગણાશે. તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેના ધોરણો લાગુ પડશે.

(૪) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો), તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૫) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે Online અરજી કરેલ ગણાશે નહી.

(૬) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૭) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી **"Editable"** છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો **"Edit"** વિકલ્પમાં જઇ વિગત/માહિતી સુધારી લેવી. નવી અરજી ન કરવી.

(૮) ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૯) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૧૦) ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર અને રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે, તથા આયોગ દ્વારા જણાવવામાં આવે ત્યારે ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.

(૧૧) <u>ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણસહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં.</u> પ્રાથમિક કસોટીના કામચલાઉ પરિણામ બાદ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોએ જ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન પદ્ધતિ સિવાય રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આયોગ ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

## 3)જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને પગાર ધોરણની વિગતો

| જાહેરાત ક્રમાંક | | |
|---|---|---|
| ૩૧/૨૦૨૪-૨૫ | જગ્યાનું નામ | મદદનીશ ઈજનેર (વિદ્યુત), વર્ગ-૨ |
| | શૈક્ષણિક લાયકાત | Possess<br>a Bachelor degree (B.E/B.TECH) in Electrical Engineering of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956; |
| | વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી અને ૩૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહીં. (ઉંમર ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.) |
| | પગાર ધોરણ | Pay scale of Rs. 44,900-1,42,400/- (Pay Matrix Level-8) in the GMC service |

1) 'ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭' માં દર્શાવેલ કોમ્પ્યુટર એપ્લીકેશનનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.
2) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

## <u>4) વયમર્યાદા</u> :-

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિવર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) ના કર્મચારીઓ : | અગાઉથી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવામાં કાયમી અથવા કામચલાઉ કર્મચારી તરીકે હોય અને નિયમિત પગાર ધોરણ ઉપર નિમણૂક થયા હોય અને સળંગ છ મહિના કે તેથી વધુ સમયગાળાથી કામ કરતા હોય તેવા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ:<br>સીધી પસંદગી માટે તેની અરજીના સમયે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, છ મહિનાથી ઓછી નહિ તેટલી ઓછામાં ઓછી મુદત માટે, કરારના ધોરણે કામ કરતો હોય અને તેણે જેના માટે સેવા આપી હોય તેવા મહિનાની સમકક્ષ સંખ્યાના પ્રમાણમાં જગા પર તેની પસંદગીના કિસ્સામાં, તે જગા પર નિમણૂક મળ્યાની તારીખે તે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવામાં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદા પણ હળવી કરી શકાશે.<br><br><u>સ્પષ્ટીકરણ:</u><br>નાણાં વિભાગના તારીખ-૧૬/૦૨/૨૦૦૬ના સરકારી ઠરાવ ક્રમાંક. ખરચ/૨૦૦૨/૫૭/ઝ૧, સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૪/૦૬/૨૦૦૯ના સરકારી ઠરાવ ક્રમાંક. સીઆરઆર/૧૧-૨૦૦૮/૪૩૩૭૧૭/ગ-૫. હેઠળ આપેલી સૂચના મુજબ અને સબંધિત જગાના સુસંગત ભરતી નિયમોની જોગવાઇઓ અનુસાર અને નિયમિત ભરતી કાર્યરીતિ મુજબ, કરારના ધોરણે નિમણૂક પામેલ હોય તેવા ઉમેદવારને, વય હળવી કરવાની ઉપરની જોગવાઇ લાગુ પડશે. ૧૧ માસના કરારના ધોરણે અથવા અન્યથા અથવા આઉટસોર્સ એજન્સી દ્વારા નિમણૂક પામેલા હોય તેવા ઉમેદવારને તે લાગુ પડશે નહિ. |

## <u>5) નોંધ:</u>

(૧) <u>પ્રાથમિક કસોટીની પરીક્ષા પધ્ધતિ:</u> આ જગ્યા માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. પ્રાથમિક કસોટીના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા ભરતી નિયમો, આયોગના કચેરી હુકમ અને સરકારની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર નક્કી કરાશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૧૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. સામાન્ય અભ્યાસના ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો અને સંબંધિત વિષયના ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો એમ કુલ ૩૦૦ ગુણના ૩૦૦ પ્રશ્નો રહેશે. આ પ્રાથમિક કસોટી માટે ૧૮૦ મીનીટનો સમય રહેશે.

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૩) પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે એટલે કે પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

(૪) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter : @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official) પર જોવા વિનંતી છે.

(૫) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૬) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૭) આ જાહેરાતો અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૮) અરજી ફી: સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦/- + સર્વિસ ચાર્જ અરજી ફી ભરવાની રહેશે. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, , માજી સૈનિકો તથા દિવ્યાંગ ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

(૯) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબના પ્રમાણપત્રનો સમયગાળો તા. ૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીનો માન્ય રહેશે.

(૧૦) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) મુજબના પ્રમાણપત્રનો સમયગાળો તા. ૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીનો માન્ય રહેશે.

સહી/-
( ગૌરવ પંડ્યા )
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

નોંધ: ઓનલાઇન અરજી કરવાની રીત અને અરજી ફી ભરવાની રીત જાહેરાતના અંતે સામેલ છે.

**Advt.No.:-31/2024-25** Online applications are invited for the posts of **Assistant Engineer (Electrical), Class-II under Gandhinagar Municipal Corporation (GMC), between date: 12/08/2024, 13:00 to date: 31/08/2024, 23:59.** Candidates are instructed to visit Notice Board or the Website of Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

**1) Tentative date/month of Preliminary Test, Result of Preliminary Test and Interview are shown below :-**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative month of Preliminary test | Tentative month of Preliminary test's result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|
| 1 | 31/2024-25 | Assistant Engineer (Electrical), Class-II | December - 2024 | March - 2025 | June - 2025 |

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Physically Disabled | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | | | | | 5 | | | | | 6 | 7 |
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 31/2024-25 | Assistant Engineer (Electrical) Class-II | **06** | 02 | 01 | 02 | 00 | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |

GPSC

## 2) Note: -

(1) The candidates possessing disability as shown below only can apply for the above mentioned post.

| Advt. No | Name of the Post | Person with Disability | Percentage |
|---|---|---|---|
| 31/2024-25 | Assistant Engineer (Electrical), Class-II | HH | Less than 70% More than 40% |
| | | BA, BL, OA, OL, D, LC, AAV, SD, SI. | -- |
| | | SLD | -- |

| | |
|---|---|
| BA=BOTH ARMS AFFECTED | BL=BOTH LEGS AFFECTED |
| HH=HARD OF HEARING | OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | D= DWARFISM |
| LC=LEPROSY CURED | AAV=ACID ATTACK VICTIM |
| SD= SPINAL DEFORMITY | SI= SPINAL INJURY |
| SLD= SPECIFIC LEARNING DISABILITY | -- |

(2) **The candidates selected in the above posts will be considered employees of Gandhinagar Municipal Corporation (GMC). They will not be considered employees of the Government of Gujarat.**

(3) The candidates belonging to reserved category can apply against the vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(4) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(5) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(6) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(7) The online application is **"Editable"** till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the **"Edit"** option and update the details till the last date & time of Application. Do not make a new application.

(8) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(9) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(10) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview and They have to upload the document online when asked by the Commission.

(11) **Candidates are requested not to send physical copy of the application to the Commission as of now.** Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website **https://gpsc-iass.gujarat.gov.in/** within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

## 3)Name of Posts, Education Qualification, Age and Pay Scale Details

| Advt. No. | | |
|---|---|---|
| 31/2024-25 | **Name of Post** | **Assistant Engineer (Electrical), Class-II** |
| | Education Qualification | Possess<br>a Bachelor degree (B.E/B.TECH) in Electrical Engineering of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956; |
| | Age | Not be less than 18 years and not be more than 35 years of age. (Age will be Considered as on last date of online application.) |
| | Pay Scale | Pay scale of Rs. 44,900-1,42,400/- (Pay Matrix Level-8) in the GMC service |

1) The basic knowledge of Computer Application as prescribed in the Gujarat Electrical Services Classification and Recruitment (General) Rules, 1967.
2) Adequate knowledge of Gujarati or Hindi or Both languages are essential.

## 4) Age Relaxation:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman)<br>(Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate | 5 years (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | Length of Military Service plus three years |
| 5 | Person with Disability | 10 Years (Maximum Up to 45 Years) |

| | | |
|---|---|---|
| 6 | For Employee of Gandhinagar Municipal Corporation (GMC) | Provided that the upper age limit shall not apply to the candidate who is already in the service of the Gandhinagar Municipal Corporation either as a permanent or temporary servant and appointed on the regular pay scale and he is officiating continuously for six months or more.<br>Provided further that the upper age limit may also be relaxed in favour of a candidate who is working in the Gandhinagar Municipal Corporation on contract basis at least for a period of not less than six months at the time of his application for direct selection and he is in the service of Gandhinagar Municipal Corporation on the date of offer of appointment to the post, in the event of his selection on the post, to the extent of equal number of months for which service has been put in by him.<br>**Explanation:**<br>The above provision of age relaxation shall apply to the candidate who is appointed on contract basis as per instruction given under government in finance department Gr no.ખરચ /2002/57/$Z_1$ dated 16/02/2006 General Administration department gr No.CRR/11-2008/433717/G5 dated 04/06/2009 and in accordance with the provision of the relevant recruitment rules of the post concern and as per regular recruitment procedure. it shall not apply to the candidate who is appointed on contract basis for the period of 11 months or otherwise or appointed by the outsource agency. |

## 5) Note:

(1) Exam Pattern**:** Candidates will be selected for appointment to these posts by conducting a Preliminary test and Interview. Candidates will be declared eligible for the interview after scrutinizing the required applications as per the Priliminary test marks. If the candidate gets less than 15% marks in the Preliminary test, he / she will not be considered eligible for interview. The medium of this test will be decided by the Commission. The Preliminary test will usually be held at Gandhinagar / Ahmedabad and candidates will have to be present at their own expense. The Preliminary test will consist of 100 questions of 100 marks of General Studies and 200 questions of 200 marks of the Concerned Subject. Total 300 questions of 300 marks. Time Duration for Preliminary test will be 180 minutes.

(2) As per the Instruction/Provision of the Commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

(3) The Weighted Marks of Preliminary Test & Interview are calculated as follows: - [Marks obtained in P.T. X 50/300 = Weighted Marks of Preliminary Test] + [Marks obtained in Interview X 50/100 = Weighted Marks of Interview] = Total Weighted Marks.

(4) The syllabus of Preliminary Test for this post will be available on the Commission's website http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter: @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official).

(5) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

(6) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

(7) Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

(8) Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees, while Candidates belonging to reserved categories, Ex-Servicemen of Gujarat State and Person with disabled candidates have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee.

(9) For Socially and Economically Backward Class candidates the Non Creamy Layer Certificate (NCLC) (પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪) should be issued between dt. **01/04/2022 to 31/08/2024.**

(10) For Economically Weaker Section candidates the EWS Certificate (Annexure KH/પરિશિષ્ટ-ગ) should be issued between dt. **01/09/2021 to 31/08/2024.**

Sd/-
( Gaurav Pandya )
Joint Secretary
Gujarat Public Service Commission

**Note: -**Procedure to apply online and fees payment is described at the end of advertisement.

# જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

## ૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ પરંતુ પેટાક્રમાંક (ખ), (ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

## ૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓન લાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામા આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગું પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ

ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## ૩ જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી. ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મ તારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન  હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને,  તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

## ૫ શૈક્ષણિક લાયકાત:-

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે તેવી જોગવાઇ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

## ૬ અનુભવ:-

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના (જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના (https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf) મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન્ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

૭ <u>અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-</u>

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)(અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ:૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી

નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(ખ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬)(ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ

હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

## ૮ માજી સૈનિક

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

## ૯ દિવ્યાંગ ઉમેદવારો

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક:GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

**૧૦** <u>મહિલા ઉમેદવાર</u>

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**૧૧** <u>વિધવા ઉમેદવાર</u>

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજૂ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

**૧૨** <u>ના વાંધા પ્રમાણપત્ર:-</u>

(૧) ગુજરાત સરકારના સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા/ કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઇ પણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local self - Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee)ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાનું રહેશે.

**૧૩** <u>ગેરલાયક ઉમેદવાર :-</u>

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૪** <u>ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-</u>

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૫** <u>રજીસ્ટ્રેશન :-</u>

તબીબી/ દંત વિજ્ઞાન/ પશુ ચિકિત્સા/ કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરાતી નિયમોની જોગવાઇ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૧૬** <u>અગત્યની જોગવાઇઓ :-</u>

<u>(અ) સીધી પસંદગીથી ભરતી</u>

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ

સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

**૧૭** રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને/ અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત રહેવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનુ સાધન નથી તેવા ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજૂ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડ વાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

**૧૮** નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય.

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર/ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/ અનુભવ/ ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજૂ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/ બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહી, જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજૂ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજૂ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેકટ્રોનિક ઉપકરણો/ અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોંચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને/અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને/ કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું-હકીકત રજૂ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

## <u>ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-</u>

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ–૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

<u>અગત્યની નોંધ:</u>

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )

Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(3) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા

બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્કીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શવવાનાં બદલે એકજ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

<u>નોધ:-</u>

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## <u>અરજી ફી ભરવાની પધ્ધતિ:</u>

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

૧. <u>પોસ્ટ ઓફીસમાં</u> : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ <u>૦૨/૦૯/૨૦૨૪</u> સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

૨. <u>ઓનલાઈન ફી</u> : ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફમેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

# ગુજરાત જાહેર સેવા આયોગ

સેકટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

**આર-૭ શાખા**

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) હસ્તકની જુનિયર ટાઉન પ્લાનર, વર્ગ-૨ની જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે **Online** (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ **તારીખ -૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ–૩૧/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક સુધી** મંગાવવામાં આવે છે. **(જાહેરાત ક્રમાંક: ૩૨/૨૦૨૪-૨૫)** આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યાર બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

## 1) પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ અને રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસ ની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૨/૨૦૨૪-૨૫ | જુનિયર ટાઉન પ્લાનર, વર્ગ-૨ | ડીસેમ્બર-૨૦૨૪ | માર્ચ-૨૦૨૫ | જુલાઇ-૨૦૨૫ |

**આખરી પરિણામ :** રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના ૧૦ કામકાજના દિવસો દરમિયાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

| જા.ક્ર. | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ |
| | | | General | EWS | S.E.B.C. | S.C. | S.T. | General | EWS | S.E.B.C. | S.C. | S.T. | | |
| ૩૨/૨૦૨૪-૨૫ | જુનિયર ટાઉન પ્લાનર વર્ગ-૨ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

## 2) નોંધ :

(૧) પ્રસ્તુત જગ્યા માટે નીચે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવાપાત્ર છે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | દિવ્યાંગતા | ટકાવારી |
|---|---|---|---|
| ૩૨/૨૦૨૪-૨૫ | જુનિયર ટાઉન પ્લાનર વર્ગ-૨ | D, HH | Less than 70% More than 40% |
| | | OL, Dw, AAV,SD, SI, BA,BL | -- |
| | | SLD | |
| | | MD | |

| | |
|---|---|
| Dw = DWARFISM | HH=HARD OF HEARING |
| MD=MULTIPLE DISABILITIES | AAV=ACID ATTACK VICTIM |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | SLD= SPECIFIC LEARNING DISABILITY |
| D=DEAF | SD= SPINAL DEFORMITY |
| SI= SPINAL INJURY | BA= BOTH ARMS |
| BL= BOTH LEGS | |

(૨) **ઉપરોક્ત જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) ના કર્મચારી ગણાશે. તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.**

(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગુ પડશે.

(૪) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે Online અરજી કરેલ ગણાશે નહી.

(૫) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૬) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી **"Editable"** છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો **"Edit"** વિકલ્પમાં જઇ વિગત/માહિતી સુધારી લેવી. નવી અરજી ન કરવી.

(૭) ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૮) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૯) ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર અને રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

(૧૦) **ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણસહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં.** પ્રાથમિક કસોટીના કામચલાઉ પરિણામ બાદ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોએ જ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન પદ્ધતિ સિવાય રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આયોગ

ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

## 3) જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, વયમર્યાદા અને પગાર ધોરણની વિગતો

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | જુનિયર ટાઉન પ્લાનર વર્ગ-૨ |
|---|---|---|
| ૩૨/૨૦૨૪-૨૫ | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | Possess<br>(i) a Bachelor's degree of Architecture or of Civil Engineering /Technology or of Planning obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956; and<br>(ii) a post graduate degree or post graduate diploma in city Planning / Town Planning / Regional Planning /Traffic and Transportation Planning/ Urban Design/ Urban Planning/ Infrastructure Planning/ Industrial Planning or Environmental Planning obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956 or institution approved by All India Council for Technical Education. |
| | વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી અને ૩૭ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહીં. (ઉંમર ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.) |
| | પગાર ધોરણ | Pay scale of Rs. 44,900-1,42,400/- (Pay Matrix Level-8) in the GMC service |

(1) 'ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭' માં દર્શાવેલ કોમ્પ્યુટર એપ્લીકેશનનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.

(2) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

**4) વયમર્યાદા** :- ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિવર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૬ | ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) ના કર્મચારીઓ : | અગાઉથી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવામાં કાયમી અથવા કામચલાઉ કર્મચારી તરીકે હોય અને નિયમિત પગાર ધોરણ ઉપર નિમણૂક થયા હોય અને સળંગ છ મહિના કે તેથી વધુ સમયગાળાથી કામ કરતા હોય તેવા ઉમેદવારોને ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ:<br>સીધી પસંદગી માટે તેની અરજીના સમયે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, છ મહિનાથી ઓછી નહિ તેટલી ઓછામાં ઓછી મુદત માટે, કરારના ધોરણે કામ કરતો હોય અને તેણે જેના માટે સેવા આપી હોય તેવા મહિનાની સમકક્ષ સંખ્યાના પ્રમાણમાં જગા પર તેની પસંદગીના કિસ્સામાં, તે જગા પર નિમણૂક મળ્યાની તારીખે તે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની સેવામાં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદા પણ હળવી કરી શકાશે.<br><br>**સ્પષ્ટીકરણ:**<br>નાણાં વિભાગના તારીખ-૧૬/૦૨/૨૦૦૬ના સરકારી ઠરાવ ક્રમાંક. ખરચ/૨૦૦૨/૫૭/ઝ૧, સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૦૪/૦૬/૨૦૦૯ના સરકારી ઠરાવ ક્રમાંક. સીઆરઆર/૧૧-૨૦૦૮/૪૩૩૭૧૭/ગ-૫. હેઠળ |

| | | |
|---|---|---|
| | | આપેલી સૂચના મુજબ અને સબંધિત જગાના સુસંગત ભરતી નિયમોની જોગવાઇઓ અનુસાર અને નિયમિત ભરતી કાર્યરીતિ મુજબ, કરારના ધોરણે નિમણૂક પામેલ હોય તેવા ઉમેદવારને, વય હળવી કરવાની ઉપરની જોગવાઇ લાગુ પડશે. ૧૧ માસના કરારના ધોરણે અથવા અન્યથા અથવા આઉટસોર્સ એજન્સી દ્વારા નિમણૂક પામેલા હોય તેવા ઉમેદવારને તે લાગુ પડશે નહિ. |

## 5) નોંધ:

(૧) **પ્રાથમિક કસોટીની પરીક્ષા પધ્ધતિ**: આ જગ્યાઓ માટે નિમણૂક માટે ઉમેદવારોની પસંદગી પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત યોજીને કરવામાં આવશે. પ્રાથમિક કસોટીના ગુણ ક્રમાનુસાર જરૂરી અરજીઓની ચકાસણી કરી ઉમેદવારોને રૂબરૂ મુલાકાત માટેની પાત્રતા ભરતી નિયમો, આયોગના કચેરી હુકમ અને સરકારની પ્રવર્તમાન જોગવાઇઓ અનુસાર નક્કી કરાશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૧૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહીં. આ કસોટીનું માધ્યમ આયોગ અન્યથા નક્કી કરશે નહીં તો ગુજરાતી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. સામાન્ય અભ્યાસના ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો અને સંબંધિત વિષયના ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો એમ કુલ ૩૦૦ ગુણના ૩૦૦ પ્રશ્નો રહેશે. આ પ્રાથમિક કસોટી માટે ૧૮૦ મીનીટનો સમય રહેશે.

(૨) રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૩) પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે એટલે કે પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

(૫) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter : @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official) પર પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૬) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૭) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૮) આ જાહેરાતો અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૯) **<u>અરજી ફી:</u>** સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦/- + સર્વિસ ચાર્જ અરજી ફી ભરવાની રહેશે. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, માજી સૈનિકો તથા દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

(૧૦) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબના પ્રમાણપત્રનો સમયગાળો **<u>તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪</u>** સુધીનો માન્ય રહેશે.

(૧૧) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ નિયત થયેલ નમૂના (અંગ્રેજી)માં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) મુજબના પ્રમાણપત્રનો સમયગાળો **<u>તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪</u>** સુધીનો માન્ય રહેશે.

( ગૌરવ પંડયા )
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

<u>નોંધ:</u> ઓનલાઇન અરજી કરવાની રીત અને અરજી ફી ભરવાની રીત **https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay** ઉપર જોઈ શકાશે.

Online applications are invited for the post of Junior Town Planner, Class-2 **Gandhinagar Municipal Corporation (GMC), Advt. No.: /2024-25 between date: 12/08/2024, 13:00 to date: 31/08/2024, 13:00.** Candidates are instructed to visit Notice Board or the Website of Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

**1) Tentative date/month of Preliminary Test, Result of Preliminary Test and Interview are shown below :-**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative Date of Preliminary test | Tentative month of Preliminary test's result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|
| 1 | 32/2024-25 | Junior Town Planner, Class-2 | December-2024 | March-2025 | July-2025 |

- **Final Result will be published during 10 working days after the last date of Interview.**

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Physically Disabled | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | 4 | | | | | 5 | | | | | 6 | 7 |
| 1 | 2 | 3 | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 32/2024-25 | Junior Town Planner, Class-2 | 02 | 02 | 00 | 00 | 00 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |

**2)** Note: -

(1) The candidates possessing disability as shown below only can apply for the respective post as shown against it.

| Advt. No | Name of the Post | Physical Disability | Percentage |
|---|---|---|---|
| 32/2024-25 | Junior Town Planner, Class-2 | D, HH | Less than 70%<br>More than 40% |
| | | OL, Dw, AAV, SD, SI, BA,BL | -- |
| | | SLD | |
| | | MD | |

| | |
|---|---|
| Dw = DWARFISM | HH=HARD OF HEARING |
| MD=MULTIPLE DISABILITIES | AAV=ACID ATTACK VICTIM |
| OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) | SLD= SPECIFIC LEARNING DISABILITY |
| D=DEAF | SD= SPINAL DEFORMITY |
| SI= SPINAL INJURY | BA= BOTH ARMS |
| BL= BOTH LEGS | --- |

**(2) The candidates selected in the above posts will be considered employees of Gandhinagar Municipal Corporation (GMC). They will not be considered employees of the Government of Gujarat.**

(3) The candidates belonging to reserved category can apply against the vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(4) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(5) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(6) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(7) The online application is **"Editable"** till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the **"Edit"** option and update the details till the last date & time of Application. Do not make a new application.

(8) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(9) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(10) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview.

(11) **Candidates are requested not to send physical copy of the application to the Commission as of now.** Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website **https://gpsc-iass.gujarat.gov.in/** within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

## 3) Name of Posts, Education Qualification, Experience, Age and Pay Scale Details

| **Advt. No.** | **Name of Post** | **Junior Town Planner, Class-2** |
|---|---|---|
| 32/2024-25 | Education Qualification and Experience | Possess<br>(i) a Bachelor's degree of Architecture or of Civil Engineering /Technology or of Planning obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956; and<br>(ii) a post graduate degree or post graduate diploma in city Planning / Town Planning / Regional Planning /Traffic and Transportation Planning/ Urban Design/ Urban Planning/ Infrastructure Planning/ Industrial Planning or Environmental Planning obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India; or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956 or institution approved by All India Council for Technical Education. |
| | Age | Not be less than 18 years and not be more than 37 years of age. (Age will be Considered as on last date of online application.) |
| | Pay Scale | Pay scale of Rs. 44,900-1,42,400/- (Pay Matrix Level-8) in the GMC service |

**4)** The basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

**5)** Adequate knowledge of Gujarati or Hindi or Both languages are essential.

**6)** Age Relaxation:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman)<br>(Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate | 5 years (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | Length of Military Service plus three years |
| 5 | Person with Disability | 10 Years (Maximum Up to 45 Years) |
| 6 | For Employee of Gandhinagar Municipal Corporation (GMC) | Provided that the upper age limit shall not apply to the candidate who is already in the service of the Gandhinagar Municipal Corporation either as a permanent or temporary servant and appointed on the regular pay scale and he is officiating continuously for six months or more.<br>Provided further that the upper age limit may also be relaxed in favour of a candidate who is working in the Gandhinagar Municipal Corporation on contract basis at least for a period of not less than six months at the time of his application for direct selection and he is in the service of Gandhinagar Municipal Corporation on the date of offer of appointment to the post, in the event of his selection on the post, to the extent of equal number of months for which service has been put in by him.<br><br>Explanation:<br><br>The above provision of age relaxation shall apply to the candidate who is appointed on contract basis as per instruction given under government in finance department Gr no.ખરચ /2002/57/Z1 dated 16/02/2006 General Administration department gr No.CRR/11-2008/433717/G5 dated 04/06/2009 and in accordance with the provision of the relevant recruitment rules of the post concern and as per regular recruitment procedure. it shall not apply to the candidate who is appointed on contract basis for the period of 11 months or otherwise or appointed by the outsource agency. |

**7)** **<u>Note:</u>**

**<u>1) Preliminary Exam Pattern:</u>** Candidates will be selected for appointment to these posts by conducting a Preliminary test and Interview. Candidates will be declared eligible for the interview after scrutinizing the required applications as per the Preliminary test marks. If the

candidate gets less than 15% marks in the Preliminary test, he / she will not be considered eligible for interview. The medium of this test will be decided by the Commission. The Preliminary test will usually be held at Gandhinagar / Ahmedabad and candidates will have to be present at their own expense. The Preliminary test will consist of 100 questions of 100 marks of General Studies and 200 questions of 200 marks of the Concerned Subject. Total 300 questions of 300 marks. Time Duration for Preliminary test will be 180 minutes.

2) As per the Instruction/Provision of the Commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

3)The Weighted Marks of Preliminary Test & Interview are calculated as follows: - [Marks obtained in P.T. X 50/300 = Weighted Marks of Preliminary Test] + [Marks obtained in Interview X 50/100 = Weighted Marks of Interview] = Total Weighted Marks.

4) The syllabus of a Preliminary Test for these posts will be available on the Commission's website http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter: @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official).

5) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

6) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

7) Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

8) Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees, while Candidates belonging to reserved categories and Ex-Servicemen of Gujarat State and physically disabled candidates have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee.

9) For Socially and Economically Backward Class candidates the Non Creamy Layer Certifacate (NCLC) (પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪) should be issued between **dt.01/04/2022 to 31/08/2024.**

**10)** For Economically Weaker Section candidates the EWS Certifacate (Annexure KH/પરિશિષ્ટ-ગ) should be issued between **dt.01/09/2021 to 31/08/2024.**

(Gaurav Pandya)
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:**
Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online and fees payment.

GPSC

# ગુજરાત જાહેર સેવા આયોગ

સેક્ટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

<u>**આર-૭ શાખા**</u>

**ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC)** હસ્તકની નીચે દર્શાવેલ જગ્યાઓ પર ઉમેદવારો પસંદ કરવા માટે Online (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ **તારીખ: <u>૧૨/૦૮/૨૦૨૪</u>, ૧૩:૦૦ કલાક થી તારીખ: <u>૩૧/૦૮/૨૦૨૪</u>, ૨૩:૫૯ કલાક સુધી** મંગાવવામાં આવે છે. **(જાહેરાત ક્રમાંક: ૩૩ /૨૦૨૪-૨૫)** આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યાર બાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

<u>**૧) પ્રસ્તુત જાહેરાતોની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ અને રૂબરૂ મુલાકાતની સંભવિત તારીખ/માસ ની વિગતો નીચે મુજબ છે.**</u>

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૩૩/૨૦૨૪-૨૫ | હેલ્થ ઓફીસર, વર્ગ-૨ | ડીસેમ્બર-૨૦૨૪ | એપ્રિલ-૨૦૨૫ | ઓગસ્ટ-૨૦૨૫ |

**<u>આખરી પરિણામ</u> : રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના ૧૦ કામકાજના દિવસો દરમિયાન પ્રસિધ્ધ કરવામાં આવશે.**

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યા | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ |
| ૧ | ૨ | ૩ | સામાન્ય | આ.ન. વર્ગ | સા.શૈ.પ. વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સામાન્ય | આ.ન. વર્ગ | સા.શૈ.પ. વર્ગ | અનુ.જાતિ | અનુ.જનજાતિ | | |
| ૩૩/૨૦૨૪-૨૫ | હેલ્થ ઓફીસર, વર્ગ-૨ | ૧૧ | ૦૪ | ૦૧ | ૦૩ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

૨) નોંધ :

(૧) ઉપર દર્શાવેલ જગ્યાઓ પૈકી નીચે દર્શાવેલ જે તે જગ્યાઓની સામે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવાપાત્ર છે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | દિવ્યાંગતા | ટકાવારી |
|---|---|---|---|
| ૩૩/૨૦૨૪-૨૫ | હેલ્થ ઓફીસર, વર્ગ-૨ | HH | Less than 70% More than 40% |
| | | BA, BL, OA, D, LC, AAV, SLD, SD, SI | -- |

| | |
|---|---|
| HH=HARD OF HEARING | BA= BOTH ARM |
| BL= BOTH LEG | OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) |
| D= DWARFISM | LC=LEPROSY CURED |
| AAV=ACID ATTACK VICTIM | SLD= SPECIFIC LEARNING DISABILITY |
| SD=SPINAL DEFORMITY | SI =SPINAL INJURY |

(૨) **ઉપરોક્ત જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) ના કર્મચારી ગણાશે. તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.**

(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગુ પડશે.

(૪) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો), તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૫) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે Online અરજી કરેલ ગણાશે નહી.

(૬) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૭) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી **"Editable"** છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો "**Edit**" વિકલ્પમાં જઇ વિગત/માહિતી સુધારી લેવી. નવી અરજી ન કરવી.

(૮) ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૯) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૧૦) ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર અને રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

(૧૧) **ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણસહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં.** પ્રાથમિક કસોટીના કામચલાઉ પરિણામ બાદ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોએ જ તેમના જરૂરી

પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન પદ્ધતિ સિવાય રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આયોગ ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

**3) જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, વયમર્યાદા અને પગાર ધોરણની વિગતો**

| જાહેરાત ક્રમાંક | | |
|---|---|---|
| ૩૩/૨૦૨૪-૨૫ | **જગ્યાનું નામ** | **હેલ્થ ઓફીસર, વર્ગ-૨** |
| | શૈક્ષણિક લાયકાત | Possess<br>a degree of Bachelor of Medicine and Bachelor of Surgery (M.B.B.S.) of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956 or possess any other qualification specified in first or second schedule to the Indian Medical Council Act, 1956 |
| | વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી અને ૪૦ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહીં. (ઉંમર ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.) |
| | પગાર ધોરણ | Pay scale of Rs. 53,100-1,67,800/- (Pay Matrix Level-9) in the GMC service |

૪). 'ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭' માં દર્શાવેલ કોમ્પ્યુટર એપ્લીકેશનનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.

૫). ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૬). **વયમર્યાદા** :-

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| 3 | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

**૭). નોંધ:**

સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવર સીધી પસંદગી માટેની તેની/તેણીની અરજીના સમયે એવી રીતે રજીસ્ટર થયેલ ન હોય, તો તેણે, ગુજરાત મેડીકલ કાઉન્સિલ અધિનિયમ, ૧૯૬૭ હેઠળ પોતાનું રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૮). **(૧) પ્રાથમિક કસોટીની પરીક્ષા પદ્ધતિ:-** સંબંધિત વિષયનું ૨૦૦ ગુણનું પ્રશ્નપત્ર રહેશે. જેનો સમયગાળો ૧૮૦ મિનિટનો રહેશે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવાર ૨૫% થી ઓછા ગુણ મેળવશે, તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહી. જેમાં અનૂસુચિત જાતિ અને અનૂસુચિત જનજાતિ વર્ગના ઉમેદવાર ૨૦% થી ઓછા ગુણ મેલવશે તો તેમને રૂબરૂ મુલાકાત માટે પાત્ર ગણવામાં આવશે નહી. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૨)રૂબરૂ મુલાકાતમાં આયોગની સુચનાઓ/ધોરણો મુજબ જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઈઝ જગ્યાની સંખ્યાને ધ્યાને લઈ નીચે મુજબ અનુસરવામાં આવશે.

| કુલ જગ્યાઓ | કુલ જગ્યાઓ પૈકી રૂબરૂ મુલાકાત માટે બોલાવવામાં આવનાર ઉમેદવારોની સંખ્યા |
|---|---|
| ૦૧ | ૦૬ |
| ૦૨ | ૦૮ |
| ૦૩ | ૧૦ |
| ૦૪ કે તેથી વધુ | કુલ જગ્યાઓથી ૦૩ ગણા |

(૩) પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાત દ્વારા થતી ભરતી પ્રક્રિયામાં ઉમેદવારોની આખરી પસંદગી ૫૦ ટકા ગુણભાર પ્રાથમિક કસોટીના ૨૦૦ ગુણમાથી મેળવેલ ગુણ અને ૫૦ ટકા ગુણભાર રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના આધારે કરવામાં આવશે એટલે કે પ્રાથમિક કસોટીમાં ૨૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર અને રૂબરૂ મુલાકાતમાં ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણને ૫૦ ટકા ગુણભાર ગણી કુલ ૧૦૦ ગુણમાંથી ગુણ આપવામાં આવશે.

(૪) પ્રાથમિક કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ **http://gpsc.gujarat.gov.in/**, **https://gpsc-ojas.gujarat.gov.in/**, Twitter : @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official) પર જોવા વિનંતી છે.

(૫) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૬) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૭) આ જાહેરાતો અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

૯). **અરજી ફી:** સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦/- + સર્વિસ ચાર્જ અરજી ફી ભરવાની રહેશે. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, આર્થિક રીતે નબળા વર્ગો, માજી સૈનિકો તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

૧૦) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્રનો સમયગાળો તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીની રહેશે.

(૧૧) આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) મુજબનું પ્રમાણપત્રનો સમયગાળો **તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪** સુધીની રહેશે.

સહિ/-
(ગૌરવ પંડ્યા)
સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

નોંધ: ઓનલાઇન અરજી કરવાની રીત અને અરજી ફી ભરવાની રીત **https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay** ઉપર જોઈ શકાશે.

GPSC

Online applications are invited for the below mentioned post of Gandhinagar Municipal Corporation (GMC) between **date: 12/08/2024**, 13:00 to **date: 31 /08/2024**, 23:59 (Advt. No.: 33/2024-25).Candidates are instructed to visit Notice Board or the Website of Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

**1) Tentative date/month of Primary Test, Result of Primary Test and Interview are shown below :-**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative Date of Primary test | Tentative month of Primary test's result | Tentative month of Interview |
|---|---|---|---|---|---|
| 1 | 33/2024-25 | Health Officer, Class-2 | December-2024 | April-2025 | August-2025 |

**Final Result will be published during 10 working days after the last date of Interview.**

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Physically Disabled | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | 4 | | | | | 5 | | | | | 6 | 7 |
| 1 | 2 | 3 | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 33/2024-25 | Health Officer, Class-2 | 11 | 04 | 01 | 03 | 01 | 02 | 01 | 00 | 01 | 00 | 00 | 00 | 00 |

**2) <u>Note: -</u>**

(1)The candidates possessing disability as shown below only can apply for the respective post as shown against it.

| Advt. No | Name of the Post | Physical Disability | Percentage |
|---|---|---|---|
| 33/2024-25 | Health Officer, Class-2 | HH | Less than 70% More than 40% |
| | | BA, BL, OA, D, LC, AAV, SLD, SD, SI | -- |

| | |
|---|---|
| HH=HARD OF HEARING | BA= BOTH ARM |
| BL= BOTH LEG | OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) |
| D= DWARFISM | LC=LEPROSY CURED |
| AAV=ACID ATTACK VICTIM | SLD= SPECIFIC LEARNING DISABILITY |
| SD=SPINAL DEFORMITY | SI =SPINAL INJURY |

(2) **<u>The candidates selected in the above posts will be considered employees of Gandhinagar Municipal Corporation (GMC). They will not be considered employees of the Government of Gujarat.</u>**

(3) The candidates belonging to reserved category can apply against the vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(4) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(5) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(6) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(7) The online application is **"Editable"** till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the **"Edit"** option and update the details till the last date & time of Application. Do not make a new application.

(8) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(9) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(10) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview.

(11) **Candidates are requested not to send physical copy of the application to the Commission as of now.** Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website **https://gpsc-iass.gujarat.gov.in/** within the

stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

**3) Name of Posts, Education Qualification, Experience, Age and Pay Scale Details**

| Advt. No. | | |
|---|---|---|
| 33/2024-25 | **Name of Post** | **Health Officer, Class-2** |
| | Education Qualification | Possess<br>a degree of Bachelor of Medicine and Bachelor of Surgery (M.B.B.S.) of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956 or possess any other qualification specified in first or second schedule to the Indian Medical Council Act, 1956 |
| | Age | Not be less than 18 years and not be more than 40 years of age. (Age will be Considered as on last date of online application.) |
| | Pay Scale | Pay scale of Rs. 53,100-1,67,800/- (Pay Matrix Level-9) in the GMC service |

**4)** The basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

**5)** Adequate knowledge of Gujarati or Hindi or Both languages are essential.

**6)** Age Relaxation:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SC/ST/SEBC/EWS category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SC/ST/SEBC/EWS category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman) (Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate belonging to unreserved /reserved category | 5 years (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | Length of Military Service plus three years |
| 5 | Person with Disability | 10 Years (Maximum Up to 45 Years) |

**7) Note:** A candidate appointed by direct selection shall be required to get himself registered under The Gujarat Medical Council Act, 1967 at the time of his/her application for direct selection, if is not so register.

**8)**

**(1) Preliminary Exam Pattern:** A paper of concerned subject of 200 marks. Duration: 180 minutes. As per provision of the commission, the candidates who posses less than 25% marks in Preliminary Test shall not be eligible for interview of which , the candidates of SC & ST categories, who possess less than 20% marks in Preliminary Test shall not be eligible for interview. The Preliminary Test will usually be held at Gandhinagar/Ahmedabad and candidates will have to remain present at their own expense.

(2) As per the Instruction/Provision of the Commission, the candidates of each category are being called for interview as per following norms:

| No. of Post | Candidates to be called for an interview |
|---|---|
| 01 | 06 |
| 02 | 08 |
| 03 | 10 |
| 04 & more | 03 times of the post |

(3) The Weighted Marks of Preliminary Test & Interview are calculated as follows: - [Marks obtained in P.T. X 50/200 = Weighted Marks of Preliminary Test] + [Marks obtained in Interview X 50/100 = Weighted Marks of Interview] = Total Weighted Marks.

(4) The syllabus of a Preliminary Test for various posts are available on the Commission's website http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter: @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official).

(5) The candidates should produce formula/method of calculation of percentage where the University does not give percentage of marks.

(6) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

(7) Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

(8) Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees, while Candidates belonging to reserved categories and Economically Weaker Section of Unreserved category, Ex-Servicemen of Gujarat State and physically disabled candidates have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee.

(9) For Socially and Economically Backward Class candidates the Non Creamy Layer Certificate (NCLC) (પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪) should be issued between **dt.01/04/2022 to 31/08/2024**

(10) For Economically Weaker Section candidates the EWS Certificate (Annexure KH/પરિશિષ્ટ-ગ) should be issued between **dt.01/09/2021 to 31/08/2024**.

**Sd/-**
**(Gaurav Pandya)**
**Joint Secretary**
**Gujarat Public Service Commission**

**Note:**
Candidates may visit https://gpsc.gujarat.gov.in/HowtoApplyPay for the procedure to apply online and fees payment.

# ગુજરાત જાહેર સેવા આયોગ

## સેક્ટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦

<u>આર-૭ શાખા</u>

<u>જાહેરાત ક્રમાંક:-૩૪/૨૦૨૪-૨૫</u> ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (GMC) હસ્તકની અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ-૩ની જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે Online (https://gpsc-ojas.gujarat.gov.in) અરજીઓ તારીખ-૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ–૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધી મંગાવવામાં આવે છે. આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ https://gpsc.gujarat.gov.in અને https://gpsc-ojas.gujarat.gov.in પર જોવા વિનંતી છે. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

1) <u>પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામ, મુખ્ય કસોટી અને મુખ્યકસોટીના પરિણામના સંભવિત માસની વિગતો નીચે મુજબ છે.આ જગ્યા માટે રૂબરૂ મુલાકાત યોજવાની થતી નથી.</u>

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીનો સૂચિત માસ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | મુખ્ય કસોટીનો સૂચિત માસ | મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૩૪/૨૦૨૪-૨૫ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ-૩ | જાન્યુઆરી-૨૦૨૫ | એપ્રિલ-૨૦૨૫ | જુલાઇ – ૨૦૨૫ | ઓક્ટોબર- ૨૦૨૫ |

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય | આ. ન. વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | સામાન્ય | આ. ન. વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | |
| ૩૪/૨૦૨૪-૨૫ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ-૩ | ૧૧ | ૦૬ | ૦૧ | ૦૩ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |

2) નોંધ :

(૧) ઉપર દર્શાવેલ જગ્યા પર નીચે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવાપાત્ર છે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | દિવ્યાંગતાના પ્રકાર | ટકાવારી |
|---|---|---|---|
| ૩૪/૨૦૨૪-૨૫ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ-૩ | HH | Less than 70%<br>More than 40% |
| | | BA, BL, OA, OL, D, LC, AAV, SD, SI. | -- |
| | | SLD | -- |

| | |
|---|---|
| BA=BOTH ARMS AFFECTED | BL=BOTH LEGS AFFECTED |
| OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) | OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) |
| HH=HARD OF HEARING | LC=LEPROSY CURED |
| D= DWARFISM | AAV=ACID ATTACK VICTIM |
| SD=SPINAL DEFORMITY | SI =SPINAL INJURY |
| SLD= SPECIFC LEARNING DISABILITY | -- |

(૨) ઉપરોક્ત જગ્યાઓએ પસંદગી પામેલ ઉમેદવારો ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન **(GMC)**ના કર્મચારી ગણાશે. તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગુ પડશે.

(૪) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો), તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૫) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે Online અરજી કરેલ ગણાશે નહી.

(૬) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૭) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી **"Editable"** છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો **"Edit"** વિકલ્પમાં જઇ વિગત/માહિતી સુધારી લેવી. નવી અરજી ન કરવી.

(૮) ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૯) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૧૦) ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

(૧૧) ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણ સહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં. પ્રાથમિક કસોટીના કામચલાઉ પરિણામ બાદ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોએ જ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર નિયત સમયમર્યાદામાં

ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન પદ્ધતિ સિવાય રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આયોગ ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

(૧૨) સીધી ભરતીથી પસંદગી પામેલા ઉમેદવારની, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશને ઠરાવ્યા પ્રમાણે એવી બોલીઓ અને શરતોએ ત્રણ વર્ષ માટે કરાર આધારિત નિમણૂક કરવામાં આવશે.

## 3)- જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, અનુભવ, વયમર્યાદા અને પગાર ધોરણની વિગતો

| જાહેરાત ક્રમાંક | | |
|---|---|---|
| ૩૪/૨૦૨૪-૨૫ | જગ્યાનું નામ | અધિક મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ-3 |
| | શૈક્ષણિક લાયકાત અને અનુભવ | Possess<br>a bachelor degree (B.E./B.Tech) in Mechanical Engineering or Auto-mobile Engineering of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956;<br>**Or;**<br>diploma in Mechanical Engineering or Auto-mobile Engineering obtained from Technical Examination Board or any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956 **and** have at least two years experience in the field of Mechanical Engineering or Auto-mobile Engineering in Government or local bodies or Government undertaking board or corporation or limited company established under the companies Act, 1956; |
| | વયમર્યાદા | ૧૮ વર્ષથી ઓછી અને ૩૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહીં. (ઉંમર ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.) |
| | પગાર ધોરણ | Pay scale of Rs. 39,900-1,26,600/-(Fix Pay:03 Years-Rs.49,600/-) Pay Matrix Level-7 in the GMC service |

1) 'ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭' માં દર્શાવેલ કોમ્પ્યુટર એપ્લીકેશનનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.
2) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

4) વયમર્યાદા :-

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit. |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

**5) નોંધ:**

(૧) પ્રાથમિક / મુખ્ય લેખિત કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે જેમાં ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૨) પરીક્ષાની રૂપરેખા :- પ્રસ્તુત પરીક્ષા માટે પ્રાથમિક કસોટી **(Screening test)** અને મુખ્ય લેખિત પરીક્ષાનુ માળખુ નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે,

| પ્રાથમિક કસોટી(screening test) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિષય | પરીક્ષાનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
| ૧. | સામાન્ય અભ્યાસ | હેતુલક્ષી | ૧૦૦ | ૧૦૦ | ૧૮૦ મીનીટ |
| | સંબંધિત વિષય | | ૨૦૦ | ૨૦૦ | |
| | કુલ | | ૩૦૦ | ૩૦૦ | |

| મુખ્ય લેખિત પરીક્ષા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | પેપર | વિષય | પરીક્ષાનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
| ૧. | પેપર-૧ | ગુજરાતી અને અંગ્રેજી | વર્ણનાત્મક | - | ૧૦૦ (૫૦ + ૫૦) | ૧૮૦ મીનીટ |
| | પેપર-૨ | સંબંધિત વિષય | | - | ૧૦૦ | ૧૮૦ મીનીટ |
| | | | | કુલ | ૨૦૦ | |

નોંધ : (a) બોર્ડ, નિગમ, કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અથવા અર્ધસરકારી સંસ્થાની વર્ગ-૩ ની સીધી ભરતીમાં આયોગ દ્વારા જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઇઝ જગ્યાના આશરે ૦૬ ગણા ઉમેદવારોને પ્રાથમિક કસોટીના કેટેગરીવાઇઝ લાયકી ધોરણના આધારે મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

(b) ઉમેદવારોએ પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવાના રહેશે નહી. ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે આખરી પરીણામ પ્રસિદ્ધ કરવામાં આવશે.

(c) ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના બંને પ્રશ્નપત્રોમાં ફરજીયાત હાજર રહેવુ પડશે. અન્યથા તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૩) પ્રાથમિક/મુખ્ય કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter : @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official) પર જોવા વિનંતી છે.

(૪) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૫) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૬) આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૭) અરજી ફી: સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦/- + સર્વિસ ચાર્જ અરજી ફી ભરવાની રહેશે. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, માજી સૈનિકો તથા દિવ્યાંગતા ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજ્ય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

(૮) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબના પ્રમાણપત્રનો સમયગાળો તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮૨૦૨૪ સુધીનો માન્ય રહેશે.

(૯) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) મુજબના પ્રમાણપત્રનો સમયગાળો તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીનો માન્ય રહેશે.

સહી/-
(ગૌરવ પંડ્યા)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

નોંધ: ઓનલાઇન અરજી કરવાની રીત અને અરજી ફી ભરવાની રીત જાહેરાતના અંતે સામેલ છે.

| | |
|---|---|
| | **GUJARAT PUBLIC SERVICE COMMISSION** |
| | SECTOR 10-A, NEAR CHH-3 CIRCLE, CHH ROAD, GANDHINAGAR – 382010 |

R-7 Branch

**Advt. No.- 34/2024-25** Online applications are invited for the posts of **Additional Assistant Engineer (Mechanical), Class-III under Gandhinagar Municipal Corporation (GMC) between date: 12/08/2024, 13:00 to date: 31/08/2024, 23:59.** Candidates are instructed to visit Notice Board or the Website of Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

**1) Tentative month of Preliminary Test, Result of Preliminary Test, Tentative month for mains and result for mains are shown below. There Shall be No Interviews for this post.**

| Sr. No. | Advt. No | Name of the Post | Tentative month of Preliminary test | Tentative month of Preliminary test's result | Tentative month for mains written Exam | month for result of mains written Exam |
|---|---|---|---|---|---|---|
| 1 | 34/2024-25 | Additional Assistant Engineer (Mechanical), Class-III | January - 2025 | April - 2025 | July - 2025 | October - 2025 |

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Person with Disability | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | | | | | 5 | | | | | 6 | 7 |
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 34/2024-25 | Additional Assistant Engineer (Mechanical), Class-III | **11** | 06 | 01 | 03 | 00 | 01 | 02 | 00 | 01 | 00 | 00 | 00 | 01 |

**2)** Note: -

(1) The candidates possessing disability as shown below can apply for the respective post as shown against it.

| Advt. No. | Name of the Post | Person with Disability | Percentage |
|---|---|---|---|
| 34/2024-25 | Additional Assistant Engineer (Mechanical), Class-III | HH | Less than 70% More than 40% |
| | | BA, BL, OA, OL, D, LC, AAV, SD, SI. | -- |
| | | SLD | -- |

| | |
|---|---|
| BA=BOTH ARMS AFFECTED | BL=BOTH LEGS AFFECTED |
| OA= ONE ARM AFFECTED (LEFT OR RIGHT) | OL=ONE LEG AFFECTED (LEFT OR RIGHT) |
| HH=HARD OF HEARING | LC=LEPROSY CURED |
| D= DWARFISM | AAV=ACID ATTACK VICTIM |
| SD=SPINAL DEFORMITY | SI =SPINAL INJURY |
| SLD= SPECIFC LEARNING DISABILITY | -- |

(2) The candidates selected in the above posts will be considered employees of Gandhinagar Municipal Corporation (GMC). They will not be considered employees of the Government of Gujarat.

(3) The candidates belonging to reserved category can apply against the vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(4) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(5) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(6) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(7) The online application is **"Editable"** till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the "**Edit"** option and update the details till the last date & time of Application. Do not make a new application.

(8) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(9) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(10) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny.

(11) **Candidates are requested not to send physical copy of the application to the Commission as of now**. Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website https://gpsc-iass.gujarat.gov.in/ within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

(12) A Candidate selected by direct recruitment shall be appointed on contract basis for Three years on such terms and conditions as prescribed by the Gandhinagar Municipal Corporation.

## 3) Name of Posts, Education Qualification, Experience, Age and Pay Scale Details

| Advt. No. | | |
|---|---|---|
| 34/2024-25 | **Name of Post** | **Additional Assistant Engineer (Mechanical), Class-III** |
| | Education Qualification and Experience | Possess<br>a bachelor degree (B.E./B.Tech) in Mechanical Engineering or Auto-mobile Engineering of any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956;<br>**Or;**<br>diploma in Mechanical Engineering or Auto-mobile Engineering obtained from Technical Examination Board or any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956 **and** have at least two years experience in the field of Mechanical Engineering or Auto-mobile Engineering in Government or local bodies or Government undertaking board or corporation or limited company established under the companies Act, 1956; |
| | Age | Not be less than 18 years and not be more than 35 years of age.<br>Age will be Considered as on last date of online application. |
| | Pay Scale | Pay scale of Rs. 39,900-1,26,600/-(Fix Pay:03 Years-Rs.49,600/-) Pay Matrix Level-7 in the GMC service |

1) The basic knowledge of Computer Application as prescribed in the Gujarat Mechanical Services Classification and Recruitment (General) Rules, 1967.
2) Adequate knowledge of Gujarati or Hindi or Both languages are essential.

## 4) Age Relaxation:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman)<br>(Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate | 5 years (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit. |
| 5 | Person with Disability | 10 Years (Maximum Up to 45 Years) |

**5) Note:**

(1) The Preliminary /Main test will be held at Gandhinagar / Ahmedabad and candidates will have to be present at their own expense.

(2) **Exam Pattern :- Procedure of the preliminary test(screening test) and the main written test for the present examination is prescribed as follow,**

| **Preliminary Test(screening test)** | | | | | |
|---|---|---|---|---|---|
| **Sr.** | **Subject** | **Exam Pattern** | **No. of questions** | **Marks** | **Time** |
| 1. | General studies | Objective | 100 | 100 | 180 minutes |
| | Concerned Subject | | 200 | 200 | |
| | **Total** | | **300** | **300** | |

| **Main Written Examination** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **Sr.** | **Paper** | **Subject** | **Exam Pattern** | **No. of questions** | **Marks** | **Time** |
| 1. | Paper-1 | Gujarati & English | Descriptive | - | 100 (50+50) | 180 minutes |
| | Paper-2 | Concerned Subject | | - | 100 | 180 minutes |
| | | | | **Total** | **200** | |

**Note: (a)** In the direct recruitment of class-III of Board, Corporation, Local self – government organization, Semi-government organization, candidates approximately 06 times the category-wise vacancy indicated in the advertisement by the commission will be admitted to the main written examination on the basis of the category –wise eligibility criteria of the preliminary examination.

**(b)** The marks obtained by the candidates in the preliminary examination shall not be considered for the final selection list. The final result will be published based on the total marks obtained by the candidates in the main written examination.

**(c)** Candidates must compulsorily appear in both the question papers of the main examination otherwise his/her candidature will be cancelled

(3) The syllabus of a Preliminary/Main Test for various posts are available on the Commission's website http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter: @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official).

(4) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

(5) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

(6) Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

(7) Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees, while Candidates belonging to reserved categories, Ex-Servicemen of Gujarat State and Person with Disability candidates have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee.

(8) For Socially and Economically Backward Class candidates the Non Creamy Layer Certificate (NCLC) (પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪) should be issued between dt.**01/04/2022 to 31/08/2024**.

(9) For Economically Weaker Section candidates the EWS Certificate (Annexure KH/પરિશિષ્ટ-ગ) should be issued between dt.**01/09/2021 to 31/08/2024**.

Sd/-
(Gaurav Pandya)
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:**

(1) Procedure to apply online and fees payment is described at the end of advertisement.


GPSC

# જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

૧ નાગરિકત્વ:-

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ પરંતુ પેટાક્રમાંક (ખ), (ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

૨ અરજીપત્રક:-

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓન લાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામા આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગું પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ

વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## 3 જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી. ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મ તારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| 3 | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને, તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

૫ **શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે તેવી જોગવાઇ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૬ **અનુભવ:-**

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(૩) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના (જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના (https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf) મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન્ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(૩) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)(અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ:૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી

નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬)(ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજી)માં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

| ૮ | <u>માજી સૈનિક</u> |
|---|---|

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

| ૯ | <u>દિવ્યાંગ ઉમેદવારો</u> |
|---|---|

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક:GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

## ૧૦ મહિલા ઉમેદવાર

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

## ૧૧ વિધવા ઉમેદવાર

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજૂ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

**૧૨** <u>ના વાંધા પ્રમાણપત્ર:-</u>

(૧) ગુજરાત સરકારના સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા/ કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઇ પણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local self - Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee)ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાનું રહેશે.

**૧૩** <u>ગેરલાયક ઉમેદવાર :-</u>

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૪** <u>ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-</u>

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૫** <u>રજીસ્ટ્રેશન :-</u>

તબીબી/ દંત વિજ્ઞાન/ પશુ ચિકિત્સા/ કાયદાની અથવા અન્ય જ્ગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરાતી નિયમોની જોગવાઇ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૧૬** <u>અગત્યની જોગવાઇઓ :-</u>

<u>(અ) સીધી પસંદગીથી ભરતી</u>

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને/ અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત રહેવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનુ સાધન નથી તેવા ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજૂ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડ વાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય.

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

## ૧૯ નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર/ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/ અનુભવ/ ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજૂ કરવા.

## ૨૦ ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/ બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહી, જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજૂ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજૂ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેકટ્રોનિક ઉપકરણો/ અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોંચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને/અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને/ કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું-હકીકત રજૂ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

## ૨૧ રમતગમત :-

એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબૉલ, ક્રિકેટ, ફૂટબૉલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબૉલ, ટેનિસ, વેઈટલિફટિંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમૂનામાં જરૂરી પ્રમાણપત્ર આયોગ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

## ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ–૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )

Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(3) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા

બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શાવવાનાં બદલે એકજ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

<u>નોધ:-</u>

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## <u>અરજી ફી ભરવાની પધ્ધતિ:</u>

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

૧. <u>પોસ્ટ ઓફીસમાં</u> : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ <u>૦૨/૦૯/૨૦૨૪</u> સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

૨. <u>ઓનલાઈન ફી</u> : ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.

# ગુજરાત જાહેર સેવા આયોગ

**સેકટર ૧૦-એ, છ-૩ સર્કલ પાસે, છ રોડ, ગાંધીનગર-૩૮૨૦૧૦**

<u>આર-૭ શાખા</u>

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન **(GMC)** હસ્તકની નીચે દર્શાવેલ જગ્યા પર ઉમેદવારો પસંદ કરવા માટે Online **(https://gpsc-ojas.gujarat.gov.in)** અરજીઓ તારીખ-૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ-૩૧/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક સુધી મંગાવવામાં આવે છે. (જાહેરાત ક્રમાંક : ૩૫/૨૦૨૪-૨૫) આ જાહેરાત અન્વયે ઓનલાઈન અરજી કરતા પહેલા વિગતવાર જાહેરાત સાથેની જાહેરાતની સામાન્ય જોગવાઈઓ અને ઓનલાઈન અરજી કરવાની રીત તેમજ અરજી ફી ભરવાની રીત અંગેની સૂચનાઓ આયોગના નોટીસ બોર્ડ પર તથા આયોગની વેબસાઇટ **https://gpsc.gujarat.gov.in** અને **https://gpsc-ojas.gujarat.gov.in** પર જોવા વિનંતી છે. ત્યારબાદ જ ઉમેદવારે અરજી કરવાની રહેશે.

**1)** <u>પ્રસ્તુત જાહેરાતની પ્રાથમિક કસોટી, પ્રાથમિક કસોટીના પરિણામના સંભવિત માસ, મુખ્ય કસોટી અને મુખ્ય કસોટીના પરિણામના સંભવિત માસની વિગતો નીચે મુજબ છે.આ જગ્યા માટે રૂબરૂ મુલાકાત યોજવાની થતી નથી.</u>

| ક્રમ | જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | પ્રાથમિક કસોટીનો સૂચિત માસ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવિત માસ | મુખ્ય કસોટીનો સૂચિત માસ | મુખ્ય કસોટીના પરિણામનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૩૫/૨૦૨૪-૨૫ | સ્ટેશન ઓફિસર, વર્ગ-૩ | જાન્યુઆરી-૨૦૨૫ | એપ્રિલ-૨૦૨૫ | જુલાઇ – ૨૦૨૫ | ઓક્ટોબર- ૨૦૨૫ |

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | | ૫ | | | | | ૬ | ૭ |
| ૧ | ૨ | ૩ | સામાન્ય | આ. ન. વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | સામાન્ય | આ. ન. વર્ગ | સા. શૈ. પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જન જાતિ | | |
| ૩૫/૨૦૨૪-૨૫ | સ્ટેશન ઓફિસર, વર્ગ-૩ | ૦૭ | ૦૪ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

**2) નોંધ :**

(૧) ઉપર દર્શાવેલ જાહેરાતમાં નીચે જગ્યાઓની સામે દર્શાવ્યા મુજબની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો જ અરજી કરવાપાત્ર છે.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાનો પ્રકાર | અનામત રાખવામાં આવેલ જગ્યા |
|---|---|---|---|
| a | અંધત્વ અથવા ઓછી દ્રષ્ટી | -- | ૦૦ |
| b | બધિર અને ઓછું સાંભળનાર | HH (40-70%,) | ૦૦ |
| c | મગજનો લકવો સહિત હલનચલનની દિવ્યાંગતા, રક્તપિતમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ. | AAV | ૦૦ |
| d | સ્વલીનતા(autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી | ASD(M), SLD, MI | ૦૦ |
| e | ક્રમ (b) અને (c) હેઠળના વ્યક્તિઓમાંથી એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા | MD (B & C) | ૦૦ |

| | |
|---|---|
| HH=HARD OF HEARING | AAV=ACID ATTACK VICTIM |
| ASD(M)=AUTISM SPECTRUM DISORDER M= MILD | SLD= SPECIFIC LEARNING DISABILITY |
| MI=MENTAL ILLNESS | MD=MULTIPLE DISABILITIES |

(૨) ઉપરોક્ત જગ્યાએ પસંદગી પામેલ ઉમેદવારો ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન (**GMC**)ના કર્મચારી ગણાશે. તેઓ ગુજરાત સરકારના કર્મચારી ગણાશે નહી.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિનઅનામત ઉમેદવારો માટેનાં ધોરણો લાગુ પડશે.

(૪) મહિલાઓ માટેની અનામત જગ્યા માટે જો મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય (જો મહિલા માટે જગ્યા અનામત હોય તો), તો તે જગ્યા તે કક્ષાના પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

(૫) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી જે તે જાહેરાત અન્વયે Online અરજી કરેલ ગણાશે નહી.

(૬) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઇન અરજી કરવી. ઓનલાઇન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે.

(૭) ઉમેદવાર દ્વારા કરવામાં આવતી ઓનલાઇન અરજી જાહેરાતના છેલ્લા સમય સુધી **"Editable"** છે. આથી ઉમેદવારોએ એક જાહેરાતમાં એક જ અરજી કરવી. ઓનલાઇન કરેલ અરજીમાં વિગત/માહિતી ભરવામાં કોઇ ભૂલ થાય તો **"Edit"** વિકલ્પમાં જઇ વિગત/માહિતી સુધારી લેવી. નવી અરજી ન કરવી.

(૮) ઓનલાઇન અરજી કરવાની સમયમર્યાદા બાદ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૯) એક કરતા વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે.

(૧૦) ઉમેદવારોએ અરજી ચકાસણીને પાત્ર અને રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતાં પ્રમાણપત્રો તૈયાર રાખવાના રહેશે.

(૧૧) ઓનલાઈન જાહેરાત માટેના ભરેલા અરજીપત્રક બિડાણસહિત આયોગની કચેરીમાં હાલ પૂરતા મોકલવા નહીં. પ્રાથમિક કસોટીના કામચલાઉ પરિણામ બાદ અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોએ જ તેમના જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર નિયત સમયમર્યાદામાં ઓનલાઇન અપલોડ કરવાના રહેશે. ઉમેદવારોએ ઓનલાઇન પદ્ધતિ સિવાય રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આયોગ ખાતે મોકલેલ પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્વીકારવા પાત્ર બનતા નથી. આથી, આવા ઉમેદવારો આપોઆપ અપાત્ર બનશે.

## ૩)જગ્યાનું નામ, શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને પગાર ધોરણની વિગતો

| જાહેરાત ક્રમાંક | | |
|---|---|---|
| ૩૫/૨૦૨૪-૨૫ | જગ્યાનું નામ | સ્ટેશન ઓફિસર, વર્ગ-૩ |
| | શૈક્ષણિક લાયકાત | Possess<br>a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a university under section 3 of the University Grants Commission Act, 1956, **and** Completed the Station Officer and Instructor's course recognized by the National Fire Service College, Nagpur.<br>**Or;**<br>Bachelor's degree of Engineering (Fire) / Bachelor's degree of Technology (Fire) / Bachefor's degree of Engineering (Fire and safety) / Bachelor's degree of Technology (Fire and satety) / Bachelor of Science (Fire) / Bachelor's degree of Science (Fire and Safety) obtained from any of the Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956 |

| | | |
|---|---|---|
| | વયમર્યાદા | ૩૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહીં. (ઉંમર ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.) |
| | પગાર ધોરણ | Pay scale of Rs. 39,900-1,26,600/- (Fix Pay:03 Years-Rs.49600/-) Pay Matrix Level-7 in the GMC Service |

1) 'ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭' માં દર્શાવેલ કોમ્પ્યુટર એપ્લીકેશનનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવા જોઈશે.
2) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.
3) જા.ક્ર.૩૫/૨૦૨૪-૨૫, સ્ટેશન ઓફિસર, વર્ગ-૩ માટે શારીરિક અને તબીબી ધોરણો નીચે મુજબ રહેશે.

Minimum Physical Standards for the post of Station Officer, Class-III in the Gandhinagar Municipal Corporation

A. **For Male candidates.**

| **Class** | **Minimum Height in Centimeters** | **Chest (Minimum in Centimeters)** | | **Minimum Weight** |
|---|---|---|---|---|
| | | Deflated | Inflated | |
| Scheduled Tribes candidate of Gujarat origin. | 160 | 81 | 86 | 50 Kg. |
| Candidates (Except Scheduled Tribes of Gujarat origin) | 165 | 81 | 86 | 50 Kg. |

**Note**: Minimum expansion of chest when inflated shall not be less than 5 Centimeters.

**B. For Female candidates.**

| **Class** | **Minimum Height in Centimeters** | **Minimum Weight** |
|---|---|---|
| Scheduled Tribes of Gujarat origin. | 156 | 40 Kg. |
| Candidates (Except Scheduled Tribes of Gujarat origin) | 158 | 40 Kg. |

C. Candidates having any of the following physical defects shall be considered physically unfit for the post, namely:-

(i) Knock knee, (ii) pigeon Chest, (iii) Squint Eye,
(iv) Flat Feet, (v) Varicose Veins, (vi) Hammer Toes,
(vii) Fractured Limb, (viii) Decayed Teeth, (ix) Communicable or
(x) Skin Disease.

D. SHAPE I Means

| | |
|---|---|
| S | Psychological |
| H | Hearing |
| A | Appendage |
| P | Physical capacity for normal work |
| E | Eye sight |
| I | means fit in all respect to perform normal professional functions under each of the above mentioned heads. |

## <u>4) વયમર્યાદા</u> :-

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગના, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના, અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિવર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| ૩ | મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit. |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

**<u>5) નોંધ</u>:**

(૧) પ્રાથમિક / મુખ્ય લેખિત કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે જેમાં ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૨) <u>પરીક્ષાની રૂપરેખા :-</u> પ્રસ્તુત પરીક્ષા માટે પ્રાથમિક કસોટી **(Screening test)** અને મુખ્ય લેખિત પરીક્ષાનુ માળખુ નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે,

| પ્રાથમિક કસોટી(screening test) | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | વિષય | પરીક્ષાનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
| ૧. | સામાન્ય અભ્યાસ | હેતુલક્ષી | ૧૦૦ | ૧૦૦ | ૧૮૦ મીનીટ |
| | સંબંધિત વિષય | | ૨૦૦ | ૨૦૦ | |
| | કુલ | | ૩૦૦ | ૩૦૦ | |

| મુખ્ય લેખિત પરીક્ષા | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | પેપર | વિષય | પરીક્ષાનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
| ૧. | પેપર-૧ | ગુજરાતી અને અંગ્રેજી | વર્ણનાત્મક | - | ૧૦૦ (૫૦ + ૫૦) | ૧૮૦ મીનીટ |
| | પેપર-૨ | સંબંધિત વિષય | | - | ૧૦૦ | ૧૮૦ મીનીટ |
| | | | | કુલ | ૨૦૦ | |

નોંધ : (a) બોર્ડ, નિગમ, કોર્પોરેશન, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા અથવા અર્ધસરકારી સંસ્થાની વર્ગ-૩ ની સીધી ભરતીમાં આયોગ દ્વારા જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીવાઇઝ જગ્યાના આશરે ૦૬ ગણા ઉમેદવારોને પ્રાથમિક કસોટીના કેટેગરીવાઇઝ લાયકી ધોરણના આધારે મુખ્ય લેખિત પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

(b) ઉમેદવારોએ પ્રાથમિક કસોટીમાં મેળવેલ ગુણ આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવાના રહેશે નહી. ઉમેદવારોએ મુખ્ય લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના આધારે આખરી પરીણામ પ્રસિદ્ધ કરવામાં આવશે.

(c) ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના બંને પ્રશ્નપત્રોમાં ફરજીયાત હાજર રહેવુ પડશે. અન્યથા તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૩) પ્રાથમિક કસોટી/ મુખ્ય કસોટીનો અભ્યાસક્રમ આયોગની વેબસાઇટ http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter : @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official) પર જોવા વિનંતી છે.

(૪) જો યુનિવર્સિટીએ માર્કશીટમાં ટકાવારી દર્શાવેલ ન હોય, તો ઉમેદવારે ટકાવારી ગણવા માટેની ફોર્મ્યુલા/આધાર અરજી સાથે રજૂ કરવાના રહેશે.

(૫) જો ઉમેદવાર વિદેશની યુનિવર્સિટીની પદવી/અનુભવ મેળવેલ હશે તો તેવી પદવીની ભારતમાં માન્યતા/ સમકક્ષતા ગણવા અંગે જરૂરી આધાર/પૂરાવા રજૂ કરવાના રહેશે.તથા સમય મર્યાદામાં આ અંગેના આધાર પુરાવા રજૂ કરવાની જવાબદારી સંબંધિત ઉમેદવારની રેહશે. આ બાબતે આયોગની કોઇ જવાબદારી/ફરજ રહેતી નથી અને સમયમર્યાદા બાદ આ અંગેની રજૂઆત પણ વિચારણામાં લેવામા આવશે નહી, જેની સંબંધિત તમામે ખાસ નોંધ લેવી.

(૬) આ જાહેરાત અન્વયે ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે ઉમેદવારે હાજર રહેવું પડશે, અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૭) અરજી ફી: સામાન્ય કેટેગરીના (બિન અનામત) ઉમેદવારે ભરવાની ફી રૂ.૧૦૦/- + પૉસ્ટલ સર્વિસ ચાર્જ તથા ઓનલાઇન ફી ભરે તો રૂ. ૧૦૦/- + સર્વિસ ચાર્જ અરજી ફી ભરવાની રહેશે. મૂળ ગુજરાતના અનામત કક્ષાના, માજી સૈનિકો તથા દિવ્યાંગતા ઉમેદવારોએ ફી ભરવાની નથી. ગુજરાત રાજય સિવાયના અનામત વર્ગના ઉમેદવારોએ નિયત ફી ભરવાની રહેશે.

(૮) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું નિયત થયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-ક' અથવા નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબના પ્રમાણપત્રનો સમયગાળો તા.૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીનો માન્ય રહેશે.

(૯) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) મુજબના પ્રમાણપત્રનો સમયગાળો તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૪ સુધીનો માન્ય રહેશે.

સહી/-
(ગૌરવ પંડ્યા)
સંયુકત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

નોંધ: ઓનલાઇન અરજી કરવાની રીત અને અરજી ફી ભરવાની રીત જાહેરાતના અંતે સામેલ છે.

| | GUJARAT PUBLIC SERVICE COMMISSION |
|---|---|
| | SECTOR 10-A, NEAR CHH-3 CIRCLE, CHH ROAD, GANDHINAGAR – 382010 |

R-7 Branch

Online applications are invited for the Following post of **Gandhinagar Municipal Corporation (GMC), (Advt. No.: 35/2024-25) between date: 12/08/2024, 13:00 to date: 31/08/2024, 13:00.** Candidates are instructed to visit Notice Board or the Website of Commission https://gpsc.gujarat.gov.in and https://gpsc-ojas.gujarat.gov.in for all the provisions of the advertisements, General Instructions, the method of online application and payment of fees.

1) **Tentative month of Preliminary Test, Result of Preliminary Test, Tentative month for mains and result of mains are shown below. There Shall be No Interviews for this post.**

| Sr. No. | Advt. No. | Name of the Post | Tentative month of Preliminary test | Tentative month of Preliminary test's result | Tentative month for mains written Exam | Tentative month for result of mains written Exam |
|---|---|---|---|---|---|---|
| 1 | 35/2024-25 | Station Officer, Class-III | January - 2025 | April - 2025 | July - 2025 | October - 2025 |

| Advt. No. | Name of the Post | Total Vacancy | Category wise vacancy | | | | | Out of total Post, vacancies reserved for Women | | | | | Reserved for Person with Disability | Reserved for Ex-Serviceman |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | | | | | 5 | | | | | 6 | 7 |
| | | | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | General | E.W.S. | S.E.B.C. | S.C. | S.T. | | |
| 35/2024-25 | Station Officer, Class-III | **07** | 04 | 00 | 02 | 00 | 01 | 01 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |

**2)** Note: -

(1) The candidates possessing disability as shown below only can apply for the above mentioned post.

| Sr. No. | Disability | Type of Disability | Number Of Reserved Posts |
|---|---|---|---|
| a | Blind, Low Vision | -- | **00** |
| b | Hard of Hearing | HH (40-70%,) | **00** |
| c | Locomotor Disability including Cerebral Palsy, Leprosy Cured, Dwarfism and Acid Attack Victims | AAV | **00** |
| d | Autism, Specific Learning Disability and Mental illness | ASD(M), SLD, MI | **00** |
| e | Multiple Disabilities from amongst persons under group (b) & (c) | MD (B & C) | **00** |

| | |
|---|---|
| HH=HARD OF HEARING | AAV=ACID ATTACK VICTIM |
| ASD(M)=AUTISM SPECTRUM DISORDER M= MILD | SLD= SPECIFIC LEARNING DISABILITY |
| MI=MENTAL ILLNESS | MD=MULTIPLE DISABILITIES |

**(2) The candidates selected in the above posts will be considered employees of Gandhinagar Municipal Corporation (GMC). They will not be considered employees of the Government of Gujarat.**

(3) The candidates belonging to reserved category can apply against the vacancies for Unreserved Category and the criteria will be applicable as per Unreserved Category.

(4) In case of non-availability of women candidate in the respective category (If reserved posts for women are available), the reserved post will be allotted to male candidates belonging to the same category.

(5) The One Time Registration (OTR) module only helps to candidates for filling Online Application speadily, which will not count as an Online Application.

(6) Candidates shall carefully read Advertisement No. and name of post before applying online. Candidate shall confirm the application only after verifying the details filled in the application form.

(7) The online application is **"Editable"** till the last date & time of advertisement. Hence the candidates have to make only one application in one advertisement. If there are any mistakes in filling up the details / information in the online application, go to the "**Edit"**

option and update the details till the last date & time of Application. Do not make a new application.

(8) Any request or representation to correct any error or omission in the confirmed online application or information filled in by the candidate shall not be accepted, once the online advertisement is closed.

(9) In case of more than one online application made by the candidate, only the latest confirmed application will be considered valid by the Commission. For candidates belonging to unreserved category, the last confirmed application with fees will be considered by the Commission.

(10) Candidates shall keep all the relevant Certificates/Documents ready as it may be required in case of eligibility for application scrutiny and Interview.

(11) **Candidates are requested not to send physical copy of the application to the Commission as of now**. Candidates qualified for application scrutiny only have to upload their required Certificates/Documents online on Commission's website **https://gpsc-iass.gujarat.gov.in/** within the stipuled time duration as mentioned in the provisional result. Those candidates who send their required Certificates/Documents Physically or By Post to the Commission are automatically ineligible for the further recruitment process.

## 3) Name of Posts, Education Qualification, Age and Pay Scale Details

| Advt. No. | | |
|---|---|---|
| 35/2024-25 | **Name of Post** | **Station Officer, Class-III** |
| | Education Qualification | Possess<br>a Bachelor's degree obtained from any of the Universities established or incorporated by or under the Central or a State Act in India; or any other educational institution recognized as such or declared to be deemed as a university under section 3 of the University Grants Commission Act, 1956, **and** Completed the Station Officer and Instructor's course recognized by the National Fire Service College, Nagpur.<br>**Or;**<br>Bachelor's degree of Engineering (Fire) / Bachelor's degree of Technology (Fire) / Bachefor's degree of Engineering (Fire and safety) / Bachelor's degree of Technology (Fire and satety) / Bachelor of Science (Fire) / Bachelor's degree of Science (Fire and Safety) obtained from any of the |

| | | |
|---|---|---|
| | | Universities established or incorporated by or under the Central or State Act in India or any other educational institution recognized as such or declared to be a deemed university under section 3 of the University Grants Commission Act, 1956. |
| | Age | ૩૫ વર્ષથી વધુ ઉંમર હોવી જોઇશે નહીં. (ઉંમર ઓનલાઈન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.) |
| | Pay Scale | Pay scale of Rs. 39,900-1,26,600/- (Fix Pay:03 Years-Rs.49600/-) Pay Matrix Level-7 in the GMC Service |

1) The basic knowledge of Computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

2) Adequate knowledge of Gujarati or Hindi or Both languages are essential.

3) For Advertisement No: 35/2024-25, Station Officer, Class-III physical and medical standards as mentioned.

Minimum Physical Standards for the post of Station Officer, Class-III under GMC

**A. For Male candidates.**

| **Class** | **Minimum Height in Centimeters** | **Chest (Minimum in Centimeters)** | | **Minimum Weight** |
|---|---|---|---|---|
| | | Deflated | Inflated | |
| Scheduled Tribes candidate of Gujarat origin. | 160 | 81 | 86 | 50 Kg. |
| Candidates (Except Scheduled Tribes of Gujarat origin) | 165 | 81 | 86 | 50 Kg. |

**Note**: Minimum expansion of chest when inflated shall not be less than 5 Centimeters.

**B. For Female candidates.**

| **Class** | **Minimum Height in Centimeters** | **Minimum Weight** |
|---|---|---|
| Scheduled Tribes of Gujarat origin. | 156 | 40 Kg. |
| Candidates (Except Scheduled Tribes of Gujarat origin) | 158 | 40 Kg. |

C. Candidates having any of the following physical defects shall be considered physically unfit for the post, namely:-

(i) Knock knee, (ii) pigeon Chest, (iii) Squint Eye,
(iv) Flat Feet, (v) Varicose Veins, (vi) Hammer Toes,
(vii) Fractured Limb, (viii) Decayed Teeth, (ix) Communicable or
(x) Skin Disease.

D. The Medical officer shall, examine the candidate and issue the certificate of fitness taking into consideration the physical standards as mentioned above and also certify for the following, namely:-

| | | |
|---|---|---|
| SHAPE I Means | S | Psychological |
| | H | Hearing |
| | A | Appendage |
| | P | Physical capacity for normal work |
| | E | Eye sight |
| | I | means fit in all respect to perform normal professional functions under each of the above mentioned heads. |

## 4)Age Relaxation:

| | | |
|---|---|---|
| 1 | Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 5 years (Maximum Up to 45 Years) |
| 2 | Women Candidate belonging SEBC, EWS, SC, ST category of Gujarat Origin | 10 Years (Which Includes the relaxation of 5 years applicable to woman)<br>(Maximum Up to 45 Years) |
| 3 | Women Candidate | 5 years (Maximum Up to 45 Years) |
| 4 | Ex. Serviceman Including E.C.O. / S.C.O. | For appointment to any vacancy in class-3 and class-4 posts in Gujarat Government, an Ex-Serviceman shall be allowed to deduct the period of actual military service from his actual age and if the resultant age does not exceed the maximum age limit prescribed for the post for which he is seeking appointment by more than three years, he shall be deemed to satisfy the condition regarding age limit. |
| 5 | Person with Disability | 10 Years (Maximum Up to 45 Years) |

## 5) Note:

(1) The Preliminary test and main written test will be held at Gandhinagar / Ahmedabad and candidates will have to be present at their own expense.

(2) **Exam Pattern :- Procedure of the preliminary test(screening test) and the main written test for the present examination is prescribed as follow,**

| **Preliminary Test(screening test)** | | | | | |
|---|---|---|---|---|---|
| **Sr.** | **Subject** | **Exam Pattern** | **No. of questions** | **Marks** | **Time** |
| 1. | General studies | Objective | 100 | 100 | 180 minutes |
| | Concerned Subject | | 200 | 200 | |
| | **Total** | | **300** | **300** | |

| Main Written Examination | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **Sr.** | **Paper** | **Subject** | **Exam Pattern** | **No. of questions** | **Marks** | **Time** |
| 1. | Paper-1 | Gujarati & English | Descriptive | - | 100 (50+50) | 180 minutes |
| | Paper-2 | Concerned Subject | | - | 100 | 180 minutes |
| | | | | **Total** | **200** | |

**Note:** **(a)** In the direct recruitment of class-III of Board, Corporation, Local self – government organization, Semi-government organization, candidates approximately 06 times the category-wise vacancy indicated in the advertisement by the commission will be admitted to the main written examination on the basis of the category –wise eligibility criteria of the preliminary examination.

**(b)** The marks obtained by the candidates in the preliminary examination shall not be considered for the final selection list. The final result will be published based on the total marks obtained by the candidates in the main written examination.

**(c)** Candidates must compulsorily appear in both the question papers of the main examination otherwise his/her candidature will be cancelled.

(3) The syllabus of a Preliminary Test / Main exam for various posts are available on the Commission's website http://gpsc.gujarat.gov.in/, https://gpsc-ojas.gujarat.gov.in/, Twitter: @GPSC_OFFICIAL & Mobile App: GPSC (Official).

(4) The candidates should produce formula/method of calculation of percentage where percentage of marks is not given by the University.

(5) If the candidate has obtained a foreign university degree / experience, then he / she will have to submit the necessary evidence / evidence regarding the validity / equivalence of such degree position in India. Candidates are informed to take note that presenatation of the matter in this regard will not be considered after the prescribed time limit.

(6) Candidates shall remain present at each stage of Recruitment process, otherwise his/her candidature shall be cancelled.

(7) Application Fees: - Candidates of General (Unreserved) category have to pay Rs. 100/- + applicable postal charges or Rs. 100/- + Service Charges through online mode as Application Fees, while Candidates belonging to reserved categories, Ex-Servicemen of Gujarat State and Person with Disability candidates have not to pay application fees. While candidates of reserved category of other states have to pay application fee.

(8) For Socially and Economically Backward Class candidates the Non Creamy Layer Certificate (NCLC) (પરિશિષ્ટ-ક/પરિશિષ્ટ-૪) should be issued between dt.**01/04/2022 to 31/08/2024**.

(9) For Economically Weaker Section candidates the EWS Certificate (Annexure KH/પરિશિષ્ટ-ગ) should be issued between dt.**01/09/2021 to 31/08/2024.**

Sd/-
( Gaurav Pandya )
Joint Secretary
Gujarat Public Service Commission

**Note:**

(1) Procedure to apply online and fees payment is described at the end of advertisement.

GPSC

# જાહેરાતને સંબંધિત અગત્યની સૂચનાઓ

૧ **નાગરિકત્વ:-**

ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક અથવા

(ખ) નેપાળનો પ્રજાજન અથવા

(ગ) ભૂતાનનો પ્રજાજન અથવા

(ઘ) તિબેટનો નિર્વાસિત જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી ૧લી જાન્યુઆરી, ૧૯૬૨ પહેલાં ભારતમાં આવેલા હોવા જોઇએ, અથવા

(ચ) મૂળ ભારતીય વ્યક્તિ કે જે ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન, પૂર્વ પાકિસ્તાન(બાંગ્લાદેશ), બર્મા (મ્યાનમાર), શ્રીલંકા, કેન્યા, યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો, સંયુક્ત પ્રજાસત્તાક ટાંઝાનીયા, ઝાંબીયા, મલાવી, ઝૈર, ઇથોપીયા, અથવા વિયેટનામથી સ્થળાંતર કરીને આવેલ હોવા જોઇએ પરંતુ પેટાક્રમાંક (ખ), (ગ), (ઘ), અને (ચ) માં આવતા ઉમેદવારોના કિસ્સામાં સરકારે પાત્રતા પ્રમાણપત્ર આપેલ હોવું જોઇએ.

નોંધ:- જે ઉમેદવારના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર જરૂરી હોય તેવા ઉમેદવારનું અરજીપત્રક આયોગ વિચારણામાં લેશે. અને જો નિમણૂક માટે તેમના નામની ભલામણ કરવામાં આવશે તો રાજ્ય સરકાર તેમના કિસ્સામાં પાત્રતા પ્રમાણપત્ર આપવાની શરતે કામચલાઉ નિમણૂક આપશે.

૨ **અરજીપત્રક:-**

(૧) જો એક કરતાં વધુ જાહેરાત માટે અરજી કરવાની હોય તો દરેક જાહેરાત માટે અલગ અલગ અરજી કરવાની રહેશે અને પ્રત્યેક અરજી સાથે ફી ભરવાની રહેશે.

(૨) બિન અનામત વર્ગના ઉમેદવારોએ, જો તેઓ પોસ્ટ ઑફિસમાં ફી ભરે તો રૂ. ૧૦૦ + પોસ્ટલ ચાર્જીસ તથા ઓન લાઇન ફી ભરે તો રૂ. ૧૦૦ + સર્વિસ ચાર્જીસ ફી ભરવાની રહેશે. અનામત વર્ગના ઉમેદવારો (માત્ર મૂળ ગુજરાતના આર્થિક રીતે નબળા વર્ગો, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ) તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારો અને માજી સૈનિકોને ફી ભરવામાંથી મુક્તિ આપવામા આવેલ છે. જેથી તેમણે કોઇ ફી ભરવાની રહેતી નથી. જે જાહેરાતમાં પરીક્ષા નિયમો સંદર્ભે મુખ્ય પરીક્ષાનો તબક્કો હશે ત્યાં મુખ્ય પરીક્ષાની ફી અંગે અલગથી સૂચનાઓ આપવામાં આવશે.

(૩) અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિનઅનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિનઅનામતના ધોરણો લાગું પડશે.

(૪) જાહેરાતમાં મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત ન હોય તો પણ જે તે કેટેગરીમાં મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.

(૫) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગ્યાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગ્યાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગ્યાઓ સિવાયની બાકી રહેતી જગ્યાઓ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગ્યાઓ પર પુરુષ તેમજ મહિલા ઉમેદવારોની પસંદગી માટે વિચારણા થઇ શકે છે, પુરુષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે. (દા.ત. કુલ ૧૦ જગ્યાઓ પૈકી ૦૩ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગ્યા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

(૬) જાહેરાતમાં માત્ર મહિલા ઉમેદવારો માટે જગ્યાઓ અનામત હોય તો પણ જે તે કેટેગરીમાં પુરુષ ઉમેદવાર અરજી કરી શકે છે કેમ કે મહિલા ઉમેદવાર ઉપલબ્ધ ન થાય તો આ જગ્યાઓ પર પસંદગી માટે પુરુષ ઉમેદવારોની વિચારણા થઇ શકે છે. પરંતુ જે જગ્યાઓ મહિલા ઉમેદવારો માટે જ અનામત હોય અને તે જગ્યા ઉપર મહિલા ઉમેદવારો પુરેપુરા પસંદગી પામે/જેટલી સંખ્યામાં પસંદગી પામે તો તેમને જ પ્રથમ

વિચારણામાં લેવાના થશે અને કોઇ મહિલા ઉમેદવાર પસંદ ન થાય કે ઓછા મહિલા ઉમેદવાર પસંદ થાય તો તેટલા પ્રમાણમાં પુરુષ ઉમેદવારોને ધ્યાનમાં લેવામાં આવશે. (દા.ત.કુલ ૧૦ જગ્યા મહિલા ઉમેદવાર માટે અનામત છે અને ૦૮ મહિલા ઉમેદવાર પસંદ થાય છે તો ૦૨ પુરુષ ઉમેદવારો પસંદગી પામી શકે છે.)

(૭) પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે આયોગ જણાવે ત્યારે જરૂરી પ્રામાણપત્રો/ દસ્તાવેજો સ્કેન (Scan) કરીને આયોગની વેબસાઇટ https://gpsc-iass.gujarat.gov.in/ પર ઓન લાઇન અપલોડ કરવાના રહેશે.

## 3 જન્મ તારીખ:-

(૧) આયોગ જન્મ તારીખ ના પુરાવા માટે એસ. એસ. સી. ઇ. બોર્ડ દ્વારા અપાયેલ એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્ર જ માન્ય રાખે છે. પરંતુ આ પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ ખોટી હોવાનું ઉમેદવાર માને તો સક્ષમ અધિકારીએ આપેલ વય અને અધિવાસના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ મોકલવાની રહેશે. આ પ્રમાણપત્રમાં અધિકૃત અધિકારીએ સ્પષ્ટપણે જણાવેલ હોવું જોઇએ કે તેઓએ એસ. એસ. સી. કે તેની પરીક્ષાનું મૂળ પ્રમાણપત્ર તપાસેલ છે અને પોતાની સમક્ષ રજૂ કરવામાં આવેલ પુરાવાઓને આધારે ઉમેદવારની સાચી જન્મ તારીખ .............. છે. જે એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષાના પ્રમાણપત્રમાં દર્શાવેલ જન્મતારીખ કરતાં જુદી છે તથા માનવાને પૂરતું કારણ છે. ઉમેદવારે રજૂ કરેલ વય અને અધિવાસનું પ્રમાણપત્ર તેની વિશ્વાસનિયતા (credibility) ના આધારે સ્વીકાર કે અસ્વીકારનો નિર્ણય આયોગ દ્વારા લેવામાં આવશે.

(૨) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ જન્મ તારીખમાં પાછળથી કોઇપણ કારણસર ફેરફાર થઈ શકશે નહી.

## ૪ વયમર્યાદા :-

(૧) ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) જાહેરાતમાં દર્શાવેલ ઉપલી વયમર્યાદામાં નીચે મુજબની છૂટછાટ મળવાપાત્ર છે.

| | | |
|---|---|---|
| ૧ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૨ | મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે, તેનો સમાવેશ થઇ જાય છે, વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે.) |
| 3 | બિન અનામત (સામાન્ય) મહિલા ઉમેદવારો | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| ૪ | માજી સૈનિકો, ઇ.સી.ઓ., એસ.સી.ઓ. સહિત ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ત્રણ વર્ષ |
| ૫ | દિવ્યાંગ ઉમેદવારો | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં) |

| | | |
|---|---|---|
| ૬ | ગુજરાત સરકારના કર્મચારીઓ: ગુજરાત મુલ્કી સેવા અને વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ની જોગવાઈ મુજબ ગુજરાત સરકારની નોકરીમાં કાયમી ધોરણે અથવા હંગામી ધોરણે સળંગ છ માસથી કામગીરી બજાવતા હોય અને તેઓની પ્રથમ નિમણૂક જાહેરાતમાંની જગ્યામાં દર્શાવેલ વય મર્યાદાની અંદર થયેલ હોય તેવા કર્મચારીઓ | (૧) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ માંગેલ હોય તો ઉપલી વયમર્યાદા લાગુ પડશે નહિ.<br>(૨) જાહેરાતમાં અનુભવને લાયકાત તરીકે માંગેલ ન હોય, પરંતુ ઇજનેરી, તબીબી, ખેતી વિષયક, પશુ ચિકિત્સાની પદવી કે ડિપ્લોમાની જગ્યા પર નિમણૂક પામેલ કર્મચારીને જાહેરાતમાંની આવી લાયકાતવાળી જગ્યા (Any Such Post) માટે ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહીં.<br>(૩) જાહેરાતમાં દર્શાવેલ જગ્યા માટે અનુભવ એક લાયકાત તરીકે માંગેલ ન  હોય ત્યારે જે સંવર્ગમાંથી બઢતી મળવાપાત્ર હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીને,  તેઓએ બજાવેલ સેવાના સમય અથવા તો વધુમાં વધુ પાંચ વર્ષની છુટછાટ તે બે પૈકી જે ઓછું હોય તે મળશે.<br>(૪) જાહેરાતમાં લાયકાત તરીકે અનુભવ નિયત કરવામાં આવેલ ન હોય તેવી સ્પર્ધાત્મક પરીક્ષામાં ગુજરાત સરકારના કર્મચારીઓ/ અધિકારીઓને ઉપલી વય મર્યાદામાં કોઈ પણ પ્રકારની છૂટછાટ મળવાપાત્ર નથી. |

૫ **શૈક્ષણિક લાયકાત:-**

(૧) ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ધરાવતા હોવા જોઇએ.

(૨) ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાથી મેળવેલ હોવી જોઇએ.

(૩) ઉમેદવારે અરજી સાથે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના ગુણ પત્રક (બધા જ વર્ષો/સેમેસ્ટર) અને પદવી પ્રમાણપત્રોની સ્વયં પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. કોલેજના આચાર્ય દ્વારા અપાયેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહી.

(૪) શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવાર નો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહી.

(૫) જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે તેવી જોગવાઇ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ઉમેદવાર ધરાવે છે તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.

૬ **અનુભવ:-**

(૧) માંગેલ અનુભવ, અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(૨) (ક) જાહેરાતમાં અન્યથા જોગવાઇ કરવામાં ન આવી હોય તો જરૂરી લાયકાતો મેળવવામાં આવે તે તારીખથી,

(ખ) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના સંદર્ભમાં અનુભવ ગણવામાં આવશે.

(3) ઉમેદવારે અરજીપત્રકમાં મેળવેલ સમગ્ર સમયગાળાના અનુભવ માટે અલગ- અલગ ઉલ્લેખ કરવાને બદલે માત્ર સમયગાળો દર્શાવાનો રહે તથા ઉમેદવારે અરજીપત્રકમાં જેટલા સમયગાળા માટે અનુભવ દર્શાવેલ હોય તેટલા સમયગાળાના અનુભવના (જો એક કરતા વધુ અનુભવ દર્શાવેલ હોય તો તમામ અનુભવોના પ્રમાણપત્ર) આયોગ દ્વારા નિયત કરેલા નમુના (https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/IN-EXPFORMAT-240523.pdf) મુજબનું જ સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. એ સિવાયના અન્ય નમૂનાનું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ. આમ છતાં આ બાબતે આયોગનો નિર્ણય આખરી ગણાશે.

(૪) ઉમેદવારે રજૂ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજૂ કરવામાં આવશે નહિ, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર / વિગતોના આધારે આયોગ નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.

(૫) અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, આર્ટીકલશીપ, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન્ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી) તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ અનુભવ (ઉ.દા. Ph.D. દરમિયાન મેળવેલ સંશોધનનો અનુભવ, Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહી.

૭ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ :-

(૧) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(3) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

(૪) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમૂનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ અરજી સાથે અચૂક સામેલ કરવાની રહેશે. અરજીપત્રક સાથે જાતિ પ્રમાણપત્રની નકલ સામેલ નહીં હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને અરજીપત્રક રદ થવાને પાત્ર બનશે.

(૫) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૬)(અ) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ:૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી

નમૂના 'પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા.૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના 'પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૬)(બ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક: સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર-Non Creamy Layer Certificate'ની મહત્તમ અવધિ (Validity) ઈસ્યુ થયા-વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇસ્યુ થયેલુ હશે, તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

(૬)(ક) ઉમેદવારે ઓનલાઈન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર' ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ અરજી સાથે જોડવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઈ ભૂલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઈન અરજીમાં જણાવેલ તારીખનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

(૬)(ડ) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબંધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે. ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહિં કરીને કોઈપણ વિગતો છૂપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ્દ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. આર્થિક રીતે નબળાં વર્ગોનાં ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજી)માં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળાં વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સંબંધિત જાહેરાત માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇશ્યુ કરાયેલ હોવું જોઈએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમિયાન ઇશ્યુ થયેલ હશે, તો જ માન્ય ગણવામાં આવશે. અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહીં. આ સંદર્ભે ગુજરાત સરકાર સિવાયના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામા આવશે નહીં.

(૮) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૯) ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.

જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહિ.

૮ માજી સૈનિક

(૧) માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો આપવાની રહેશે.

(૨) સામાન્ય વહીવટ વિભાગના તા:૨૪/૦૧/૨૦૨૪ના ઠરાવ ક્રમાંક:GAD/ERE/e-file/1/2023/5258/G.2ની જોગવાઇ મુજબ અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય, તેવા માજી સૈનિક છેલ્લા એક વર્ષ દરમ્યાન આયોગ દ્વારા આયોજીત તમામ સીધી ભરતી તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની જગ્યાઓ પર ઉમેદવારી કરી શકશે.

(૩) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ અરજીપત્રક સાથે અચૂક મોકલવાની રહેશે. જાહેરાતની અરજી કરવાની છેલ્લી તારીખથી માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે અચૂક રજૂ કરવાનું રહેશે.

(૪) માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની છેલ્લા વર્ષની બાકી રહેલ સેવા/ શરતો પરિપૂર્ણ થયા બાદ સબંધિત નવી સેવામાં હાજર થવાનું રહેશે.

(૫) સામાન્ય વહીવટ વિભાગના તારીખ:૦૯/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:આરઇએસ-૧૦૮૫૩૪૩૩-ગ-૨ જોગવાઇ મુજબ માજી સૈનિકોને અરજીપત્રકની કિંમત, અરજી ફી અને પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે.

૯ દિવ્યાંગ ઉમેદવારો

(ક) દિવ્યાંગ ઉમેદવારોએ અરજીપત્રકમાં તેમની દિવ્યાંગતા સંબંધે સ્પષ્ટ વિગતો દર્શાવવાની રહેશે.

(ખ) દિવ્યાંગતા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારને જ દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે. દિવ્યાંગ અનામતનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે નીચે દર્શાવેલ ખંડ (૧) થી (૫) પૈકી કઇ દિવ્યાંગતા છે તે સ્પષ્ટ દર્શાવવાનું રહેશે:

(૧) અંધત્વ અથવા ઓછી દ્રષ્ટિ,

(૨) બધિર અને ઓછું સાંભળનાર,

(૩) મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રક્તપિત્તમાંથી સાજા થયેલ, વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ,

(૪) સ્વલીનતા (Autism), બૌદ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બિમારી,

(૫) બહેરાશ-અંધત્વ સહિતની ખંડ (૧) થી (૪) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિ.

(ગ) જાહેરાતમાં દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યા દર્શાવેલ ન હોય, પરંતુ જગ્યાની ફરજોને અનુરૂપ જે પ્રકારની દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને પાત્ર ગણેલ હોય તેઓ તે જાહેરાત માટે અરજી કરી શકશે. આવા પ્રસંગે ઉંમરમાં છૂટછાટ મળશે.

(ઘ) સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તેઓના તા. ૨૯.૦૨.૨૪ ના પરિપત્ર ક્રમાંક:GAD/PHA/e-file/1/2023/8017/G2-Sectionની જોગવાઈ મુજબ દિવ્યાંગ ઉમેદવારે તેના સમર્થનમાં તા.૧.૧૨.૦૮ ના ઠરાવથી નિયત થયેલ પ્રમાણપત્રના બદલે આ સંબંધે ભારત સરકારની વખતોવખતની સૂચના/ જોગવાઈ તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ/ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા નિયત થયેલ સૂચનાનુસારનું દિવ્યાંગતા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જો પ્રમાણપત્રની નકલ રજૂ કરવામાં નહીં આવેલ હોય તો તે પાછળથી સ્વીકારવામાં આવશે નહીં અને દિવ્યાંગ અનામતનો લાભ મળવાપાત્ર થશે નહીં.

**૧૦** મહિલા ઉમેદવાર

મહિલાઓની અનામત જગ્યાઓ માટે જો યોગ્ય મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહીં થાય તો તે જગ્યા જે તે કક્ષાના (category) પુરુષ ઉમેદવારોને ફાળવી શકાશે.

**૧૧** વિધવા ઉમેદવાર

(૧) ઉમેદવાર વિધવા હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અવશ્ય લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૨) વિધવા ઉમેદવારે જો પુન: લગ્ન કરેલ હોય તો અરજી પત્રકમાં તે કોલમ સામે "હા" અચૂક લખવું અન્યથા "લાગુ પડતું નથી" એમ દર્શાવવું.

(૩) વિધવા ઉમેદવારે પુન: લગ્ન કરેલ ન હોય અને વિધવા ઉમેદવાર તરીકે લાભ મેળવવા ઇચ્છતા હોય તો અરજી સાથે પુન: લગ્ન કરેલ નથી તેવી એફિડેવિટ રજૂ કરવાની રહેશે.

(૪) વિધવા ઉમેદવારને સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ તેઓએ મેળવેલ ગુણમાં પાંચ ટકા ગુણ ઉમેરવામાં આવશે.

(૫) કોઇ મહિલા ઉમેદવાર જાહેરાત માટે અરજી કરે તે સમયે "વિધવા" ન હોય, પરંતુ અરજી કર્યા બાદ અથવા જાહેરાત પ્રસિધ્ધ થયાની છેલ્લી તારીખ વીતી ગયા બાદ અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે "વિધવા" બને અને તે અંગે જરૂરી દસ્તાવેજી પૂરાવાઓ રજૂ કરે તો તેની રજૂઆત મળ્યા તારીખ પછીના ભરતી પ્રક્રિયાના જે પણ તબક્કા બાકી હોય તે તબક્કાથી જ તેવા મહિલા ઉમેદવારોને "વિધવા મહિલા ઉમેદવાર" તરીકેના લાભ આપવામાં આવશે.

જો ઉમેદવારનો સમાવેશ માજી સૈનિક, શારીરિક અશક્તતા, મહિલા કે વિધવા પૈકીના વિકલ્પો પૈકી એક થી વધુ વિકલ્પોમાં થતો હોય તેવા કિસ્સામાં તેને લાગુ પડતા વિકલ્પો પૈકી જેમાં વધુ લાભ મળવાપાત્ર હશે તે મળશે.

**૧૨** **ના વાંધા પ્રમાણપત્ર:-**

(૧) ગુજરાત સરકારના સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકના કોર્પોરેશન /કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/ કર્મચારીઓ આયોગની જાહેરાતના સંદર્ભમાં બારોબાર અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ ખાતા/ કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચૂક કરવાની રહેશે. જો ઉમેદવારના નિયોક્તા તરફથી અરજી મોકલવાની છેલ્લી તારીખ બાદ ૩૦ દિવસમાં અરજી કરવાની પરવાનગી નહીં આપવાની જાણ કરવામાં આવશે તો તેઓની અરજી નામંજુર કરી ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) કેન્દ્ર સરકાર, અન્ય કોઇ પણ રાજ્ય સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local self - Government Institutions), સહકારી સંસ્થાઓ (Co-Operative Institutions/bodies) તથા ખેત ઉત્પન્ન બજાર સમિતિ (Agricultural Produce Market Committee)ની નોકરીમાં હોય તેવા ઉમેદવારે આ અરજી સાથે નિમણૂંક અધિકારીનું ના વાંધા પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) રૂબરૂ મુલાકાત સમયે ઉમેદવારે સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ના વાંધા પ્રમાણપત્ર અસલમાં રજૂ કરવાનું રહેશે.

**૧૩** **ગેરલાયક ઉમેદવાર :-**

ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/ અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય તો તેની વિગત અરજીપત્રકમાં આપવાની રહેશે. જો ઉમેદવારનો ગેરલાયકનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની અરજી રદ થવાને પાત્ર બનશે.

**૧૪** **ફરજિયાત નિવૃત્તિ, રુખસદ, બરતરફ :-**

અગાઉ ઉમેદવારને સરકારી સેવા/ સરકાર હસ્તકની કંપની કે બોર્ડ કોર્પોરેશનમાંથી ક્યારેય પણ ફરજિયાત નિવૃત્તિ, રૂખસદ કે બરતરફ કરવામાં આવેલ હોય તો અરજીપત્રકમાં તેની વિગત આપવાની રહેશે.

**૧૫** **રજીસ્ટ્રેશન :-**

તબીબી/ દંત વિજ્ઞાન/ પશુ ચિકિત્સા/ કાયદાની અથવા અન્ય જગ્યા માટેના કિસ્સામાં કે જેમાં રજીસ્ટ્રેશન જરૂરી હોય ત્યાં ઉમેદવારે રજીસ્ટ્રેશન પ્રમાણપત્રની નકલ રજૂ કરવાની રહેશે અને સંબંધિત સંવર્ગોના ભરતી નિયમોની જોગવાઇ અનુસાર રજીસ્ટ્રેશન જે તે સંસ્થા ખાતે ચાલુ છે તેવુ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**૧૬** **અગત્યની જોગવાઇઓ :-**

**(અ) સીધી પસંદગીથી ભરતી**

(૧) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે પ્રથમ પ્રાથમિક કસોટી યોજવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારો પાસેથી અરજી પત્રક અને જરૂરી દસ્તાવેજો/ પ્રમાણપત્રો મગાવવામાં આવશે. પાત્ર ઉમેદવારો પૈકી, પ્રાથમિક કસોટીના પરિણામના ગુણ પ્રમાણે, આયોગે નિર્ધારીત કરેલ માપદંડ મુજબના ઉમેદવારોને રૂબરુ મુલાકાત માટે બોલાવવામાં આવશે. આ કસોટીનું માધ્યમ આયોગ નિયત કરે તે મુજબ ગુજરાતી અથવા અંગ્રેજી રહેશે. પ્રાથમિક કસોટી સામાન્યત: ગાંધીનગર/અમદાવાદ ખાતે લેવામાં આવશે અને ઉમેદવારોએ સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે. પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણના આધારે આખરી પસંદગી કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવવા ફરજિયાત છે. એટલે કે જે કોઈ ઉમેદવાર પ્રાથમિક કસોટીમાં આયોગે નિયત કરેલ લઘુત્તમ લાયકી ધોરણ મુજબના ગુણ મેળવી શકશે નહિ તો રૂબરૂ મુલાકાત માટે પાત્રતા નક્કી કરવા, અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની યાદી માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૩) સીધી પસંદગીથી ભરતી અન્વયેની આયોગની કોઈ જાહેરાત માટેની પ્રાથમિક કસોટીમાં જો એક થી વધુ પ્રશ્નપત્રો હશે, તો ઉમેદવારે પ્રાથમિક કસોટીના તમામ પ્રશ્નપત્રોમાં ફરજિયાતપણે ઉપસ્થિત થવાનું રહેશે. જો ઉમેદવાર કોઈ એક કે તેથી વધુ પ્રશ્નપત્રોમાં ઉપસ્થિત ન રહે, તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(બ) સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી

સ્પર્ધાત્મક પરીક્ષાથી ભરતી અન્વયેની આયોગની જાહેરાત માટે સંબંધિત સંવર્ગના પરીક્ષા નિયમોની જોગવાઈ અનુસાર આયોગ દ્વારા ભરતી પ્રક્રિયા અન્વયેની કાર્યવાહી કરવામાં આવશે.

## ૧૭ રૂબરૂ મુલાકાત:-

(૧) રૂબરૂ મુલાકાત આયોગ ભવન ખાતે જ લેવામાં આવશે. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે રૂબરૂ મુલાકાત માટે પાત્ર થતા ઉમેદવારે રૂબરૂ મુલાકાત માટે પોતાના ખર્ચે અને ફરજીયાત પણે ઉપસ્થિત થવાનું રહેશે. તેમજ જે ભરતી પ્રસંગો અન્વયે શારીરિક ક્ષમતા કસોટી અને/ અથવા શારીરિક માપદંડ ચકાસણીની જોગવાઇ છે, તેવા તમામ તબક્કે ઉમેદવારે ફરજીયાત પણે ઉપસ્થિત રહેવાનું રહેશે. જો ઉમેદવાર ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબક્કે ગેરહાજર રહેશે તો તેમની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૨) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિના ઉમેદવારો તથા કોઇ આવકનુ સાધન નથી તેવા ઉમેદવારો કે જેઓના માતા-પિતાની વાર્ષિક આવક આવકવેરાને પાત્ર ન હોય તેઓને તેમના રહેઠાણના સ્થળેથી રૂબરૂ મુલાકાત માટે આવવા તથા જવા માટે ગુજરાત એસ.ટી. નિગમ દ્વારા નિયત થયેલ ટિકિટના દર પ્રમાણે બસ ભાડું મળવાપાત્ર થશે. આ માટે ઉમેદવારે રૂબરૂ મુલાકાતના દિવસે નિયત ફોર્મ ભરવાનુ રહેશે અને તેની સાથે અસલ ટિકિટ રજૂ કરવાની રહેશે.

(૩) રૂબરૂ મુલાકાતના દિવસે રૂબરૂ મુલાકાતના પત્રમાં દર્શાવવામાં આવેલ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે તથા આ પ્રમાણપત્રોની સ્વયંપ્રમાણિત નકલો (Self-Attested Copies) અને બારકોડ વાળા અરજીપત્રકની નકલ પણ આયોગ ભવનમાં જમા કરાવવાની રહેશે. જો ઉમેદવાર અસલ પ્રમાણપત્ર રજૂ કરશે નહીં તો તેઓ રૂબરૂ મુલાકાત માટે પાત્ર બનશે નહીં તેની ખાસ નોંધ લેવી.

(૪) વર્ગ-૩ના કિસ્સામાં રૂબરૂ મુલાકાત યોજવાની થતી ન હોઈ, વર્ગ-૩ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઈ લાગુ પડશે નહીં.

## ૧૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે. (આ યાદી માત્ર દષ્ટાંત સ્વરૂપે છે જે સંપૂર્ણ નથી)

(૧) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય.

(૨) અરજીમાં ઉમેદવારે સહી અપલોડ કરેલ ન હોય.

(૩) અરજી ફેક્સથી અથવા ઈ-મેઇલ થી મોકલાવેલ હોય.

(૪) અરજીમાં પાસપોર્ટ સાઈઝનો white background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ.

(૫) અનામત કક્ષાના તથા શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ અરજીપત્રક સાથે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૬) માજી સૈનિક ઉમેદવારે ડિસ્ચાર્જ બુકની નકલ રજુ કરેલ ન હોય અથવા માજી સૈનિક તરીકે એક વર્ષની અંદર નિવૃત્ત થનાર હોય તેવા ઉમેદવારોએ "આર્મ્સ ફોર્સ ઓફ ધ યુનિયન"ની સેવામાંથી મળેલ નિવૃત્તિ ઓડર (જે એડવાન્સમાં આવે છે) અથવા તે મુજબનું કમાન્ડીંગ ઓફિસર દ્વારા આપવામાં આવેલ "ના-વાંધા પ્રમાણપત્ર" નિયામક સૈનિક કલ્યાણ/ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની પ્રતિસહી સાથે રજૂ કરેલ ન હોય.

(૭) ઉમેદવારે શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં માર્કશીટ/પદવી પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૮) જન્મ તારીખ માટે એસ.એસ.સી.ઇ. પ્રમાણપત્રની નકલ રજુ કરેલ ન હોય.

(૯) આયોગ દ્વારા નિયત કરેલા નમુના મુજબનું અનુભવનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોય.

(૧૦) તબીબી શિક્ષણ વિષયક જગ્યાની જાહેરાતમાં મેળવેલ પદવી MCI/ DENTAL COUNCIL/CCIM/CCH માન્ય છે, તેવુ યુનિવર્સીટી અથવા કોલેજના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરેલ ન હોય.

**૧૯** નિમણૂક :-

(૧) ઉપરની જાહેરાત સંબંધમાં નિમણૂક માટે પસંદ થયેલા ઉમેદવારની ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન ને આયોગ દ્વારા ભલામણ કરવામાં આવશે. ઉમેદવારોએ આખરી નિમણૂકપત્ર મેળવતાં પહેલાં કોમ્પ્યુટર અંગેની સીસીસી અથવા તેની સમકક્ષ રાજ્ય સરકાર/ ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન વખતોવખત નક્કી કરે તેવી લાયકાત મેળવી લેવાની રહેશે. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.

(૨) નિમણૂક અંગેની સઘળી કાર્યવાહી ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવતી હોવાથી આ અંગેનો કોઇપણ પત્રવ્યવહાર આયોગ ધ્યાને લેશે નહીં.

(૩) ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત/ અનુભવ/ ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણૂક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યવાહીને પાત્ર થશે, જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે, તેમણે રજૂ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઈથી પુર્ણ રીતે ખરાઈ કર્યા બાદ જ આયોગમાં રજૂ કરવા.

**૨૦** ગેરવર્તણૂંક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરૂધ્ધ પગલાં :-

ઉમેદવારોને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇપણ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહી, તેમજ આવશ્યક માહિતી છૂપાવવી નહી, ઉપરાંત તેઓએ રજૂ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇપણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇપણ ચેડાં કરવા નહીં અથવા તેઓએ આવા ચેડાં કરેલ/ બનાવટી દસ્તાવેજો રજૂ કરવા નહી, જો એકજ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇપણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજૂ કરવી. જો કોઇ ઉમેદવાર આયોગ દ્વારા દોષિત જાહેર થયેલ હોય અથવા થાય તો ,

(૧) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ રીતે યોગ્યતા પ્રાપ્ત કરવા

(૨) નામ બદલીને પરીક્ષા આપવી,

(૩) કોઇ અન્ય વ્યક્તિ દ્વારા છળ કપટથી કામ પુર્ણ કરાવ્યુ હોય,

(૪) બનાવટી દસ્તાવેજ રજૂ કર્યા હોય, દસ્તાવેજો ઓનલાઈન અપલોડ કરતી વખતે Scanning માં કોઈ ચેડા કરેલ હોય,

(૫) અગત્યની બાબત છુપાવવા અથવા દોષમુકત અથવા ખોટા નિવેદનો કરેલ હોય,

(૬) તેઓની ઉમેદવારી અંગે કોઇપણ અનિયમિત કે અનુચિત ઉપાયોનો સહારો લીધો હોય,

(૭) કસોટી સમયે કોઇ અનુચિત સાધનોનો ઉપયોગ કર્યો હોય,

(૮) ઉત્તરવહીમાં અશ્લીલ ભાષા કે અશિષ્ટ બાબતો સહિતની અસંગત બાબતો રજૂ કરેલ હોય,

(૯) પરીક્ષા ખંડમાં કોઇપણ રીતની ગેરવર્તણૂક આચરવી, જેવી કે અન્ય ઉમેદવારની જવાબવહીની નકલ કરવી, પુસ્તક, ગાઇડ, કાપલી તેવા કોઇપણ છાપેલ કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા કે કોઇ સાંકેતિક રીતે નકલ કરવા કે અન્ય ઉમેદવારોને નકલ કરાવવાની કે બિનઅધિકૃત સાહિત્ય/ મોબાઈલ/ ઈલેકટ્રોનિક ઉપકરણો/ અન્ય પ્રતિબંધિત ઉપકરણો વર્ગખંડમાં સાથે રાખવાની ગેરરિતીઓ પૈકી કોઇ પણ ગેરરિતી આચરવા માટે,

(૧૦) આયોગ દ્વારા પરીક્ષાની કામગીરી અંગે નિયુકત થયેલા કર્મચારીઓને પજવણી કરવી, કોઇપણ પ્રકારની શારીરિક ઇજા પહોંચાડવી અથવા

(૧૧) ઉપરોકત જોગવાઇઓમાં ઉલ્લેખાયેલ દરેક અથવા કોઇપણ કૃત્ય કરવા કે કરાવવા પ્રયત્ન કર્યો હોય તેણે કે સીધી અથવા આડકતરી રીતે આયોગ પર દબાણ લાવનાર ઉમેદવાર નીચે દર્શાવેલ શિક્ષા ઉપરાંત આપોઆપ ફોજદારી કાર્યવાહીને પાત્ર બનશે.

(ક) આયોગ દ્વારા તે પસંદગીના ઉમેદવાર તરીકે ગેરલાયક ઠરાવી શકાશે, અને/અથવા

(ખ) તેને આયોગ લે તેવી કોઇપણ પરીક્ષા કે કોઇપણ રૂબરૂ મુલાકાત માટે કાયમી કે મુકરર મુદત માટે

(૧) આયોગ દ્વારા લેવાનાર કોઇપણ પરીક્ષા કે પસંદગી માટે, અને

(૨) રાજય સરકાર હેઠળની કોઇપણ નોકરીમાંથી સરકાર દ્વારા ગેરલાયક ઠરાવી શકાશે અને

(ગ) જો સરકારી સેવામાં અગાઉથી જ હોય તો તેના વિરૂધ્ધ સમુચિત નિયમો અનુસાર શિસ્તભંગના પગલાં લઇ શકાશે.

(૧૨) ઉપરોકત વિગતોમાં નિર્દિષ્ટ કરેલ શિક્ષા કરતા પહેલા આયોગ/ સરકાર દ્વારા ઉમેદવારને/ કર્મચારીને

(૧) આરોપનામામાં તેમની સામેના સ્પષ્ટ આરોપો અથવા કેસના પ્રકાર બાબતે,

(૨) લેખિતમાં શિક્ષા અંગે બચાવનામું-હકીકત રજૂ કરવા અને

(૩) શિક્ષા અંગે નિયત સમય મર્યાદામાં રૂબરૂ રજૂઆત કરવાની તક આપવામાં આવશે.

૨૧ રમતગમત :-

એથલેટિકસ (ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફૂટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટિંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમનેસ્ટિક, જુડો, રાઈફલશુટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલની રમતો-ખેલકૂદમાં રાષ્ટ્રીય/આંતરરાષ્ટ્રીય અથવા આંતર યુનિવર્સિટી અથવા અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા આપવા માટે તેમને મેળવેલ ગુણની કુલ સંખ્યાના ૫(પાંચ) ટકાથી વધુ નહીં એટલા ગુણ ઉમેરી આપવામાં આવશે. આ માટે ઉમેદવારે સરકારે નક્કી કરેલ સત્તાધિકારી પાસેથી નિયત કરેલ નમૂનામાં જરૂરી પ્રમાણપત્ર આયોગ માંગે ત્યારે રજૂ કરવાનું રહેશે.

સંયુક્ત સચિવ
ગુજરાત જાહેર સેવા આયોગ

## ઓનલાઈન અરજી કરવાની પધ્ધતિ :-

આ જાહેરાત સંદર્ભમાં આયોગ દ્વારા ઓનલાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર ૧૨/૦૮/૨૦૨૪, ૧૩:૦૦ કલાક થી તારીખ–૩૧/૦૮/૨૦૨૪, ૨૩:૫૯ કલાક સુધીમાં https://gpsc-ojas.gujarat.gov.in પર ઓનલાઇન અરજી ભરી શકશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના (૧) થી (૧૫) Steps અનુસરવાના રહેશે.

**અગત્યની નોંધ:**

GPSC-OJAS પરનું ઓનલાઈન અરજી ફોર્મ એક જ પેજનું છે જેમાં તમામ વિગતોનો સમાવેશ થાય છે. ઉમેદવારોએ પોતાનો ફોટોગ્રાફ અને સહી આમાંજ અપલોડ કરવાની રહે છે. એકવાર એપ્લિકેશનને SUBMIT/SAVE કર્યા બાદ આપને આપની કરેલ અરજીનો અરજી ક્રમ (APPLICATION NUMBER) અને કન્ફર્મેશન નંબર (CONFIRMATION NUMBER) અને આપનો ફોટો તરત જ સ્ક્રીન પર દેખાશે જેની ઉમેદવાર દ્વારા ચકાસણી કરી લેવાની રહેશે.

(૧) સૌ પ્રથમ https://gpsc-ojas.gujarat.gov.in પર જવું.

(૨) આ સાઈટ્નાં Menu Bar પર "Online Application" વિકલ્પ પર ક્લિક કરતા "Apply" નો વિકલ્પ દેખાશે ત્યાં ક્લિક કરતા જ આપને હાલમાં ચાલતી જાહેરાતોની વિગત દર્શાવવામાં આવશે તથા તે જાહેરાતની વિગતવાર જાહેરાત જોવા માટે "DETAILS" બટન પર ક્લિક કરવું, વિગતવાર જાહેરાત વાંચીને ઉમેદવારે ઓનલાઈન અરજી કરવી. ઉમેદવારે પોતાની પસંદગી વાળી જાહેરાતની સામેના "Apply" બટન પર ક્લિક કરતા જ, તે જાહેરાત માટેનો સારાંશ દેખાશે અને તે વાચ્યા પછી ઉમેદવાર "Apply Now" બટન પર ક્લિક કરતા, તેઓને રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) તથા જન્મ તારીખ નાખી "Apply" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરવા માટેનો વિકલ્પ આપેલ છે તથા રજીસ્ટ્રેશન નંબર (ONE TIME REGISTRATION) વગર ઓનલાઈન અરજી કરવા માટે "SKIP" બટન પર ક્લિક કરીને ઓનલાઈન અરજી કરી શકાશે. (વધુ વિગતે સૂચનાઓ જોવા માટે આપેલ લિંક પર ક્લિક કરવું https://gpsc.gujarat.gov.in/Documents/AdvertismentDocument/2019-7-15_694.pdf )

Application Format માં સૌ પ્રથમ "Personal Details (ઉમેદવારની માહિતી)" ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.) "Personal Details" (ઉમેદવારની માહિતી)" માં ઉમેદવારે પોતાની અટક, નામ, પિતાનું નામ, માતાનું નામ, જેન્ડર, જન્મ તારીખ, જાતિ વગેરેની માહિતી આપવાની રહે છે.

જો ઉમેદવારે પોતાની અટક ન લખવાની હોય તો તે "NOT APPLICABLE" અથવા "NA" અથવા "NO SURNAME" એવું લખી શકે છે. વધુમાં અરજી ભરતી વખતે કૃપા કરીને "સરનામાં" સિવાયની વિગતોમાં કોઈપણ વિશિષ્ટ અક્ષરોનો ઉપયોગ કરવો નહીં. દા.ત. < % < > ' ( ) & + - ; ! > , . - * વગેરે.

(3) Personal Details ભરાયા બાદ "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" જેમાં ઉમેદવારોએ પોતાનું હાલનું અને કાયમી રહેઠાણનું સરનામું, મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈ.ડીની માહિતી આપવાની રહે છે. જો કોઈ વિગત બે વાર નાખવાનું જણાવેલ હોય તો તે ફરીથી ટાઈપ કરવાની રહેશે.

(૪) "Communication Details (સંદેશાવ્યવહારની માહિતી)" ભરાયા બાદ "Other Details" (અન્ય વિગતો)"માં ઉમેદવારે પોતાને લાગુ પડતી સ્પોર્ટસની (રમતગમતની) વિગતો, દિવ્યાંગતા, લહિયા માટેની સુવિધા મેળવવા

બાબત, વિધવા, માજી સૈનિક, રાજય સરકારમાં સેવા બાબતે કે કોઈ પણ આયોગ કે પસંદગી મંડળ માંથી પરીક્ષા આપવા માટે ડિ-બાર્ડ થયેલ છો કે કેમ? વિગતો ભરવી.

(૫) "Other Details (અન્ય વિગતો)" ભરાયા બાદ "Language Details (ભાષાની માહિતી)" માં ઉમેદવારે પોતાને આવડતી ભાષાઓ બાબતેની વિગત ટીક કરવી.

(૬) "Language Details (ભાષાની માહિતી)" ભરાયા બાદ "Upload Photograph (ફોટો અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા અને ઓળખી શકાય તથા સ્વીકાર્ય હોય એવો પાસપોર્ટ સાઈઝનો White Background વાળો તથા ફોટો પડાવ્યાની તારીખ સાથેનો અને ૦૫ સે.મી. લંબાઈ X ૩.૬ સે.મી. પહોળાઈનો ફોટો અપલોડ કરવાનો રહેશે. આ  તારીખ અરજી કરવાની છેલ્લી તારીખ થી ૦૧(એક) વર્ષ પહેલાની ન હોવી જોઈએ. (ફોટાનું માપ ૫ સે.મી. ઊંચાઇ અને ૩.૬ સે.મી પહોળાઈ અને signature નું માપ ૨.૫ સે.મી. ઊંચાઇ અને ૭.૫ સે.મી પહોળાઈ રાખવી) (Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature .jpg Formatમાં (10 KB) સાઇઝ થી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ.) "Choose File" Button પર Click કરો હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં .jpg Format માં તમારો photo store થયેલ છે તે ફાઇલને ત્યાંથી Select કરો અને "Open" Button ને click કરો. હવે "Choose File" Button ની નીચે "Upload " Button પર Click કરો હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.

(૭) "Upload Photograph (ફોટો અપલોડ કરો)" ભરાયા બાદ "Upload Signature (સહી અપલોડ કરો)" માં ઉમેદવારે પોતાનો સારી ગુણવત્તા-ઓળખી શકાય તેવી અને સ્વીકાર્ય એવી સફેદ કાગળ ઉપર કાળા/બ્લ્યુ કલરમાં સહી કરીને તેને સ્કેન કરીને JPG ફોર્મેટમાં ૨.૫ સે.મી. લંબાઈ X ૭.૫ સે.મી. પહોળાઈની માપમાં સહી અપલોડ કરવાની રહે છે.

(૮) "Upload Signature (સહી અપલોડ કરો)" ભરાયા બાદ "Education Details (શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે.

(૯) "Education Details (શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" માં ઉમેદવારે પોતે મેળવેલી શૈક્ષણિક લાયકાતોની વિગતો આપેલ કોષ્ટકમાં વિગતે ભરવાની રહે છે. જે શૈક્ષણિક લાયકાતમાં ટકાવારી ન આપવામાં આવે ત્યાં "શુન્ય" ભરવાની રહેશે. જે શૈક્ષણિક લાયકાતમાં ગ્રેડ ન આપવામાં આવે ત્યાં "NA" Select કરવાનું રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૦) "Essential/Additional Education Details (આવશ્યક/વધારાની શૈક્ષણિક લાયકાત)" ભરાયા બાદ "Experience Details (અનુભવની માહિતી)" માં ઉમેદવારે પોતે નિયત શૈક્ષણિક લાયકાત મેળવ્યા બાદનો તમામ અનુભવ અલગ અલગ દર્શવવાનાં બદલે એકજ ROW માં તમામ અનુભવની વિગતો દર્શાવવાની/ભરવાની રહેશે. એટલે કે જેટલા વર્ષનો અનુભવ હશે તેટલા વર્ષનાં સમયગાળાનો એકસાથે ઉલ્લેખ કરવાનો રહેશે. (લાગું પડતું હોય તો)

(૧૧) "Experience Details (અનુભવની માહિતી)" ભરાયા બાદ "Additional Information (વધારાની માહિતી) માં ઉમેદવારે પોતાની લાગુ પડતી માહિતી ભરવી. (લાગું પડતું હોય તો)

(૧૨) તેની નીચે "Assurance/ Self-Declaration (બાહેંધરી)" તે વાંચીને તેમાં Yes / No પર click કરવું.

(૧૩) હવે save પર "Click" કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application અને Confirmation Number બન્ને generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાના રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં આયોગ સાથેના કોઈ પણ પત્ર વ્યવહારમાં આ બન્ને વિગતો દર્શાવવાની રહેશે. Confirm થયેલ અરજીપત્રકની પ્રિન્ટ અચૂક કાઢી રાખવી.

(૧૪) ઓનલાઈન અરજી કર્યા બાદ જો આપની અરજીપત્રકમાં કોઇ સુધારા-વધારા કરવાના હોય તો ઉમેદવારે નવી અરજી કરવી નહી પરંતુ, "Edit" વિકલ્પમાં જઇને તે જાહેરાતનાં છેલ્લા દિવસ સુધીમાં કોઈપણ સમયે સુધારી શકાશે. જાહેરાતનો સમય પૂર્ણ થયા બાદ આ સુવિધા (અરજીમાં કોઈ પણ જાતનો સુધારો કરવા માટે) ઉપલબ્ધ રહેશે નહીં. આથી, અરજદારોને બહુવિધ (એક કરતા વધારે) અરજીઓ ન કરવા વિનંતી કરવામાં આવે છે.

(૧૫) જાહેરાત સંબધિત અપડેટ ઉમેદવારોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર અને/અથવા ઇ-મેલ પર મોકલવામાં આવતી હોય છે. આથી, ઉમેદવારે ઓનલાઇન ફોર્મ ભરતે વખતે પોતાના જ મોબાઇલ નંબર તથા ઇ-મેલ આપવા તથા તે પોતે બે વખત ટાઈપ કરવાનું રહેશે COPY/PASTE નો ઉપયોગ કરવું નહીં.

નોધ:-

One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ માત્ર છે. તે કરવા માત્રથી આયોગની કોઈ જાહેરાતમાં online અરજી કરેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે સંબંધિત જાહેરાત માટે Online અરજી ફરજીયાતપણે કરવાની રહે છે જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

## અરજી ફી ભરવાની પધ્ધતિ:

(૧) બિન અનામત પુરૂષ/મહિલા ઉમેદવારો અરજી ફી નીચેનાં બે વિકલ્પો પૈકી કોઈપણ રીતે ભરી શકે છે:

૧. પોસ્ટ ઓફીસમાં : સામાન્ય કેટેગરીનાં ઉમેદવારે ભરવાની થતી ફી સંદર્ભે "Print Challan" ઉપર ક્લિક કરીને પ્રિન્ટેડ ચલણની નકલ કાઢવાની રહેશે. આ પ્રિન્ટેડ ચલણની નકલ લઈને નજીકની કોમ્પ્યુટરની સુવિધા ધરાવતી પોસ્ટ ઓફીસમાં જવાનું રહેશે. પોસ્ટ ઓફીસમાં રૂ.૧૦૦/- આયોગની ફી + પોસ્ટલ સર્વિસ ચાર્જ ૦૨/૦૯/૨૦૨૪ સુધીમાં ભરવાનાં રહેશે અને ફી ભર્યા અંગેનું ચલણ મેળવવાનું રહેશે. આ ચલણ તથા confirm થયેલ અરજીપત્રક ઉમેદવારે પોતાની પાસે સાચવીને રાખવાનાં રહેશે.

૨. ઓનલાઈન ફી : ઓનલાઈન ફી જમા કરાવવા માટે "Print Challan" પર ક્લિક કરવું અને વિગતો ભરવી અને ત્યાં "Online Payment of Fee" ઉપર ક્લિક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking, Card Payment અથવા Other Payment Mode ના વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપની ફી જમા થઈ ગઈ છે તેવું screen પર લખાયેલું આવશે અને e-receipt મળશે, જેની print કાઢી લેવી.જો કોઈ કારણસર Transaction અધવચ્ચે Fail થાય ત્યારે "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને Transaction ની સ્થિતી જાણીને આનુષાંગિક કાર્યવાહી કરવી.

(૨) મૂળ ગુજરાતના હોય અને રાજ્ય બહાર વસતાં હોય તેવા સામાન્ય કેટેગરીનાં ઉમેદવારો તેમજ ગુજરાત રાજ્ય સિવાયના અને રાજ્ય બહાર વસતાં હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો માટે માત્ર ઓનલાઈન ફી (ઉપરના મુદ્દા ક્ર.૨ મુજબ) પધ્ધતિથી જ ફી સ્વીકારવામાં આવશે.

(૩) ફી ભર્યા વગરની અરજી રદ થવાને પાત્ર છે. ફી ભરેલ નહીં હોય તેવા ઉમેદવારોને કોઈપણ સંજોગોમાં પ્રિલિમિનરી પરીક્ષા /મુખ્ય લેખિત કસોટીમાં બેસવા દેવામાં આવશે નહીં. આ ફી ઉપર દર્શાવ્યા મુજબ પોસ્ટ ઓફીસ/ઓનલાઈન પધ્ધતિ દ્વારા જ સ્વીકારવામાં આવશે. જેની ઉમેદવારોએ ખાસ નોંધ લેવી. પોસ્ટઓફિસ/ઓનલાઇન અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારો પ્રવેશપત્ર ડાઉનલોડ કરી શકશે નહીં. આ ઉમેદવારોએ પ્રાથમિક કસોટી માટે આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામ કાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ.૫૦૦/- રોકડેથી ભરવાના રહેશે અથવા https://gpsc-ojas.gujarat.gov.in માં ->FEES MODULE માં->PROCESSING FEE TO UNBLOCK CALL LETTER માં જઈને, જાહેરાતની પસંદગી કરીને, કન્ફર્મેશન નંબર અને જન્મ તારીખ નાખીને ઓનલાઈન પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- ભરવાના રહેશે. જો કોઈ કારણસર આ પધ્ધતિ થી પ્રોસેસ ચાર્જ ચૂકવ્યા પછી પણ પ્રવેશપત્ર ન નીકળે તો આપે આજ મોડયૂલમાં વિગતો ભરીને "CHECK YOUR PAYMNET STATUS" પર ક્લિક કરીને સ્થિતી જાણી લેવી. ત્યારબાદ જ પ્રવેશપત્ર ડાઉનલોડ કરવાની પરવાનગી આપી શકાશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવી. જે ઉમેદવારોના અરજીપત્રક કન્ફર્મ થયેલ હોય અને સમય મર્યાદામાં અરજી ફી ભરેલ હોય, છતાં પ્રવેશપત્ર ડાઉનલોડ થતો ન હોય અથવા વેબસાઇટ પર "Application Not Found" નો મેસેજ આવતો હોય તેવા ઉમેદવારોને પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં આયોગની કચેરી ખાતે કચેરી સમય દરમ્યાન અરજી કર્યાના પુરાવા સહિત રૂબરૂ સંપર્ક સાધવા જણાવવામાં આવે છે અથવા ps2sec-gpsc-ahd@gujarat.gov.in પર નાણા ભર્યાની પહોંચ સાથે જાહેરાત ક્રમ, કન્ફર્મેશન અને અરજી ક્રમ ની વિગત મોકલવી. તેમજ મુખ્ય લેખિત કસોટી અન્વયે અરજી ફી ભરેલ નથી તેવા બિનઅનામત કક્ષાના ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફી ની જોગવાઈ ન હોઈ, આયોગની કચેરી (સરનામું: એરફોર્સ કચેરીની સામે, છ-૩ સર્કલ પાસે, 'છ' રોડ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર) ખાતે પરીક્ષાના આગલા કામકાજના દિવસ સુધીમાં કચેરી સમય દરમ્યાન રૂબરૂમાં આવી પ્રોસેસ ચાર્જ રૂ. ૫૦૦/- રોકડેથી ભરીને આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે.

(૪) ઉમેદવારોએ પ્રિલિમિનરી પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે અલગ અલગ ફી ભરવાની રહેશે. જે પૈકી હાલ પુરતું પ્રિલિમિનરી પરીક્ષા માટે જ પરીક્ષા ફી ભરવાની રહેશે.

(૫) અનામત કક્ષાના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરે તો તેઓએ અરજી ફી ભરવાની રહેશે નહીં પરંતુ પોતે અનામત કક્ષાના ઉમેદવાર હોવા માટેનો જરૂરી પૂરાવો આપવાનો રહેશે.

(૬) મૂળ ગુજરાતના અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારો તથા દિવ્યાંગ ઉમેદવારો અને માજી સૈનિકોએ અરજી ફી ભરવાની રહેતી નથી.

(૭) આયોગને અરજી કર્યા પછી ફી પરત કરવા અંગેની વિનંતી સ્વીકારવામાં આવશે નહિ અથવા એ ફી બીજી કોઈ પરીક્ષા કે પસંદગી માટે અનામત તરીકે રાખવામાં આવશે નહિ.